પરમ પૂજ્યપાદ સિદ્ધાન્ત મહોદધિ, કર્મ-સાહિત્ય નિષ્ણાત, ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના શિષ્ય-રત્ન પરમ પૂજ્ય ગુરુદેવશ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સા. ની પ્રેરણાથી રાજસ્થાન-પાડીવ નિવાસી શાહ નવલમલ પાનાચંદ તથા સ્વર્ગીય રત્નકુક્ષી શ્રીમતી ગંગાબેનના સુપુત્ર પ્રતાપચંદે કરેલ વર્ષીતપની આરાધનાર્થે વિ. સં. ૨૦૩૬ ના અક્ષયતૃતીયાના પારણા પ્રસંગે વર્ષીતપ કરનાર પુણ્યાત્માઓની અનુમોદનાર્થે સાદર સમર્પણ.

લિ.

નવલમલ ગુલાબચંદ

સુરેન્દ્ર, અશ્વિન, વિકાસ, તથા બાદલ




ફર્મ

શા. નવલમલ ગુલાબચંદ એન્ડ કું

૨૩/૨૫, ત્રીજી અગીઆરીલેન, મુંબઈ-૩






સ્વરક્ષાથી સર્વરક્ષા

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

પ્રકાશક :
કમલ પ્રકાશન ટ્રસ્ટ
૫૦૮૨/૩, બીજે માળે,
યાજ્ઞિક ઇન્સ્ટિટ્યૂટ સામે,
રતનપોળના નાકે,
ગાંધી રોડ, અમદાવાદ-૧
ફોન : ૩૮૫૭૨૩




લેખક-પરિચય :
સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી



પ્રથમ સંસ્કરણ નકલ ૨,૦૦૦
વિ. સં. ૨૦૩૩, તા. ૫-૧-'૭૭
દ્વિતીય સંસ્કરણ : નકલ : ૨,૦૦૦
વિ. સં. ૨૦૩૬, તા. ૨૦-૧-'૮૦





મુદ્રક :
જયન્તિલાલ મણિલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

જયઉ સવ્વણુસાસણં

બે બોલ

અંતસ્તલમાં સતત વહી જતી ઊની ઊની વ્યથાએ જ આ પુસ્તકના ચિંતનનો ફાલ તૈયાર કરી આપ્યો છે.

એક વાત સચોટપણે હૃદયમાં જડાઈ ગઈ છે કે સ્વ-પરને લગતી કોઈ પણ શુભ પ્રવૃત્તિની સફળતા પરમેષ્ઠિની શરણાગત સાધ્ય વિના સંભવિત જ નથી. સઘળા પ્રશ્નોનો આ એક જ ઉત્તર જણાય છે; સઘળી સમસ્યાનો આ જ ઉકેલ દેખાય છે; સઘળી મથામણોનો આમાં જ વિરામ લાગે છે.

સઘળા ય ઝંઝાવાતોના આ લાધ્યા છે; શેષઃ અશેષ...

કે ચરણ-શરણ વિના બધું નકામું.

કે ચરણ-શરણ વિના ક્યાંય આગળ વધી ન શકાય.

કે ચરણ-શરણ જ સર્વના કલ્યાણનું ઉદ્‌ગમસ્થાન છે.

એમાંથી જે સુક્ષ્મનું વિશુદ્ધ બળ ઉદ્ભવે; પુણ્યનું સાન્નિધ્ય સાંપડે એ જ બધા પ્રશ્નોનો ઉકેલ લાવે.

આમાં સ્વરક્ષા નિશ્ચિત બની જાય છે. એ સ્વરક્ષા જ શુદ્ધિ અને પુષ્ટિના માધ્યમો દ્વારા સર્વરક્ષામાં પરિણમવા લાગે છે.

જીવન આખાયની-પ્રસ્તાવના રૂપ આ પુસ્તકની આથી વધુ તો શી પ્રસ્તાવના કરવી એ જ સમજાતું નથી.

મુ. ખાપર [મહારાષ્ટ્ર]
વિ. સં. ૨૦૩૩, માગસર વદ-૯
વીરસં. ૨૫૦૩, તા. ૧૩/૧૨/૭૬

લિ.
ગુરુપાદ પદ્માંરવિન્દ
મુનિ ચન્દ્રશેખરવિજયજી

અનુક્રમ



तांस्तानापरमेश्वरादपि परान्, भावैः प्रसादं नयन् ।
तैस्तैस्तत्तदुपायमूढ ! भगवन् ! आत्मन् ! किमायास्यसि ॥
हन्तात्मानमपि प्रसादय मनाग् येनासतां सम्पदः ।
साम्राज्य परमेऽपि तेजसि तव प्राज्यं समुज्जृम्भते ॥
—योगशास्त्र



રે! જગતના જીવોને તો ઠીક પણ; પરાયા ભાવોના સ્વામિત્વ ખાતર પ્રભુને ય રીઝવી દેવાના તે તે મૂઢ પ્રયત્નોમાં હે આત્મા! શું કરવા નાહક લાગી પડયો છે?

આના કરતાં તો તું તને જ થોડોક પ્રસન્ન કરી દે ને? [જિનાજ્ઞાઓનું અભિશુદ્ધ પાલન કરવા દ્વારાસ્તો] પછી...આ જગતની ભૌતિક સમ્પત્તિઓનો તો શું? પણ તારામાં જ છુપાયેલા તેજોમય સામ્રાજ્યનો તું માલિક બની જઈશ!

ઝગમગતું સર્વજ્ઞ-શાસન

[૧]

'ઓ, કૃપાલુ ભગવન્ ! આપ સર્વજ્ઞ છો' એ અકાટ્ય સત્યનો નિર્ણય કરવા માટે અમારે શાસ્ત્રોના સાગરમાં ક્યાંય ઊંડે ડૂબકી મારવાની જરૂર નથી. આપે જે ષડ્જીવનિકાય [પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય]નું જે સ્વરૂપ વર્ણવ્યું છે; એનું જે વિભાગીકરણ કર્યું છે એ નિરૂપાય જ આપની સર્વજ્ઞતાને સાબિત કરી દેવા માટે પર્યાપ્ત થઈ પડે છે.

" જે ચિંતન-પથ ઉપર બીજાઓ ડગ પણ માંડી શક્યાં નથી; ત્યાં ડગ માંડવાની ના-હિંમત અને ના-શક્તિના કારણે તો ગૌતમબુધ્ધે કહી દીધું કે, "અધ્યાત્મના ક્ષેત્રમાં જીવડા ગણવાની પંચાતમાં પડવું જ શા માટે જોઈએ ? અને...એ તો જ્ઞાતપુત્ર (મહાવીરદેવ) જ સારી રીતે સમજી શકે છે,"—એવા સર્વને અગમ અને અગોચર પથ ઉપર કોઈ પણ પ્રયોગશાળા વિના કે પ્રયોગ વિના આપ જ સડસડાટ ચાલી ગયા; આપનાં એ તમામ નિરૂપણો આજે પણ વિજ્ઞાનની કસોટી ઉપર પાર ઊતરી રહ્યાં છે.

પ્રભો ! પ્રભો ! આ જ આપની સર્વજ્ઞતા ! આ માટે અમારે હવે બીજા કોઈ પુરાવાની જરૂર જ નથી.

આપની કૃપાનો પ્રસાદ પામેલા અમારે મન તો આ જીવન મોટો મહોત્સવ જ બની ગયું છે !"

આ છે; તર્કશિરોમણિ, કવિવર સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજા સાહેબના દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકાના તેરમા શ્લોકના ઉદ્‌ગારો.

"અને......પરમાત્માના જ્ઞાનામૃતને પામીને મુગ્ધ બની ગયેલા પેલા સૂરિપુરંદર આચાર્ય હરિભદ્રસૂરિજી ! જેણે પરમાત્માની હાંસી ઉડાડવામાં જરા ય પાછી પાની કરી નથી એ ભૂતપૂર્વ હરિભદ્ર પુરોહિત કહે છે, "ઓ, દેવાધિદેવ ! આપનું આગમ વચન મને ન મળ્યું હોત તો દુઃષમાકાળના અંધકારમય જગતમાં અલગારી બનીને ટીચાતા, કુટાતા અનાથ એવા, મારું શું થાત ? એની કલ્પના કરતાં ય ધ્રૂજી ઊઠું છું."

પેલો બાપડો શાકયમતાનુયાયી ગોવિંદ પંડિત ! જૈનધર્મનો કટ્ટર દ્વેષી ! જૈનાચાર્ય શ્રી ગુપ્તસૂરિજીને હરાવવા માટે એને જિનાગમોના અધ્યયનની ખૂબ જરૂર જણાઈ. તે અધ્યયન માટે ત્રણ ત્રણ વાર દૂર દેશસ્થ કોઈ જૈન મુનિવરનો શિષ્ય બન્યો. વેષ મૂકીને ગોવિંદ ત્રણ ત્રણ વાર શ્રીગુપ્તાચાર્યજી પાસે વાદ કરવા આવ્યો. બિચારો ! પ્રત્યેક વાર ઘોર પરાજયનું કલંક પામ્યો !

છેવટે છેલ્લો પ્રયત્ન કર્યો. દીક્ષિત બનેલા ગોવિંદમુનિએ આચારાંગ સૂત્રનું 'ષડ્‌જીવનિકાય' સંબંધિત અધ્યયન તૈયાર કરવા માંડ્યું. તેમાં વનસ્પતિ આદિ

જીવોના જીવત્વની સિદ્ધિના તર્કો વાંચ્યા; પછી તો જ્યાં વનસ્પત્યાદિ જુએ ત્યાં તેને જીવત્વ દેખાવા લાગે. વનસ્પતિમાં જીવત્વસિદ્ધિની દલીલો એને અકાટ્ય જણાઈ.

અને...એ ગોવિંદમુનિ પુકારી ઊઠ્યા : "અહો આવું જિનદર્શન ! સર્વજ્ઞનું જ આ દર્શન છે ! આની સાથે રમત રમીને તો હું મારો ભવ હારી ગયો !"

બીજા જ દિવસે જેમને આચાર્યપદ ઉપર આરૂઢ કરવાના હતા તે ગોવિંદમુનિએ ગુરુ પાસે ઘોર પશ્ચાત્તાપ કર્યો. પુનઃ મુનિદીક્ષા આપવાની વિનંતિ કરી.

કેવો નોખો અને સાવ અનોખો જીવન-પલટો !

ધારાનગરીનો મન્ત્રીશ્વર ધનપાળ ! સત્તાના જોરે જેણે ધારામાંથી જૈન સાધુઓની હકાલપટ્ટી જાહેર કરી હતી. એને એના અનુજ શોભન મુનિએ જ તાર્યો ! ઝેરી લાડુ અને વાસી દહીંમાં ઝેર અને જીવતત્ત્વનો સાક્ષાત્કાર કરાવી આપીને સ્તો !

સિદ્ધસેન પંડિત, હરિભદ્ર પુરોહિત કે ધનપાળ કવિ-કેવા દિગ્ગજ પંડિતો ! પણ તે ય આ સર્વજ્ઞ-શાસનને એક દી કેવા ઝૂકી ગયા ! કેવા સ્વ-પર કલ્યાણના આરાધકો બની ગયા !

થોડાં જ વર્ષો પહેલાં કલકત્તાના એક અજૈન પંડિતના હાથમાં 'પ્રમાણનય તત્ત્વાલોકાલંકાર' નામનો જૈન તર્ક-ગ્રન્થ આવ્યો. તેનું મનન કરતાં કરતાં જ્યાં 'અકારાદિઃ પૌદ્ગલિકો વર્ણઃ' સૂત્ર વાંચ્યું ત્યાં એ ખુરશી ઉપર ફસડાઈ પડ્યા. આ સૂત્ર અન્ય સર્વ આર્યશાસ્ત્રો સામે

લપડાક સમું હતું. જ્યારે શબ્દને આર્યશાસ્ત્રોમાં આકાશના ગુણ તરીકે જણાવીને 'કદી ન પકડી શકાય તેવો' કહ્યો છે ત્યારે આ સૂત્રે તેને 'પૌદ્ગલિક' કહીને 'પકડી શકાય તેવો' જણાવ્યો હતો.

રેડીઓ, ટેઇપ વગેરે યંત્રોથી પકડાઈ ગયો છે, દૂર સુદૂરવર્તી શબ્દ! હવે આ સૂત્રની સત્યતા સંબંધમાં શી ખાત્રી કરવાની રહી!

અને... એ વિદ્વાન્ અજૈન પંડિત—જેમનું નામ હરિસત્ય ભટ્ટાચાર્ય હતું—તેમને જૈન ધર્મશાસ્ત્રોના અધ્યયનમાં દિલચસ્પી લાગી. જેમ તે ઊંડું અને સૂક્ષ્મ અવગાહન કરતા ગયા તેમ તારક જિનેશ્વરદેવોથી સર્વજ્ઞતા સંબંધમાં તેમને પાકી ખાતરી થઈ ગઈ! તેમનું શિર પૂરા અહોભાવથી વિશ્વવાત્સલ્યસ્વરૂપ આર્હન્ત્યને ઝૂકી ગયું.

કેવું મહાન છે આ સર્વજ્ઞ-શાસન! જેના ભિક્ષુપણાની યાચના અઢાર દેશનો સ્વામી કુમારપાળ પરમાત્મા પાસે કરે છે. (તવ શાસનસ્ય ભિક્ષુત્વં દેહિ મે પરમેશ્વર!) ઓ, પરમેશ્વર! મને—૧૮ દેશના સ્વામીને—તારા ધર્મશાસનનું ભિક્ષુત્વ (મુનિપણું) ખપે છે! મને તે ભિક્ષુત્વનું દાન કરો! એક વખતનો માંસાહારી રાજા પ્રભુ પાસે રંક-ભિક્ષુ થવાની કાકલૂદીપૂર્વક યાચના કરે છે, એ આ જ ધર્મશાસનની બલિહારી છે ને! કોટિ કોટિ વંદન, એ સર્વજ્ઞ-શાસનને! પુનઃ પુનઃ પ્રણિપાત; સર્વના તરણતારણહાર દેવાધિદેવને!

ચાલો, આપણે તે શાસનના સ્વરૂપને; તેની મહત્તાને; અને તેના મર્મને સમજવા કોશિશ કરીએ.

❖ ❖ ❖

ધર્મ અને શાસન

[૨]

[૧] સર્વ મંગલોમાં માંગલ્યરૂપ :
[૨] સર્વ કલ્યાણોનું પણ કારણ :
[૩] સર્વ ધર્મોમાં પ્રધાનભૂત :
જિનશાસન સદા જયવંતુ છે.

ગણધર ભગવંતપ્રણીત શ્રીજયવીયરાય સૂત્રના છેલ્લા શ્લોકમાં જિનશાસનનું આ રીતે સ્વરૂપ વર્ણવાયું છે :

જગતમાં મંગલ ઘણાં છે; પણ જો મંગલમાં મંગલપણું જ ન હોય તો ? દીકરામાં દીકરાપણું જ ન હોય તો ? દેખાવનો દીકરો વસ્તુતઃ દીકરો જ નથી.

મંગલોમાં મંગલપણું [માંગલ્ય] ન હોય તો મંગલોની શી કિંમત ? પછી તે આયંબિલ કે અઠ્ઠમના તપરૂપ મંગલ હોય કે નમસ્કારના જપરૂપ મંગલ હોય !

મંગલોમાં માંગલ્યરૂપ છે; જિનશાસન...શાસનયુક્ત મંગલ જ સફળ ! શેષ મંગલો વસ્તુતઃ નિષ્ફળ !

સર્વ કલ્યાણોનું આદિમ કારણ—મૂળ કારણ પણ તે જ જિનશાસન !

અને નવકાર જપથી માંડીને સર્વવિરતિ ધર્મના ગ્રહણ સુધીના સર્વ ધર્મોમાં પ્રધાન પણ તે જ જિનશાસન !

શાસન વિનાનાં મંગલો, કલ્યાણો અને ધર્મો વસ્તુતઃ મંગલ નથી; કલ્યાણભૂત નથી; ધર્મસ્વરૂપ નથી.

મંગલો, કલ્યાણો અને ધર્મોની સફળતા શાસન સાથેના તેમના સંબંધથી જ છે. શાસનવિહોણાં તે બધાં ય સ્વર્ગાદિ આપી શકે; પણ મોક્ષ તો કદાપિ ન આપી શકે.

જો ધર્મોને સફળ જ કરવા હોય તો એકલા ધર્મો ન આચરો, પણ તેમાં 'શાસન' ઘાલી દો.

જો પાપો છૂટયાં છૂટતાં જ ન હોય તો ય તેની તાકાતને તોડી પાડવા માટે તેમાં શાસન તો ઘાલી જ દો.

શાસનયુક્ત ધર્મો સદ્ગતિ જ આપે.

શાસનયુક્ત પાપકર્મો દુર્ગતિ ન જ આપી શકે.

ધર્મોમાં સદ્ગતિ આપવાની તાકાત પૂરવી જ પડશે, અને પાપોમાંથી દુર્ગતિ આપવાની તાકાત તોડવી જ પડશે. તે માટે બન્નેમાં શાસનને ઘાલી દેવું રહ્યું.

શાસન વિનાના ધર્મો સદ્ગતિ આપી શકતા નથી.

શાસનવાળાં પાપકર્મો દુર્ગતિમાં લઈ જઈ શકતાં નથી.

જુઓ, હવે 'શાસન'નું મહત્ત્વ કેટલું બધું વધી જાય છે? અપરિહાર્ય બની જાય છે!

તેના વિનાના ધર્મો નકામા થઈ જાય!

તેનાથી યુક્ત પાપો નકામાં થઈ જાય! શું હશે સ્વરૂપ, આ શાસનનું!

નવકાર આદિ મંગલો છે; વિરતિ આદિ કલ્યાણો છે અને આયંબિલ, ઉપધાન, ઊજમણા, સંઘ વગેરે ધર્મો છે. પણ 'શાસન' શું ?

એનો જવાબ અપેક્ષાએ એ છે કે શાસન એટલે તીર્થંકરદેવોની આજ્ઞાઓ—વિધિનિષેધરૂપ તમામ આજ્ઞાઓ—પ્રત્યે નિરપવાદ પરિપૂર્ણ બહુમાન !

જ્યાં આ બહુમાન છે ત્યાં જ મંગલો; કલ્યાણો અને ધર્મો પ્રાણવંતા બની જાય છે.

જ્યાં આ બહુમાન છે ત્યાં થતાં પાપકર્મો બિચારાં-રાંકડાં-બનીને નિષ્પ્રાણશાં બની રહે છે !

આજ્ઞા-બહુમાનસ્વરૂપ શાસન છે એ નિશ્ચયદૃષ્ટિથી આપણે વિચાર્યું.

હવે વ્યવહારદૃષ્ટિથી 'શાસન' વિચારીએ. નિશ્ચયને જે સાધી આપે તે વ્યવહાર.

અનાદિકાળથી ચાર ગતિમય સંસારમા પરિભ્રમણ કરતા જીવને એકદમ તો હૈયામાં આજ્ઞા-બહુમાન ઉત્પન્ન થઈ શકતું નથી. એની પૂર્વભૂમિકા રૂપે એને 'સુખમય સંસાર જ સર્વ દુઃખનું અને સર્વ પાપનું મૂળ છે' એ વાત કર્મલઘુતાદિના કારણે જચે છે. ત્યાર પછી આવા ભયાનક સંસારનો નાશ કરનારા કોણ છે ? વગેરે જિજ્ઞાસા જાગે છે. અને ત્યાર બાદ એના નાશક અને આત્મસ્વરૂપના પ્રાપક તરીકે જ્યારે 'તીર્થંકરદેવ' નજરમાં

આવે છે ત્યારે જે આત્મા તેમના પ્રત્યે અહોભાવથી જોવા લાગે છે તે પછી તેમણે જણાવેલી વિધિનિષેધ સ્વરૂપ આજ્ઞાઓ—ક્રિયાત્મક અને જ્ઞાનાત્મક—નું તે યથાશક્ય આરાધના કરવા લાગે છે.

પણ ધર્મક્રિયાઓનું સેવન કરવા છતાં ય વિષય-કષાયની ઉગ્ર વાસનાઓનું ઝેર ઝટ ઊતરતું નથી એટલે એ આત્મા કયારેક ખિન્નતા વગેરે પણ અનુભવે છે. એ વખતે એને ધર્મગુરુ સમજાવે છે કે, "છેવટે પણ આ ધર્મક્રિયાઓ જ તારા વિષને ઉતારશે; માટે એનું જ ભારે બહુમાન અને શ્રદ્ધાપૂર્વક સેવન ચાલુ રાખ."

આ સાંભળીને એ આત્મા આંતરવિષને ઉતારવા સમર્થ એવી એ ધર્મક્રિયાઓનું આરાધન ચાલુ રાખે છે. આમ કરતાં કરતાં—દુકાન ખુલ્લી હોય તો કયારેક પણ ઘરાક આવી જાય એ રીતે—વિશિષ્ટ કોટિના ભાવોનો ચિત્તમાં જન્મ થાય છે અને આત્માનું મોક્ષ તરફનું પ્રયાણ વેગવંતુ બની જાય છે. આજ્ઞાપાલન, આજ્ઞા બહુ-માન હવે ખૂબ તીવ્રતા પામે છે.

આ છે; સાધકની પ્રારંભિક સ્થિતિ.

અહીં ધર્મક્રિયાઓ છે; શુદ્ધિની તમન્ના છે; શુદ્ધિ પામવાની અધીરાઈ છે; દુષ્ટ ભાવોનું જાગરણ થઈ જાય ત્યારે હૈયામાં પારાવાર ખેદ છે; કયારેક ફળની અધીરાઈ પણ છે, જિજ્ઞાસા પણ છે.

આવી બધી સ્થિતિમાંથી જ ઉપરની વિશુદ્ધ કક્ષાઓ ક્રમશઃ હાંસલ થતી જાય છે માટે જ વ્યવહારનયથી ઉપરોક્ત તમામ બાબતોને 'શાસન' કહેવાય છે.

વળી ચતુર્વિધ સંઘ, દ્વાદશાંગી સ્વરૂપ શાસ્ત્રો, તીર્થ વગેરે ધર્મસંપત્તિઓ, મોક્ષપ્રાપક ધર્મક્રિયાઓને પણ વ્યવહારનયથી શાસન જ કહેવાય.

વિષયકષાયો પ્રત્યેની અનાદિકાળની કૂણી લાગણી ઉપર કરડી નજર કરાવવાનું સામર્થ્ય જિનેશ્વરદેવ–પ્રરુપિત ધર્મક્રિયાઓઓમાં જ મુખ્યત્વે છે. ભલે કદાચ ઘણી ધર્મ-ક્રિયાઓ કરી અને સફળતા ન પણ મળી; છતાં જીવમાં જો પાત્રતા હશે તો તે ધર્મક્રિયાઓ જ તેને વિષયકષાયોથી; યાવત્ સમગ્ર સંસારથી મોક્ષ આપશે એ નિર્વિવાદ હકીકત છે.

એટલું જ નહિ; પણ અજૈની ધર્મક્રિયાઓ પણ જો મોક્ષના લક્ષથી કે સુખમય સંસારના તિરસ્કાર કર-વામાં આવે તો તે આત્મા પણ ગારિસંજીવની ચાર ન્યાયથી ભવિષ્યમાં જૈની ધર્મક્રિયાઓ પામીને મોક્ષ પામી જશે, ક્યારેક તો વળી આમ ન થતાં ભાવ જૈનત્વ પામીને ય મોક્ષ થવાના વલ્કલચીરી આદિના પ્રસંગો શાસ્ત્રોમાં સાંભળવા મળે છે. જોકે આવા પ્રસંગો અત્યંત. જૂજ બને છે માટે તેને રાજમાર્ગ ન કહી શકાય. રાજ-માર્ગ તો જૈની ધર્મક્રિયાઓ દ્વારા ધર્મપ્રાપ્તિનો—શાસન-પ્રાપ્તિનો છે.

આથી જ આ ધર્મક્રિયાઓને પણ વ્યવહારનયથી શાસન કહેવામાં આવે છે.

ધર્મનું મહત્ત્વ :

કેવી કમાલ કરી છે ત્રિલોકગુરુ પરમાત્માએ; સિદ્ધાન્તોને વ્યવહારુ બનાવી દેતાં ધર્માનુષ્ઠાનોનું સ્વરૂપ બતાડીને ! જાણે કે તે કૃપાલુ કહી રહ્યા છે :

"શું તમારે વિશ્વમાત્રના જીવોને 'અભય' આપી દેવું છે ? ભલે...તમે બે ઘડીના સામાયિકની ક્રિયા કરો. તમે સામાયિકમાં બેઠા એટલે તમામ જીવોની હિંસા બંધ."

"શું તમારે તમારા સધર્મી બંધુઓની ભક્તિનો લાભ લેવો છે ? તો સંઘ, સાધર્મિક-વાત્સલ્ય, નવકારશી વગેરેનું આયોજન કરો ! શું તમારે સર્વ પાપક્રિયામાંથી આજીવન મુક્ત થઈ જવું છે ? તો અણગાર બનો. તે જીવનની રચના જ એવી છે કે તેમાં ખાવા-પીવા, પહેરવા, રહેવાની કોઈ ચિંતા જ કરવી ન પડે."

સર્વજ્ઞોએ ધર્મક્રિયાઓને પ્રબોધીને આપણી ઉપર કૃપા કરવામાં કાંઈ બાકી જ રાખી નથી. છતાં કેવી દુઃખની બીના છે કે ધર્મક્રિયા પ્રત્યે નફરત ધરાવતા ભોગક્રિયાઓના અતિરાગી બુદ્ધિજીવી માણસોએ સીફતપૂર્વક ધર્મક્રિયાઓને મૂળમાંથી ઊખેડી નાખવાનો એક કીમીઓ કર્યો છે. તેઓ કહે છે કે, "કોરી જડક્રિયા નકામી છે.

તેમાં સમજણ હોવી જોઈએ. અર્થની સમજણ વિના એ ક્રિયા કરવાથી કાંઈ ન વળે. વગેરે."

ચાલાકીના આ પેચમાં કોઈ ફસાના નહિ. ધર્મ-ક્રિયામાં ભાવ કરતાં સદ્ભાવની પ્રથમ જરૂર છે. સદ્ભાવ એટલે તે ક્રિયાઓ પ્રત્યે હાર્દિક આદર : બહુમાન.

જો તમારી પાસે સદ્ભાવ હોય તો ભાવની ઝાઝી ચિંતા કરશો જ નહિ. ભાવ [સમજણ] કાંઈ બધાયને આવે નહિ એટલે જો બધા ધર્મક્રિયા ન કરે તો પેલા બુદ્ધિજીવીઓનું ધાર્યું થઈ જાય. એમને કોઈ 'ભાવ' ઉમેરવો નથી. એમને તો ભાવના નામે ક્રિયા જ ઉખેડી નાખવી છે.

ખરી વાત તો એ છે કે જો આ રીતે ભાવશાળી જ ક્રિયાને આપણા પૂર્વજોએ પણ મહત્ત્વ આપ્યું હોત તો તેમણે ક્યારના ધર્મક્રિયાઓને ત્યાગી મૂક્યા હોત, આમ થતાં આપણા સુધી ધર્મક્રિયાઓનું સ્વરૂપ જ પહોંચ્યું ન હોત. ભાવના પ્રેમીઓએ તો હવે જે ધર્મક્રિયાઓનું ખોખું પણ હાથમાં આવ્યું છે તેમાં ભાવ પૂરવાનું જ કામ કરવું જોઈએ. જૂઠો ઊહાપોહ મચાવવાનું કામ કરવાથી શો લાભ!

ખેર...ધર્મક્રિયાઓ કરતાં જ તમે ધર્મગુરુઓ અને ધર્મપ્રકાશક પરમાત્મા સુધી પહોંચ્યા છો. તેના પ્રત્યેના પૂરા સદ્ભાવ સાથે અને મોક્ષપ્રાપ્તિના લક્ષ સાથે તે ધર્મક્રિયાઓ વધુ ને વધુ કરતા જ રહેજો અને ચાલાકીના દાવપેચમાં કદી ફસાશો નહિ.

ક્રિયાઓમાં શાસન ભેળવીને તેને 'ધર્મ'નું સ્વરૂપ આપવું જ જોઈએ, નહિ તો ભૂંડાં સ્વર્ગાદિનાં સુખ લલાટે ટીચાયા વિના નહિ રહે.

યાદ રાખો, આ શાસન વીતરાગ સર્વજ્ઞ પ્રરુપિત છે. જગતના થોડુંક પુણ્ય ધરાવતા માણસોની યોજનાઓ પણ વિશિષ્ટતા ધરાવતી હોય છે, તો જેઓ લોકોત્તર પુણ્યના સ્વામી છે; જેમનું ઐશ્વર્ય દેવો અને દેવોના રાજા–ઇન્દ્રો દ્વારા પુજાએલું છે, જેઓ ચાર અને ચોત્રીશ અતિશયોના ઈશ છે એવા ત્રિલોકગુરુ તીર્થંકરદેવ વડે પ્રકાશિત 'શાસન'ને બજારની કોઈ મામુલી ચીજ સમજી લેવાની ભૂલ કરજો મા.

જેને લાખો દિગ્ગજ બ્રાહ્મણ પંડિતોએ પણ શિર ઝુકાવી દીધું છે; જેની ખાતર રાજા, મહારાજાઓએ; અબજોપતિઓ અને ક્રોડાધિપતિઓએ જીવન કુરબાન કર્યું છે, જેને વરવા માટે સ્વર્ગસુંદરીઓને પણ એક વાર સ્તબ્ધ કરી દે તેવી રૂપગર્વિતાઓએ રૂપના ગર્વ ત્યજ્યા છે; તેવા શાસનને મામુલી સમજવાની ભૂલ કરનાર આત્મા સ્વયં મામુલી હોવો જોઈએ,

ઇસાઇ લોકો સ્વધર્મના પ્રચાર માટે ક્રોડો રૂપીઆ ખર્ચીને જે સાહિત્ય મફતમાં લાખો લોકોને આપી દે છે તે સાહિત્ય તરફ નજર કરો, અને પછી આ ધર્મશાસન-ની નાનકડી એકાદ કથા તરફ, એકાદ નાનકડા સિદ્ધાન્ત તરફ, એ સિદ્ધાન્તને વ્યવહારમાં ઢાળી દેવાની રીત તરફ

નજર કરો. તમે હેરત પામી જશો. તમને આ બધું ય અદ્ભુત ! અનોખું ! અદ્વિતીય ! લાગશે. તમારા મોંમાંથી તે જ પળે શબ્દો સરી પડશે કે, "આ સર્વજ્ઞનું જ શાસન છે; આટલી સચોટ રજુઆત બીજું કોઈ કરી શકે જ નહિ ! આ વીતરાગનું જ શાસન છે, એટલો બધો વિશુદ્ધ યોગ બીજે સંભવી શકે જ નહિ !"

એ, ધર્મશાસનના સુભટો ! વિશ્વમાત્રને અચંબામાં મૂકી દે તેવા નય, નિક્ષેપાદિયુક્ત વિજ્ઞાન, અને તત્ત્વજ્ઞાનથી ખીચોખીચ ભરેલા અને આત્મવિકાસના સુવ્યવસ્થિત, સુ–આયોજિત, સુ–સંકલિત; સુ–બદ્ધ વિભાગો, કક્ષાઓ વિગેરેથી ભરપૂર ધર્માનુષ્ઠાનોથી શોભતા એવા આ ધર્મશાસનને જગત સમક્ષ સર્વાંગસુંદર રીતે મૂકવામાં તમે પાછા ન પડો. એ ખાતર જેટલા સજ્જ થવાય તેટલા તૈયાર થઈ જાઓ. સુયોગ્ય રજુઆત કરવામાં ઊણપ ધરાવતો વકીલ સાચો; સો ટકા સાચો—પણ...કેસ હારી જાય છે એ હકીકત ન ભૂલો. તમારી બેદરકારી, અવગણના, વધુ પડતો આત્મવિશ્વાસ, વધુ પડતી સ્થિરતાની કલ્પના, દેશકાળના પ્રવાહોની જૂઠી સુલવણી વગેરે સર્વહિતકર ધર્મશાસનને સાચી રીતે જગત સમક્ષ મૂકવામાં અવરોધો ઊભા કરે છે એમ જો તમને લાગતું હોય તો સફાળા જાગ્રત થાઓ અને સાચા રસ્તે આવી જાઓ. આપણે કશું જ કરવાનું નથી. દૂધમાં જ દૂધપાક બની જવાનું સામર્થ્ય છે. આપણે તો માત્ર કડછી જ હલાવ્યા કરવાની છે.

સેંકડો ખૂંખાર આક્રમણો સામે પણ સો હજાર વર્ષથી અડીખમ ઊભેલા ધર્મશાસનના સ્વયંભૂ બળને આપણાં લાખ લાખ વંદન.

ક્યાં ખખડીને ભાંગી જતી આજકાલની સંસ્થાઓ ! નિષ્ફળ જતા પ્રયોગો ! ખતરારૂપ બનેલા અખતરાઓ ! અને ક્યાં આ ધર્મશાસન ! આ યોગનો માર્ગ ! ખતરાની તો જ્યાં કોઈ કલ્પના પણ નથી તેવો શુદ્ધ અને સિદ્ધ રાજમાર્ગ !

જય હો, ધર્મમય શાસનનો !

શાસનમય ધર્મનો !

સફેદ ત્રિકોણ :

આ ધર્મશાસનને એક ત્રિકોણસ્વરૂપ બનાવીએ. અરિહંતદેવનો શ્વેત વર્ણ છે માટે આ ત્રિકોણ પણ શ્વેત કલ્પીએ.

ધર્મશાસનનાં ત્રણ અંગો છે. આ ત્રણ અંગોમાં સમગ્ર ધર્મશાસન સમાઈ જાય છે, કેમકે જગતમાં આત્મતત્ત્વ ત્રણ વિભાગમાં વહેંચાયેલું છે. સ્વાત્મા, પરાત્મા અને પરમાત્મા.

આ ત્રણેય પ્રત્યેનો આપણો સંબંધ અને એ સંબંધ જાળવવા માટેની જરૂરી ગુણસામગ્રી આપણે સમજી તો લેવી જ જોઈએ.

ઉપગ્રહ :

પરાત્માઓ સાથે આપણો ઉપગ્રહ–સંબંધ છે.

પરમાત્મા સાથે આપણો અનુગ્રહ સંબંધ છે.

સ્વાત્મા સાથે નિગ્ર સંબંધ હોવો જોઈએ.

[૧] સર્વ પરાત્મા (જીવરાશિ) સાથે ઉપગ્રહ તો જ સિદ્ધ થશે, જો આપણે તે સર્વ પ્રત્યે અસીમ કરુણા ધરાવતા થઈશું, આત્મૌપમ્ય અનુભવતા થઈશું, વાગે કોકને અને રડે, આપણી આંખ ! કેવી હતી, પરમાત્માની સંગમક પ્રત્યે કરુણા !

બિન્દુનું રૂપક :

સિન્ધુમાંથી વિખૂટાં પડેલાં બે જલબિન્દુઓ વાતો કરતાં હતાં. ચાલો, તેમને સાંભળીએ. એકનું નામ જલન રાખશું, બીજાનું શમન.

જલન : બંધુ શમન ! આપણે તો હવે સિંધુમાં પાછા ફરવું જ નથી. સ્વતન્ત્રતાની જે મસ્તી મેં માણી તેનો રસ હું ત્યાગી શકું તેમ નથી.

શમન : ભાઈ, જલન ! તારી આ વાત બરોબર નથી. સ્વતન્ત્ર રહેવામાં તો જોખમોનો સુમાર નથી, આપણું અસ્તિત્વ પણ કદાચ ગુમાવી દઈએ. એના કરતાં બીજાં અસંખ્ય ભાઈભાંડુ સાથે રહેવામાં શું વાંધો ? ચાલ, જલ્દી સિન્ધુમાં મળી જઈએ.

જલન : ના...હું તો હવે પાછું ફરવાનું જ નથી. તને ઠીક પડે તેમ તું કર.

અને શમન સિન્ધુમાં ચાલ્યું ગયું.

જલન ! એકલું પડી ગયું. એને એની રીતે સ્વતન્ત્રપણે કોઈની પણ કશી અપેક્ષા વિના જીવન જીવવાનો આનંદ માણવાની ખુમારી આવી ગઈ હતી. ખરેખર, એણે આ જુગાર જ રમી નાખ્યો હતો.

રેતીના કણમાં પડેલા એ એકલવાયા બિંદુ ઉપર સૂર્યનાં સહસ્રો કિરણ ત્રાટક્યાં. રેતીના કણ કણ એને શોષવા માટે ધસી આવ્યા. પવનના વાયુકણો એની ઉપર વીંઝાવા લાગ્યા. થોડીક પળો માંડ ટક્યું ન ટક્યું ત્યાં તો ચાર વર્ષની એક બાળકી ત્યાંથી પસાર થઈ. એના પગ તળે એ કચડાઈને ખલાસ થઈ ગયું.

શેકાયું, તપાયું, શોષાયું જીવનમાં.

પગ તળે કચડાઈને અંત આવ્યો મરણમાં. અને પેલું સિન્ધુને મળી ગએલું બિન્દુ ?

સૂર્યના અવિરત તીક્ષ્ણ તાપે પણ ન શેકાયું, રે ! બાળકીના પગે કચડાઈ મરવાનું કલંક તો દૂર રહ્યું પણ હજારો ટન માલ ભરેલી સ્ટીમરની નીચે ય એ ન કચડાયું.

કેવો અદ્ભુત વ્યક્તિત્વ વિકાસ ! અને પેલો કેવો અસ્તિત્વ-નાશ !

કરુણાસાગર ત્રિભુવનપતિ પરમાત્મા મહાવીરદેવ જીવ માત્રને ઉદ્બોધતાં જણાવે છે કે, "તમે બળવાખોર ન બનો. ચમચી જેટલાં તમારાં પુણ્ય છે. તેટલા માત્રથી તમે છકી જાઓ, અનેક જીવો સાથેના સ્નેહ પરિણામો

તોડી નાંખો; દરેકની સાથે તડફડ કરવા લાગો એ જરા પણ ઉચિત નથી. ઘરના સ્વજનોથી માંડીને વિશ્વના સર્વ જીવો સાથે સ્નેહ પરિણામ હોવો જ જોઈએ."

કેવી સુંદર આ પ્રેરણા છે ? ઘડીઆળનો કોઈ પણ એક નાનામાં નાનો—સ્કૃ કાઢી નાંખતાં ઘડીઆળ કામ કરતું બંધ પડે છે એ જ બતાવે છે કે નાનામાં નાના સ્કૃની પણ કિંમત છે; એનું પણ એ યન્ત્રમાં ક્યાંય અપરિહાર્ય સ્થાન છે.

આવું જ જગતના ઘડીઆળનું છે. એના નાનામાં નાના જંતુનો પણ આ જગત ઉપર ઉપકાર છે. કહે છે કે અળસીઆ પણ પોતાની લાળ પાડીને ધરતીને રસકસવાળી બનાવે છે. લૂલી–લંગડી મરવા પડેલી પશુની કોઈ પણ જાત સેન્દ્રિય ખાતર આપીને માનવજાત ઉપર નિઃસીમ ઉપકાર કરે છે. વનસ્પતિનાં તત્ત્વો પણ માનવીય શ્વાસોચ્છ્વાસને મદદગાર બને છે. જો આ જ વાસ્તવિક હકીકત છે તો જીવ માત્ર પ્રત્યે કેવો નિર્બીજ–અનાસક્ત સ્નેહ પરિણામ હોવો ઘટે ?

વૈજ્ઞાનિક મિકેન્સ : એલોપથી ઔષધિઓની બનાવટ પૂર્વે દેડકાં, સસલાં, વાંદરા વગેરે કેટકે પંચેન્દ્રિય જીવો ઉપર પ્રયોગો કરવામાં આવે છે. તેમાં તે જીવોને ઘાતકીમાં ઘાતકી રીતે રિબાવવામાં આવે છે અને અંતે મારી નાંખવામાં આવે છે. આની ઉપર જર્મન વૈજ્ઞાનિક મીકેન્સે ખૂબ સખત ટીકા કરતાં સાચું જ કહ્યું છે કે બીજાઓને

ભયંકર ત્રાસ દઈને જે દવા બનાવાય તે દવાઓ દર્દીઓને ભાગ્યે જ આરોગ્ય આપી શકશે, કેમ કે પેલા રિબાઈ ને મરેલા જીવોના નિસાસા અને ચિત્કારોથી આખું વાયુમંડળ દૂષિત બનીને સંક્ષુબ્ધ બની ગયું છે.

આ વૈજ્ઞાનિકને પોતાના આ વિધાનમાં તે વખતે ખૂબ વિશ્વાસ બેસી ગયો હતો. જ્યારે તેણે રોજ સાંજે ફરવા જતાં એક ઋષિને ભારતના પ્રવાસ દરમ્યાન જોયા હતા, તે ઋષિની ચોફેર સાપ–નોળીઆ, ઉંદર–બિલાડી, વાઘ–બકરી ચાલતાં અને સહુ પોતાનો જન્મજાત વૈરભાવ સંપૂર્ણ વીસરી ગએલાં જણાયાં હતાં. આ જોઈ ને મીકેન્સ રાડ પાડીને બોલી ઊઠયો હતો કે, "જો આ રેડીએશનયુક્ત વનસ્પતિ કોઈ ભયંકર રીતે ક્રૂર પશુને ખવડાવી દેવામાં આવે તો તેની કરતા સંપૂર્ણપણે નષ્ટ થઈ જાય."

જીવોને જે આપીએ તે જ આપણે પામીએ. દુઃખ આપીને દુઃખ. સુખ આપીને સુખ. મોત દઈ ને મોત. જીવન દઈ ને જીવન.

અનુગ્રહ :

[૨] પરમાત્માનો અનુગ્રહ આપણને તો જ પ્રાપ્ત થશે; જો આપણે તેમના પ્રત્યે કૃતજ્ઞ બનવા રૂપે અભિમુખ થઈ જશું : આપણા અંતરનાં સદા અણુ–ઉઘડયાં બાર ખુલ્લાં મૂકીશું—ત્યારે પ્રથમ તો આપણે તેમની સાથે છીએ તેવી સ્થિતિ અનુભવશું, પણ પછી તો તે આપણી


સાથે છે એવી અતિ ધન્ય સ્થિતિનો અનુભવ કરશું. પેલા કવિએ ગાયું છે ને, "માર્ગે હિંડતાં, હરિને લાગે મારો હાથ."

[૩] સ્વાત્મા ઉપર નિગ્રહ કેળવવા માટે આપણે 'સ્વ' ઉપર કઠોરતા દાખવવી જ પડશે. જાત ઉપર કઠોર થયા વિના ઇન્દ્રિયોનો નિગ્રહ થવો સંભવિત નથી.

જેણે જગત માટે ખૂબ કરુણાશીલ બનવું હોય એણે જાત માટે ખૂબ કઠોર બનવું જ પડે. સ્વાર્થનું વિલોપન કરી દીધા વિના પરાર્થની ક્ષિતિજોમાં પાણે પણ ફાટતો જોવા મળતો નથી.

અને જે નિગ્રહ ઉપગ્રહ શાલી બનતો નથી તેને ઈશનો અનુગ્રહ મળતો જ નથી.

સફેદ ત્રિકોણ [ધર્મશાસન]



જગત પડયું છે; ખાવા, પીવા, પહેરવા, બોલવાની ક્રિયામાં; એની જ આળપંપાળમાં; એનાં જ સંશોધનોમાં.

ક્રિયાઓના 'ઓબ્જેક્ટ'માં વધુ રસ ધરાવતી આ દુનિયાને તેના સબ્જેક્ટ્સ-'હું, તું, કે તે'ની સામે જોવાની પણ ફુરસદ નથી; તેના ચિંતન કે સંશોધનની પણ જરૂર જણાતી નથી.

ક્રોડો રૂપીઆ; લાખો માનવો; ક્રોડો કલાકો; વિપુલ પુણ્યશક્તિઓ—બધું ય ખાવા, પીવા વગેરે ક્રિયાઓ પાછળ બરબાદ ! પણ એકાદ માનવ; એનો એકાદ કલાક; એની થોડીક બુદ્ધિશક્તિ, 'હું કોણ ? તું કોણ ? તે કોણ ?' એના ચિંતન-મનન ખાતર કદાપિ ફાજલ પડતી નથી, "હું આત્મા છું તેનું શ્રેય મારું કર્તવ્ય છે. તું જીવ છે. તેનું પ્રેય મારી કરુણામાં છે. તે પરમાત્મા છે તેનું સ્વરૂપ મારું ધ્યેય છે." આવું તો ક્યાંય કોઈ બોલતું-સાંભળતું ય નથી !

જેવું બન્યુ છે આ ભોગરસિકોની ધરતીમાં, તેવું જ ક્યાંક બન્યુ છે, ધર્મીઓની દુનિયામાં. અહીં પણ જાણે સબ્જેક્ટ ખોવાયો છે અને માત્રને ઓબ્જેક્ટ પુજાયો લાગે છે.

સબ્જેક્ટ છે; શાસન.

ઓબ્જેક્ટ છે ધર્મક્રિયાઓ. ખોવાયેલાને ખોળી કાઢવો હોય તો આપણે જ હવે ખોવાઈ જવું પડશે. ચાલો, ચાલો, હવે તો ઘણું મોડું થઈ ગયુ છે...એકડો ન હોય તો મીંડાં ઉપર મીંડાં ચડાવ્યે જવાની ભૂલ હવે ન કરીએ. મીંડાં ભલે જ રહ્યાં; માત્ર શરૂઆતમાં એકડો જ ગોઠવી દેવાની જરૂર છે. આટલું થઈ જાય તો મીંડાંની હારમાળા નિષ્ફળ નહિ જાય.

જિનોપકાર

[૩]

સૂર્ય મધ્યાહ્નમાં પ્રવેશી ચૂકયો હતો. બપોરના સમયનો ઉકળાટ ઠીક ઠીક વર્તાતો હતો.

એ વખતે અમેરિકાના એ શહેરમાં આવેલા સિનેમાના ટોકિઝની ટિકિટબારીએ ગોઠવાયેલી વિરાટ લાઈનમાં ઊભેલાં એંશી વર્ષનાં કો માજી અચાનક પડી ગયાં, અને બેભાન થઈ ગયાં.

તાપના બફારામાં ઊભેલાં–શેકાતાં વૃદ્ધા માટે આમ બનવું અસંભવિત ન હતું.

યોગાનુયોગ એ જ વખતે થીએટરનો મેનેજર પોતાના ખંડમાંથી નીકળીને ત્યાં જ આંટા મારી રહ્યો હતો. બેભાન થઈને પડી ગએલાં માજીને જોતાં જ તે ત્યાં દોડી ગયો.

ઉપચારો વડે માજીને સ્વસ્થ કર્યાં. માજીએ મેનેજરનો આભાર માન્યો ત્યારે મેનેજરે તેમને પૂછ્યું, "માજી! આટલી જૈફ વયે તમને વળી સિનેમાનો શોખ! મને જરાક આશ્ચર્ય થાય છે!"

"દીકરા!" માજીએ સ્મિત વરસાવતાં કહ્યું, કોઈને પણ મારા માટે આવી જિજ્ઞાસા થાય. સાંભળ... વાત એમ છે કે ભરયુવાન વયે મારો એકનો એક

પુત્ર માંદગીમાં પટકાયો અને મરી ગયો. મને એનો આઘાત અકારો થઈ પડ્યો. એક દી અચાનક મારે કોઈ સિનેમા જોવાનો પ્રસંગ બન્યો. એમાં 'કલાર્ક ગેબલ' મુખ્ય એકટર તરીકે કામ કરતો હતો. એનું મોં જોઈને હું તો સાનંદ સ્તબ્ધ થઈ ગઈ. એના મુખ-દર્શનમાં મને મારો જ દીકરો દેખાતો હતો. આથી મને અપાર આનંદ થઈ ગયો. પછી તો જે જે પિકચરમાં કલાર્ક ગેબલ કામ કરતો હોય તે દરેક પિકચર જોવાનું મેં શરૂ કર્યું એ રીતે મારા પુત્રનું દર્શન કરીને હું મનોમન સંતોષ વાળી લેતી.

"દીકરા ! આજે પણ કલાર્ક ગેબલને જોવા માટે જ આ સિનેમાની ટિકિટ લેવા હું ઊભી હતી. બાકી નવા યુગની નટખટ યુવતીઓ જેવું મારું જીવન નથી. આ ઉંમરે એવા તો ઓરતા હોય પણ શેના ?"

માજીની વાત સાંભળીને મેનેજરે અકથ્ય વેદના અનુભવી. માનવીય લાગણીઓનું એક પૂર એના અંતરપટ ઉપર ધસી આવ્યું. "માજી આજથી તમારે કદી આ રીતે લાઈનમાં ઊભાં રહેવું નહિ. જે પિકચરોમાં કલાર્ક ગેબલ ઊતરશે તે તમામ પિકચરોનો 'કોમ્પ્લીમેન્ટરી પાસ' ઘેર બેઠાં હું તમને મોકલી આપીશ. બસ, પછી કરી લેજો; દીકરાનું મુખ-દર્શન ! અને માણી લેજો માતૃત્વના વાત્સલ્યનો પમરાટ !" મેનેજરે કહ્યું. પોતે જ એ માજીનો પુત્ર હોય એવી લાગણી સાથે આવું કામ પોતાના હાથે થઈ જવા બદલ ધન્યતા અનુભવતો હતો.

અને...આપેલા વચનનું પાલન બરોબર થવા લાગ્યું. માજીને પણ મોટી માથાકૂટ મટી ગઈ.

બે વર્ષ પસાર થઈ ગયાં. એક દી સિને-ઉદ્યોગમાં ભયંકર મંદીની હવા ફરી વળી. અનેક ટોકિઝો બંધ પડી. કેટલાય માણસોને નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા. પેલા મેનેજરને પણ છૂટો કરવામાં આવ્યો. લગભગ ૨૦૦ માઈલ દૂરના કોઈ શહેરની મોટી હોટલમાં મેનેજર તરીકે એ ગોઠવાઈ ગયો. આ વાતને ય બે વર્ષ પસાર થઇ ગયાં.

માજી અતિ વૃદ્ધ થઈ ગયાં હતાં. જિંદગીના છેલ્લા દિવસો...હવે તો...છેલ્લા કલાકો પસાર કરી રહ્યા હતા. કોઈ સ્વજન ન હતું. દૂરનું ય કોઈ સગું ન હતું. અને સારી એવી સંપત્તિ હતી. માજીએ વકીલ બોલાવીને વીલ કર્યું. દીકરાનું મોં બતાડતા સિને-ટોકિઝના મેનેજરનું સરનામું એમણે ગમે તેમ કરીને મેળવી લીધું હતું.

વીલ તે મેનેજર (હવે હોટલ-મેનેજરને) પોસ્ટ કરી દેવામાં આવ્યું. ત્યાર બાદ થોડા જ કલાકોમાં માજીની આંખો સદા માટે મીંચાઈ ગઈ.

હોટલ-મેનેજરે કવર ખોલ્યું; વીલ વાંચતાંની સાથે જ પોતાની ખુરશી ઉપર અવાચક બનીને એ ફસડાઈ પડ્યો.

સ્વસ્થ થઈને પુનઃ વીલ વાંચ્યું. તેમાં લખ્યું હતું :

"મારી પાસે દસ લાખ ડોલરની સંપત્તિ છે. તે નીચે લખેલા આદમીને હું અર્પણ કરી દઉં છું.

આ માણસે મારા જીવનનાં છેલ્લાં વર્ષો કે જેના પ્રત્યેક કલાકમાં એકના એક પુત્રના વિરહની વેદનાથી હું રાત ને દી કણસતી હતી; આપઘાત કરી નાંખવા પ્રેરતી હતી તે ત્રાસને દૂર કર્યો. મારા પુત્ર જેવી જ આબેહૂબ આકૃતિ ધરાવતા કલાર્ક ગેબલનું મોં જોવાની મને ઘેર બેઠાં અનુકૂળતા કરી આપી.

મારા આત્માને એણે પૂર્ણ શાન્તિ આપી. દીકરા! મારા વહાલા મેનેજર! મને પુત્રનું દર્શન કરાવવા બદલ —કૃતજ્ઞતાની રૂએ—નાનકડી આ રકમ તને અર્પણ કરું છું. જરૂર સ્વીકારજે."

નથી આ કોઇ સિને-ક્ષેત્રની કથા કહેવાનું સ્થાન; કે નથી કોઇ તૈયારી; એવી અપ્રશસ્ત અનુમોદના કરી દેવાની.

નયદૃષ્ટિથી એક જ તાર ખેંચવાનો છે; એક જ ત્રિરાશી માંડવાની છે કે જો એક પુત્રનું મુખદર્શન કરાવી દેનાર આત્માને દસ લાખ ડોલર જેટલી જંગી રકમની ભેટ કરી શકાતી હોય અને માનવીય લાગણીની રીતે પણ તેમાં જો કશું જ અજુગતું ન ગણાતું હોય તો સબૂર! જે ત્રિલોકગુરુએ ઉપરથી સોહામણા દેખાતા જગતના બિહામણા-વાસ્તવિક-સ્વરૂપનું દર્શન કરાવી દીધું; જેમણે 'રૂક જાઓ!' નો આદેશ આપીને વિનાશીને અવિનાશી માનીને ભેટવા ધસતા અગણિત આત્માને

ઉગારી લીધા; નારીની અશુચિતાનું હૂબહૂ ભાન કરાવીને. જેમણે ક્રોડો આત્માઓને દુર્ગતિની ખાઈમાં ગબડી પડતા બચાવી લીધા એવા એ ત્રિલોકગુરુ પરમાત્માના ચરણે કેટલું ધન ધરી દેવું જોઈએ ? એની આજ્ઞાને શિરસાવંદ્ય કરવા જતાં ધડ ઉપરથી માથું જાય કે જીવનની ખેની થઈ જાય તો શાને સારુ પાછી પાની કરવી જોઈએ ?

મહાકરુણાના સ્વામીએ જગત્સાક્ષાત્કાર કરાવીને ઈશ્વરસાક્ષાત્કાર અને આત્મસાક્ષાત્કારના માર્ગને સાવ જ મોકળો બનાવી દીધો છે. આપણે એમના કેટલા ઉપકાર—બોજ તળે દબાયેલા છીએ એનું ગણિત કરવાને આપણી પાસે આંકડા જ નથી; બુદ્ધિ નથી; સમય નથી; શક્તિ પણ નથી.

એવા એ તારક તીર્થંકરદેવના શાસનનો યોગક્ષેમ એ જ આપણું જીવન બની રહો : શ્વાસપ્રાણ બની રહો. આપણી સાધના બની રહો.

Barot
Mahasukh

●

જો આ 'શાસન' અમને ન મળ્યું હોત તો ? "તો...અમે અનાથ બનીને વિષય-કષાયના અંધકારમાં જ્યાં ને ત્યાં અથડાતા ટીચાતા હોત; દુર્ગતિઓમાં જ આંટા-ફેરા મારતા હોત."

પૂર્વ જીવનમાં જૈનધર્મ-શાસનના કટ્ટર દ્વેષી હતા એવા સૂરિ-પુરંદર આચાર્ય ભગવંત શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજના જીવનમાં કેવો હતો જૈન શાસનનો ઉપકાર ?

આર્યાવર્તની સોખંડી તાકાતનાં ચરણો.

[૪]

જે દેશની પ્રજા લાખો કરોડો-અગણિત વર્ષોથી ત્યાગ, તિતિક્ષા, ક્ષમા, સદાચાર, વિરતિ કરુણા અને પ્રેમ વગેરે પ્રથમ હરોળના ગુણોથી સુશોભિત બની રહીને ઉન્નત મસ્તકે, અભયને વરીને જીવન જીવી રહી છે; જેણે આતતાયીઓને મારી હઠાવ્યા છે; દુષ્ટોને જેર કર્યા છે; દુષ્ટતાને નાથી છે; જેણે શીલાદિનું પાલન કરીને વીરપુત્રો અને વીરાંગનાઓની જગતને ભેટ ધરી છે; જેણે કદી ક્યાંય ભીખનો હાથ લંબાવ્યો નથી; ગુલામીની સેજ ઓઢી નથી એવી પ્રજાના મૂળમાં એવું તે શું હતું? જેથી એ આવું જીવન પામી એ જાણવાની સહુને ઈચ્છા થાય તે સહજ છે.

એના મૂળમાં હતી ચાર પુરુષાર્થની સંસ્કૃતિ. એ ચાર પુરુષાર્થમાં પ્રધાન હતો મોક્ષ પુરુષાર્થ; અને એના સાધનભૂત હતો ધર્મ પુરુષાર્થ.

અર્થ અનર્થ ન બની જાય અને કામ, દુરાચાર ન બની જાય તે માટે તે અર્થ અને કામમાં ય નીતિ, સદાચાર આદિનો ધર્મ ઘાલી દેવામાં આવ્યો હતો.

જ્યાં 'મોક્ષ' જ સર્વનું અનન્ય લક્ષ હોય; જ્યાં ધર્મ જ જીવનનો શ્વાસપ્રાણ બન્યો હોય; જ્યાં અર્થ-

કામને પણ ધર્મથી નિશ્ચિત કરવામાં આવ્યા હોય ત્યાંની પ્રજા પુણ્યનું અઢળક ભાથું બાંધે તેમાં શી નવાઈ ?

આથી જ આ પ્રજામાં એવી અનેક પુણ્યવંતી વિશિષ્ટ પુણ્યશાલિની વ્યક્તિઓ હતી; જે બુદ્ધિ, પ્રતિભા, બ્રહ્મચર્ય, શૌર્ય, વિદ્વત્તા, કવિત્વ, ત્યાગ, તપ, સંન્યાસ વગેરેમાંથી કોઈને કોઈ ગુણને બેનેડ કરીને સિદ્ધહસ્ત કરી લેતી હતી. આવાં વૈશિષ્ટ્ય ધરાવતી વ્યક્તિઓનું પ્રજામાં નોખું અને અનોખું સ્થાન તરી આવતું. સહુ એને માન આપતા; સન્માનતા; એનાં ગૌરવોને ગાવામાં ગૌરવ અનુભવતા. સહુ એની અદબ પણ જાળવતા.

આવા વિશિષ્ટ પુણ્ય ધરાવતા વ્યક્તિત્વની રક્ષા માટે કયારેક બલિદાનો પણ દેવાતાં. વિશ્વના એ જવાહરના પણ જવાહરની રક્ષા કાજે રણ પણ રમાતાં અને શિર પણ વધેરાતાં. સહુ કહેતા. "લાખો મરજો પણ એનો તારણહાર ન મરજો."

એક દેશની પ્રજાએ પોતાના સંતને શત્રુપક્ષે અપહરણ કરી લેતો જાણ્યો ત્યારે તે સંતને પાછા મેળવવા માટે પ્રજાએ અખૂટ ઝવેરાતનું ભેટણું ધર્યું તો ય રાજા ન રીઝયો. જાતજાતના ઉપાયો કર્યા તો ય રાજાએ પ્રાણપ્યારા સંતને છોડવાની ના પાડી ત્યારે પ્રજાજનોએ જોઈએ તેટલાં પોતાનાં માથાં કાપી લેવાની વાત મૂકી. પણ તો ય શત્રુ રાજા ન રીઝયો ત્યારે ખુદ રાજા તેની પાસે ગયો અને પોતાનું મસ્તક ઉતારી લઈને સંતપુરુષ

પ્રજાને પાછા સોંપવાની પગમાં પડીને કાકલૂદી કરી ત્યારે શત્રુરાજાનું નિષ્ઠુર હૃદય પણ હલબલી ગયું અંતે તેણે કશા ય બદલા વિના તે સંતપુરુષ પ્રજાને પાછા સોંપી દીધા !

આવી હતી; આ દેશની પ્રજાની કલ્પના કે વિશિષ્ટ પુણ્યવંતી વ્યક્તિઓનાં મૂલ ઘણાં છે; તેમનાં તો ગમે તે રીતે જતન કરવાં જ રહ્યા. આવી હતી; પ્રજાની લોખંડી તાકાતના મૂળમાં પડેલી સમજ.

પણ પ્રજાની એ 'લોખંડી તાકાત'ની વાત અહીં જ પૂરી થઈ જતી નથી. રે ! એ 'લોખંડી તાકાત'ની કથાની આ તો હજી શરૂઆત જ થઈ છે. ચાલો, હવે જરાક આગળ વધીએ.

આર્યાવર્તની પ્રજાએ વિશિષ્ટ પુણ્યશાલી વ્યક્તિને ભારે મહત્ત્વ આપ્યું હતું. પણ જો રાષ્ટ્ર [દેશ = ધરતી] ઉપર આફત આવતી તો તે વિશિષ્ટ પુણ્યવંતી વ્યક્તિઓ પોતાનો જાન કુરબાન કરી દેતાં પળનો ય વિલંબ ન કરતી, કેમકે સહુ માનતા હતા કે આર્યાવર્ત ખૂબ મહાન છે. આ ધરતીના કણકણમાં સંતોનું સત ઘુમરાઇ રહ્યું છે. એવી ધરતીની રક્ષા કાજે બધું જ ફના કરી દેવું જોઇએ, ગમે તેવી મહાન વ્યક્તિએ પોતાનો ભોગ આપી જ દેવો જોઇએ.

આવી સમજણના કારણે જ રાષ્ટ્ર ઉપરનાં આક્રમણો- ને મારી હઠાવવા રજપૂતો (ક્ષત્રિયો) એ રણસંગ્રામો

એલ્યા છે અને મોતને મધથીય આછેરું મીઠું ગણીને
લેટયા છે. એમની તો એ માન્યતા જ હતી કે રણમાં
મરતો રજપૂત જ સ્વર્ગે જાય.

આર્યાવર્તની લોખંડી તાકાતનું આ બીજું ચરણ : કે
રાષ્ટ્રરક્ષા કાજે કોઈ પણ વ્યક્તિ કોઈ પણ કુરબાની
આપે.

લાખો વ્યક્તિઓએ આવી કુરબાનીઓ રાષ્ટ્રરક્ષાના
ચરણે ધરી દીધી છે. આ વિષયમાં મન્ત્રીશ્વર કલ્પકનો
પ્રસંગ ખૂબ જ રોમાંચક છે. એક માણસ રાષ્ટ્રરક્ષાની
ખાતર પોતાની અને તમામ કુટુંબીજનોની આહૂતિ આપી
દેવા સુધીના પુરુષાર્થની અગનજ્વાળામાં કેવો ઝંપલાવે
છે તે તો એ ઐતિહાસિક સત્ય ઘટના જ તમને કાનમાં
કહી જશે.

લોખંડી તાકાતનું ત્રીજું ચરણ : આર્યાવર્તની
લોખંડી તાકાતનું ત્રીજું ચરણ છે. રાષ્ટ્રનો (ધરતીનો)
ભોગ દેવો જ પડે તો દઈને પણ પ્રજાની રક્ષા કરો.

વ્યક્તિ કરતાં રાષ્ટ્ર મહાન, રાષ્ટ્ર કરતા પ્રજા મહાન.

એવા કેટલાક પ્રસંગો સાંભળવા મળે છે, જેમાં
આખી ને આખી પ્રજાએ પોતાનું જીવન બચાવી લેવા
માટે રાષ્ટ્ર બીજાને ધરી દીધું છે યા તો પોતે જ રાષ્ટ્રનો
ત્યાગ કરી દીધો છે. પછી જ્યારે તક મળી ત્યારે તે
પ્રજાએ સ્વ-રાષ્ટ્રનો પાછો કબજો પણ મેળવી લીધો હતો.
આમ અવસરજ્ઞ બનીને પ્રજા પોતાનું અસ્તિત્વ અને

વ્યક્તિત્વ ટકાવી રાખતી હતી પણ ઝનૂનમાં આવીને કે બુદ્ધિના સાવ જડ બનીને પોતાનું અસ્તિત્વ જ નષ્ટ કરી દેવાની મુર્ખામી તે કદી ન કરતી. 'જીવતો નર ભદ્રા પામે' એ આ જ આર્યાવર્તની કહેવત છે ને?

ચોથું ચરણ: પ્રજા કરતાંય ચાર પુરુષાર્થની મોક્ષલક્ષી, ધર્મપ્રધાન સંસ્કૃતિ મહાન છે, માટે પ્રજાનો ભોગ લઈને પણ સંસ્કૃતિની રક્ષા કરો.

આ હતું આર્યાવર્તની લોખંડી તાકાતનું ચોથું ચરણ. સંસ્કૃતિની રક્ષા ખાતર તો વ્યક્તિ પણ ભોગ આપે, રાષ્ટ્રનો પણ ભોગ લેવાય અને પ્રજાનું પણ બલિદાન આપી દેવું પડે.

સંસ્કૃતિ તો આ પ્રજાની જીવાદોરી છે. આધાર છે. એના જીવનમાં જ પ્રજાનું ગૌરવવંતુ જીવન છે. સંસ્કૃતિનો નાશ થયા બાદ જો કોઈ પ્રજાજનો જીવતા રહ્યા તો તે મડદાંથી પણ વધુ ગંધાઈ ઊઠેલા સમજવા. એવા જીવનમાં અન્યાય, અનીતિ અને દુરાચાર વગેરેની બદબૂ જ મળે. નિર્વીર્યતા, નિર્માલ્યતા કે નપુશંકતાના કીડા જ પડેલા જડે.

ચૂંથવાથી પ્રાણહીન થયેલા પુષ્પની ગુલાબી લાલી કેટલી ટકે? થોડી જ વારમાં તે કરમાય; તેમાંથી ગંધ જ પ્રગટે; તેનાં કીડા જ પડે.

શા માટે રામચન્દ્રજીએ સીતાનો વનમાં પરિત્યાગ કર્યો? પોતે તો સીતાજીને 'મહાસતી' જ માનતા હતા;

પછી લોકાપવાદને તે આધીન કેમ થયા ? બેશક, લોકપવાદ ધ્યાનમાં લેવો તે ગુણ છે પણ રામચન્દ્રજીને તેની પાછળ શું દેખાયું કે નિર્દોષ એવાં એક પ્રજાજનનો (સીતાજીનો) ભોગ લેવાનું પગલું ભર્યું ?

વિચાર કરતાં એમ લાગે છે કે એમ કરવાની પાછળ સંસ્કૃતિરક્ષાની જ એક સુવિશુદ્ધિ નેમ હતી. રામચન્દ્રજી એવું માનતા હતા કે "શુદ્ધ એવી પણ સીતાને જો હવે મહેલમાં રાખીશ તો લોકો બેફામપણે યદ્વાતદ્વા બોલશે કે, 'બાયડીઘેલા રામે, કુલટાને ઘરમાં રાખી.'

એટલું જ નહિ પણ લોકો પણ 'યથા રાજા તથા પ્રજા' ન્યાયે તેવું અનુકરણ કરવા લાગશે.

જો આમ થશે તો ઘર ઘરમાંથી શીલ અને સદાચારની સંસ્કૃતિનો મૂળમાંથી નાશ થઈ જશે. આવી સ્થિતિમાં જો સંસ્કૃતિની રક્ષા મારે જારી રાખવી જ હોય તો સીતાને વનમાં મોકલી જ દેવી જોઈએ."

સંસ્કૃતિની રક્ષાના એકમેવ કારણ ખાતર રામચન્દ્રજીએ પોતાના અત્યન્ત નિકટ પ્રજાજનનો—વહાલી પત્નીનો—ભોગ લીધો.

નારીઓના શીલની રક્ષા ખાતર હિટલર જેવાએ પણ તેમને જાહેર-સ્થાનો ઉપર જતી અટકાવી; તેમને ઘરમાં જ રહીને સ્વકર્તવ્ય બજાવવાનો હુકમ કર્યો. આમ

થતાં નારીઓનું સ્વચ્છંદનું સુખ ઘવાયું પણ હિટલરે તેની પરવાહ ન જ કરી.

સંસ્કૃતિની રક્ષા ખાતર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, સ્ત્રી કે પુરુષ, સાધુ કે સંસારી, રાજા કે પ્રજા–તમામને કાંઈ ને કાંઈ બલિદાન ફરજિયાતપણે આ આર્યાવર્તમાં આપવાનું હોય જ છે. દરેકને બંધનો હતાં, મર્યાદાઓ હતી. એના વર્તુળમાં દરેકને રહેવું જ પડતું. ગમા કે અણગમાનો ત્યાં પ્રશ્ન જ ઉપસ્થિત થતો નહિ. નારીને કદી એમ લાગતું જ નહિ કે, "મને ઘરકૂકડી કેમ બનાવી છે?" તો પુરુષને કદી એમ થતું જ નહિ કે, "પૈસા કમાવાની ઢોર મજૂરી અને બધી જવાબદારી મારા જ માથે કેમ નાંખવામાં આવી છે?" ક્ષત્રિય કદી એવી ફરિયાદ કરતો જ નહિ કે, "મને કેમ તોપના મોં સામે ધરવામાં આવે છે અને જાતની બાજીઓ લગાવાય છે?"

બ્રાહ્મણ કદી કોઈને એવું પૂછતો જ નહિ કે "વિદ્યોપાર્જન સિવાય વૈભવવિલાસનું સુખ મને કેમ ન મળે?" ઈત્યાદિ.

કેમકે સહુ સ્વકર્તવ્ય સમજતા; સહુ એમાં રહીને સંસ્કૃતિરક્ષા કરતા. જેટલી જીવંત સંસ્કૃતિ! તેટલો જીવંત આર્યાવર્તનો આદમી! પછી તે કોઈ પણ હોય! ક્ષત્રિય હોય, શૂદ્ર હોય કે ભિક્ષુક હોય!

જો તળાવમાંથી પાણી સમૂળગું શોષાઈ જાય તો એક પણ માછલી બચે ખરી ? ભલે ને, કિનારેથી કોક માયાવી ગોળમિશ્રિત ચણાના લોટની ગોળીઓ માછલીઓને નાંખતો હોય ! ભલેને તે ગોળીઓ ખાઈ લેતી માછલીઓ થોડીક તગડી બનતી દેખાતી હોય !

પાણી જ જેનું જીવન છે એને તો પાણીના શોષણમાં 'સર્વનાશ'થી જરા ય ઓછું સાંપડવાનું જ નથી.

પાણી એટલે સંસ્કૃતિ; અને માછલી એટલે પ્રજા; માયાવી જન એટલે ગોરા મુત્સદ્દીઓ; ચણાની મીઠી ગોળીઓ એટલે જાતજાતની મદદો.

કેટલાક સૈકાઓ પૂર્વે આ દેશમાં સંસ્કૃતિરક્ષા કાજે ત્રણ ત્રણ પ્રાણો સ્વયમેવ અપાયાની અદ્ભૂત ઘટના બની છે. શીલ સાથે ત્રણ બલિદાનો :

ભારતના એક રાજ્યનો એ રાજા હતો. એનું નામ હતું, વત્સરાજ.

ઈશ્વરનો એ ભક્ત હતો, દુઃખિતોનો એ મિત્ર હતો; જાતે એ પવિત્ર હતો. એના વિશુદ્ધ જીવનના પ્રભાવથી જ એનું રાજ્ય સમૃદ્ધ હતું, સ્વસ્થ હતું અને ખૂબ શાન્ત હતું. પ્રજા એને ચાહતી હતી, મિત્રો એનો સત્સંગ ઇચ્છતા હતા. સેવકગણ આવો સ્વામી મળ્યાની ખુમારી માણતો હતો.

ધર્માત્મા વત્સરાજને એક વખત તીર્થ-યાત્રાઓ

કરવાનો મનોરથ જાગ્યો. યુવરાજને રાજ્યનો ભાર સોંપી દઇને સારા દિવસે એણે યાત્રાપ્રવાસ શરૂ કર્યો.

બે ત્રણ માસ પસાર થયા હશે ત્યાં યુવરાજના જીવનમાં એક ભયંકર ઘટના બની ગઇ.

એક દિવસ યુવરાજ મહેલના ઝરૂખે પોતાના મિત્ર સાથે વાતો કરતા બેઠા હતા. તે સમયે રાજમાર્ગ ઉપરથી કેટલીક પનિહારીઓ પસાર થઈ.

કોણ જાણે કેમ, એ દિવસે નીચેથી પસાર થતી બે બ્રાહ્મણકન્યાઓ ઉપર યુવરાજની નજર કાંઈક કામુક બની ગઇ. લસલસતું એમનું જોબન યુવરાજના દિલને સ્પર્શી ગયું.

પણ પળ બે પળ વીતી ન વીતી ત્યાં જ યુવરાજ એકદમ સ્વસ્થ બની ગયા.

ચિત્તના ગગનમાં ધસી આવેલી વિકારની કાળી વાદળી એકદમ વિખરાઈ પણ ગઇ!

પરન્તુ યુવરાજને કેમે ય ચેન પડતું નથી. મારાથી આ કેવું અકાર્ય થઈ ગયું ? એ વિચાર શત-શત કીડીઓના ચટકાથી પણ વધુ વેદના તેના અંતરે જન્માવી ગયો!

વેદના અસહ્ય બનતાં સમીપવર્તી મિત્રને એણે વાત કરી અને પછી કહ્યું, "મિત્ર આજે તો મનથી જ પાપ થયું છે પણ કાલે કોણ જાણે કાયાથી ય શું નહિ થાય ?

મારું જીવન–ભવન ભ્રષ્ટ થાય એ પાં જ એને ધરતીલડે ઉપર પછાડી દઈને ખતમ કરી નાંખવું જ સારું.” આટલું કહીને તરત જ યુવરાજે બારીમાંથી બહાર ઝંપલાવી દીધું. ધરતી ઉપર પછડાતાં જ ખોપરી ફાટી ગઈ. યુવરાજ તત્ક્ષણ મૃત્યુ પામ્યા.

થોડી જ ક્ષણોમાં વાયુવેગે યુવરાજના આપઘાતની અને તેના કારણની વાત ફેલાઈ. પેલી બે વિપ્રકન્યાઓને પણ આ વાવડ મળ્યા. વધુ તપાસ કરતાં એ વાતની પણ જાણકારી મળી કે તે બે વિપ્રકન્યાઓનું રૂપ જ યુવરાજનો પ્રાણ લેનારો ગોઝારો કૂવો બન્યું છે!

આ હકીકત જાણીને વિપ્રકન્યાઓને ભારે આઘાત લાગ્યો.

એમણે વિચાર કર્યો કે આપણા રૂપમાં જ કામુકતાનો પ્રવેશ થયો હોય તો જ બીજાના અંતરમાં કામ જાગે! શું આવો સામાન્ય નિયમ નથી!

હવે જો આપણી જ સ્થિતિ આવી હોય તો આવતી કાલે આપણું પતન નહિ થાય? એવું પતિતાનું જીવન જીવવા કરતાં તો બહેતર છે કે પવિત્ર જીવનમાં જ આપણે પ્રાણ છોડી દેવા.

બે ય બેનોએ આ વિચાર કરીને એ જ રાત્રિએ પોતાના પ્રાણત્યાગ કરી દીધા.

બીજે દિવસે સવારે આખા નગરમાં આ ઘટનાના સમાચાર વ્યાપી ગયા ત્યારે ઘર ઘરની નારીઓએ તે

વિપ્રકન્યાઓને અંતરથી વધામણાં આપ્યાં. એમના શબ ઉપર પુષ્પાંજલિ અર્પી વૃદ્ધાઓ કહેવા લાગી : આ બલિદાનો કદી એળે નહિ જાય. ભારતની ધરતી ઉપર થનારી ભાવી પ્રજાના શીલનો ગઢ આ બલિદાનોના રક્તથી વધુ જીવન પામી ગયો !

દિવસો જતાં રાજા વલ્લરાજ નગરમાં આવ્યા. આવતાંવેંત તેમને સઘળા સમાચારો મળ્યા. નગરના અગ્રણી નાગરિકોએ અત્યંત શોકાર્ત બનીને વલ્લરાજને આ સમાચાર આપ્યા હતા. સહુના અંતરમાં એક જ કોયડો ચકાવા મારી રહ્યો હતો કે પુત્રના તથા બે પ્રજાજનોના મૃત્યુના સમાચાર સાંભળતાં રાજાસાહેબને કેવો કારમો આઘાત લાગશે ? એ આઘાતને નહિ જીરવતાં અંતે તેમને પણ કદાચ યમરાજ આ દુનિયામાંથી ઉપાડી લેશે.

પણ નાગરિકોની આ માન્યતા ધરાર મિથ્યા ઠરી. જ્યારે તેમણે રાજાસાહેબને આ સમાચાર આપ્યા ત્યારે જરાય અસ્વસ્થ થયા વિના વલ્લરાજે તેમને કહ્યું, "હજી મારા પૂર્વજોનું પુણ્ય ગગનમાં મધ્યાહ્ને તપી રહ્યું છે. એથી જ મારો પુત્ર અને મારી દીકરીઓ કુશીલતાનો માનસિક સ્પર્શ પણ ન કરી શક્યાં. જીવનમાં કોઈ કલંકનો કાળો ડાઘ લાગતાં પહેલાં જ તેમણે પોતાના પવિત્ર દેહમાંથી પ્રાણ છોડી દીધા ! ઓ ઇશ ! તારી આથી વધુ મહેરબાની મારા ઉપર બીજી શી હોઈ શકે ?"

આર્યાવર્તની લોખંડી તાકાતનાં ચાર ચરણો આપણે જોયાં; સન્માન્યાં. (૧) પુણ્યવંતી વ્યક્તિની રક્ષા. (૨) વ્યક્તિભોગે રાષ્ટ્રરક્ષા. (૩) રાષ્ટ્રભોગે પ્રજારક્ષા. (૪) પ્રજાભોગે સંસ્કૃતિરક્ષા.

લોખંડી તાકાતનું પાંચમું ચરણ: સંસ્કૃતિ કરતાંય મોક્ષલક્ષી ધર્મ (ધર્મક્રિયાઓ) ખૂબ મહાન છે. સંસ્કૃતિને ગૌણ કરીને પણ ધર્મરક્ષા કરવી પડે તો તેમ કરી લેવું જરૂરી માનવામાં આવ્યું છે. ધર્મની રક્ષા ખાતર વ્યક્તિનો, રાષ્ટ્રનો, પ્રજાનો કે સંસ્કૃતિનો પણ ભોગ લઈ શકાય. બેશક; એવી જ કોઈ કટોકટીની પળોમાં સ્તો.

આ વિષયમાં આગળ વધતાં પહેલાં સંસ્કૃતિ અને ધર્મ વચ્ચેનો તફાવત એક જ વાકયમાં હું સમજાવું.

વાનરને નર બનાવે તે સંસ્કૃતિ અને નરને નારાયણ બનાવે તે ધર્મ. અથવા પશુથી માનવને જે જુદા પાડે તે સંસ્કૃતિ; માનવને જે મહામાનવ બનાવે તે ધર્મ.

ન્યાય, નીતિ, દયા, પ્રેમ વગેરે તત્ત્વો કે જે સઘળાં મોક્ષલક્ષી ધર્મના પાયામાં લગભગ સર્વસંમતરૂપે સ્વીકૃત બન્યાં છે તે બધાં સંસ્કૃતિનાં અંગો છે. આ અંગોના પાલનથી માણસ ખરા અર્થમાં માણસ બને છે. એનામાં માણસાઈ–સજ્જનતા–આવે છે. આ પછી તો ધર્માનુષ્ઠાનો કરવાનો અધિકાર પ્રાપ્ત કરે છે. આ ધર્માનુષ્ઠાનો તે ઇન્સાનને ભગવાન બનવા સુધીની કક્ષાએ મૂકી શકે છે.

ધર્મ અને ધર્માનુષ્ઠાનો તો તે જ કહેવાય જેનાથી

નિશ્ચિતપણે આત્માને મોક્ષ મળે. જો ધર્મક્રિયાઓ પણ મોક્ષ આપવાને બદલે સ્વર્ગાદિ ગતિનો સંસાર જ આપતી હોય તો અર્થ અને કામ પણ તેવા જ સંસારવર્ધક છે, તો તે બધામાં ઝાઝો ફરક જ રહે નહિ. માટે જ ધર્મ તેને જ કહેવો જોઇએ કે જે સાક્ષાત કે પરંપરયા પણ મોક્ષ જ આપવાનું સામર્થ્ય ધરાવતો હોય.

આવા ધર્મની રક્ષા ખાતર સંસ્કૃતિને પણ ગૌણ કરી શકાય. 'ધમ્મે માયા નો માયા' આ એક જ સૂત્ર દ્વારા આ હકીકતને શાસ્ત્રકાર પરમર્ષિઓએ અદ્ભુત રીતે સમજાવી દીધી છે.

ઉપરની કક્ષાના ગુણોને સિદ્ધ કરવા માટે કે તે ગુણોની રક્ષા કરવા માટે નીચલી કક્ષાના ગુણોને ગૌણ બનાવવા પડે કે અવગુણને અપનાવવો પડે તો તે વિકાસની જ પ્રક્રિયાનું એક અંગ છે.

ધર્મસિદ્ધાન્તની રક્ષા માટે મયણાસુંદરીને પિતાની સામે થવા જેવું પણ ક્યાં નથી કરવું પડ્યું ?

મુનિજીવનની પ્રાપ્તિ માટે મુમુક્ષુને સરળતા દૂર મૂકવા જેવી કરીને માયા જેવું આચરણ ક્યાં નથી કરવું પડતું ?

ધર્મરક્ષા કાજે નીચલી કક્ષાના માનવોને ચશમપોશી કરવી પડે તો તેમ કરી લેવાની વાત પણ શાસ્ત્રકાર પરમર્ષિઓએ ક્યાં નથી જણાવી ?

ધર્મ અને ધર્મક્રિયાઓ (ધર્મસ્વરૂપ)નું સ્થાન માનવના વગેરે સંસ્કૃતિનાં પાયાનાં તત્ત્વો કરતાં બેશક ચડીઆતું છે.

કુમારિલ ભટ્ટ નામના પંડિતે પોતાના વૈદિક ધર્મની રક્ષા ખાતર બૌદ્ધોની સામે કેવું માથું ઊંચક્યું ? ક્યા સુધી પ્રયત્નો કર્યા ? અને અંતે કેવી જાનફેસાની કરી ? તે પ્રસંગ જાણવા જેવો છે. આ વ્યક્તિના જીવનનાં બીજાં પાસાંઓને વિચારવાનું કે નજરમાં લેવાનું અહીં અપ્રસ્તુત સમજીને આપણે ચાલવાનું છે. માત્ર ધર્મરક્ષા માટે અપાતાં બલિદાન–જિંદાદિલીને જ આપણે સમજવાની છે અને તેને જીવનમાં પચાવવાની છે.

કુમારિલ ભટ્ટ :

ઘણાં વર્ષો પૂર્વે ભારતની અંદર બૌદ્ધ સંસ્કૃતિનો પ્રચાર વ્યાપક બની રહ્યો હતો. બૌદ્ધધર્મ નિર્વાણપદને તેવા પ્રકારે નથી માનતો કે જેવા પ્રકારે વૈદિકધર્મવાળા અને જૈન ધર્મવાળા–આપણે બધા–માનીએ છીએ. એ નિર્વાણનો અર્થ એવો કરે છે કે આત્માનું દીપકની જેમ સંપૂર્ણપણે બુઝાઈ જવું ! વૈદિકો અને જૈનો–આપણે નિર્વાણનું સ્વરૂપ 'આત્માનું સચ્ચિદાનન્દ ઘનસ્વરૂપનું પ્રગટીકરણ થવું' તેવું માનીએ છીએ. આત્મામાં સત ચિત્ અને આનન્દમયતા ઉત્પન્ન થવી એ આત્માની મુક્તિ છે. એ આપણો અને વૈદિકોનો મત છે.

બૌદ્ધદર્શને આત્માનું સચ્ચિદાનન્દમય જે નિર્વાણ-

સ્વરૂપ છે એનો લોપ કરવા માંડ્યો. વૈદિક અને જૈનદર્શનને અભિમત આત્માના નિર્વાણમાર્ગનો વિલોપ કરવાનો પ્રારંભ કર્યો, ત્યારે એક સંસ્કૃતિપ્રિય હૈયું આ વાત ખમી શક્યું નહિ.

કુમારિલ ભટ્ટ નામના બ્રાહ્મણ પંડિત કે જેઓ મીમાંસાદર્શનના પ્રણેતા છે એ, બૌદ્ધો દ્વારા થતી નિર્વાણપદની આ વિકૃતિને જોઈને કકળી ઊઠ્યા. નિર્વાણ-પદ સાધક સંસ્કૃતિના પ્રખર હિમાયતી કુમારિલ ભટ્ટનો આત્મા અકળાઈ ઊઠે છે. નિર્વાણપદનું વિકૃતસ્વરૂપ એમનાથી જોયું જાતું નથી...અને...એ બૌદ્ધદર્શનનો પ્રતિકાર કરવા માટે સંકલ્પ કરે છે.

બૌધ્ધદર્શન મધ્યમમાર્ગી હતું એટલે ઉગ્ર દેહદમન અને તપ–ત્યાગાદિનું એમાં વિશેષ જોર નહિ; આથી એમનો મત જલ્દીથી સ્વીકૃત થવા લાગ્યો. તે કાળના રાજાઓ પણ બૌદ્ધધર્મનો સ્વીકાર કરવા લાગ્યા. પ્રજામાં પણ બૌદ્ધધર્મ વ્યાપક બનવા લાગ્યો. મસ્તીમાં રહેવું. મોજ કરવી અને મુક્તિ મેળવવી. આવો સરલ માર્ગ કોને ના ગમે? સહુ એનો સ્વીકાર વ્યાપક રીતે કરવા લાગ્યા.

આ જોઈને કુમારિલ ભટ્ટનો અંતરાતમ અતિશય વેદના અનુભવવા લાગ્યો. એનાથી આ ખમિ શકાતું નથી. આર્યાવર્તીય સંકકૃતિના નિર્વાણપદની આ વિકૃતિને એ સહન કરી શકતા નથી અને કુમારિલ બૌદ્ધશાસ્ત્રોનો અભ્યાસ કરવા લાગ્યા....

આ કુમારિલ નિર્વાણસાધક સંસ્કૃતિનો એવો જ સંરક્ષક હતો. સંસ્કૃતિની રક્ષા માટે પ્રાણની ન્યોચ્છાવરી કરવાની ખેવના ધરાવનાર હતો...એણે બૌદ્ધશાસ્ત્રોનો પ્રકાંડ અભ્યાસ કરીને; એ શાસ્ત્રોની નબળી કડીઓ પકડી લીધી...ત્યાર બાદ બૌદ્ધ બની ગએલા રાજાઓ પાસે જઈને એણે વાદ કરવા માટે આહ્વાનો આપ્યાં. રાજાઓની ખુશામત કરવા કાજે બૌદ્ધ પંડિતોમાં રૂપાંતરિત થઈ ગએલા; બ્રાહ્મણ પંડિતો સાથે વાદ કરીને; કુમારિલ ભટ્ટે ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો. નિર્વાણપ્રાપક-ધર્મની શાન બઢાવવા કાજે એણે તનતોડ પ્રયત્ન આદર્યો. પરંતુ... કમનસીબી એ બની કે રાજાઓ કહેવા લાગ્યા કે, "કુમારિલ! વાદ તમે ભલે જીતી ગયા! યુક્તિઓ ભલે તમારી પાસે વધારે રહી! પરંતુ અમે તો બૌદ્ધ ધર્મને જ સ્વીકારીશું. બૌદ્ધદર્શનનો પરિત્યાગ અમે કરી શકનાર નથી...અમને તો એ જ ધર્મ ગમે છે." આ સાંભળીને કુમારિલની આંતરવેદના વધી જાય છે.

ઠેર ઠેર વાદો કરીને, વિજય પ્રાપ્ત કરીને, એ બૌદ્ધ-સમ્મત નિર્વાણનો છેદ ઉડાડે છે. આર્ય-સંસ્કૃતિને માન્ય નિર્વાણમાર્ગની સ્થાપના કરે છે. છતાં ય...એને એના કાર્યમાં સફળતા સાંપડતી નથી...રાજાઓ અને પ્રજાઓ બૌદ્ધધર્મનો ત્યાગ કરવા તૈયાર થતાં નથી.

અંતે કુમારિલ એક યુવાનની શોધમાં નીકળે છે કે જે એના 'મિશન'ની દોરીને આગળ ધપાવે...જે એના

શુદ્ધ નિર્વાણની વિચારધારાને વિશ્વમાં પ્રસરાવીને વિકૃત નિર્વાણની વિચારધારાને તોડે.

કુમારિલને એકની જ જરૂર છે. એને ઘણા ખપતા નથી...એક પણ વીર સપૂત એને મળી જાય એટલે એ પોતે આત્મસંતોષ માણી લેવા તૈયાર છે.

જેને કેસરિયાં જ કરવાં છે એને ઘણાંની જરૂર નથી. ઘણાંની જરૂર તો યુદ્ધમાં લડીને વિજય મેળવવાની ખેવનાવાળાઓને હોય...કેસરિયાં કરનારાઓ લઘુમતિ કે બહુમતિના વિચાર કરતા નથી. ધર્મની સંરક્ષા કાજે એ લોકો બહુમતિના કુ-ખ્યાત તૂતનો વિચાર સુદ્ધાં કરતા નથી.

જેને બલિદાન જ દેવું છે; જેને જીવનનું અર્પણ જ કરવું છે, એને ઘણાંની જરૂર શી? અમારે ત્યાં ધર્મસંતો પહેલાં ખૂબ જ સક્રિય બને, અથાગ પ્રયત્નો કરે; ધર્મરક્ષા કાજે તમારા જેવાઓને જગાડવા માટે રાડો પાડે, ધર્મસભાઓ યોજે, અને ધર્મરક્ષા સાટે કટિબદ્ધ બનવાનું એલાન પણ કરે, તો ય...જો તમે ન જ જાગો તો પછી અંતે, સંતો સક્રિયતામાંથી નિષ્ક્રિયતા તરફ વળે, પૂર્ણ નિષ્ક્રિય બની જાય...એમની એ નિષ્ક્રિયતામાંથી જ પછી સક્રિયતાનું પુનર્નિર્માણ થાય.

બલિદાન દેવા કાજે સંતોને તૈયાર થવું પડે. કેસરિયાં કરવા સાટે સજ્જ બનવું પડે. બલિદાન કોઈનાં નિષ્ફળ જતાં જ નથી...

· બલિદાન ક્યારે ય પણ સફળ થાય છે. બલિદાન દેનારાંને પછી આગાં–ઓછાંની ચિંતા રહેતી નથી.

· જીજીબાઈ એક જ હતાં...સ્વામી કોંડદેવ એક જ હતા...જેણે જીજીબાઈના પેટે અવતરેલા શિવાજીને 'શિવાજી' બનાવવાનું કામ કર્યું હતું ! શિવાજી એક જ હતા...અને એ શિવાજીને શૂરવીર બનાવવામાં પ્રચંડ પ્રેરણા પાનાર રામાયણનો અરણ્યકાંડ પણ એક જ હતો. બધું જ એક ! છતાંય એ એક–એકનો સરવાળો જ ધર્મ–સંસ્કૃતિના ધ્વજને ઊંચે આભમાં લહેરાવે છે.

કુમારિલ એકની શોધમાં છે. એને એક જ ખપે છે મર્દ, શૂરવીર અને ધર્મરક્ષા માટે પ્રાણ ધરનાર જવાંમર્દ !

અન્તે કુમારિલ નિર્વાણસાધક સંસ્કૃતિની ઘોર ખોદતી બૌદ્ધની નિર્વાણ માન્યતાના પ્રચણ્ડ પ્રચારથી દુઃખી થઈને; ત્રાસી જઈને; સંતપ્ત બની જઈને, ગામ બહાર મોટી તુષની ગંજી ઊભી કરાવે છે. ઘઉંનાં છોતરાંના ઢગલા ઉપર જઈને કુમારિલ બેસે છે. નીચેથી એ ગંજી ધીરે ધીરે સળગાવાય છે. ધીરે ધીરે આખી ગંજીમાં દાહકતા ઉત્પન્ન થવા માંડે છે. ઉપર બેઠેલો કુમારિલનો દેહ પણ તપી રહ્યો છે. શાંત અને ધીરે ધીરે સળગતો એ અગ્નિ કુમારિલને બે–ચાર કલાકમાં ભડથું કરી નાંખતો નથી. પરંતુ દિવસોના દિવસો જાય છે અને કુમારિલ શેકાતો જાય છે.

એના હૃદયમાં એક જ તમન્ના છે કે ધર્મની થઈ રહેલી આ ક્રૂર હાંસી, કોક દી મને જોતાં, કોઈના હૈયાને

અડી જશે. હું સળગી રહ્યો છું એ જોઈને કોઈ મને પૂછશે "તમે કેમ બળી રહ્યા છો ?" ત્યારે મારી આંતર-વ્યથા હું એને કહીશ. આમ મારું આ મૃત્યુ નિહાળતાં કોકનો આતમ જાગશે અને ધર્મને એ બચાવશે.

કુમારિલ બલિદાન દેવા તૈયાર થઈ ગયો છે. એનું એ બલિદાન એળે જાતું નથી. એ જે કોઈ યુવાનની શોધમાં છે એ યુવાન એને એક દી મળી જાય છે.

લોકો બધાં એને જોવા જાય છે પરંતુ કોઇ પૂછતું નથી કે "ભાઈ ! તમે કેમ બળી મરો છો ?" દૂર-સુદૂર એક યુવાન ઊભો હતો. એ જઈ રહેલાં લોકોને પૂછે છે, "ભાઇઓ ! તમે બધા ક્યાં જાઓ છો ?" ત્યારે લોકો જવાબ આપે છે. "એક મહાન્ પંડિત બળી મરે છે એને જોવા જઇએ છીએ ?" ત્યારે યુવાન પૂછે છે "એ કેમ બળી મરે છે ?" લોકો કહે છે "એ અમે પૂછ્યું નથી."

યુવાન અકળાઈ ઊઠીને કહે છે, "અરે ! તમે બધા મરતા પંડિતને જોવા જાઓ છો ? તમે કોઇ પૂછતા ય નથી કે, 'ભાઈ ! તમે કેમ મરી રહ્યા છો ?' એટલા બધા તમે સ્વાર્થનિપુણ બની ગયા છો ?" એ યુવાન લોકોની સાથે સાથે કુમારિલના દહનસ્થળે આવી ઊભો છે. આવીને દગ્ધ બનેલા કુમારિલને જોતાં જ એ અકળાઇ ઊઠે છે. ઉતાવળે એ કુમારિલને પૂછે છે. "ઓ મહાપંડિત ! તમે કેમ આમ મરી રહ્યા છો ? આ તમારી બળતી-ઝળતી કાયા મારાથી જોઇ જાતી નથી."

ત્યારે આનંદિત બની ગયેલા કુમારિલ મનોમન બોલી ઊઠયા "મારા આંતરનાદને સાંભળનાર યુવાન આજ મને મળ્યો ખરો ! મારું મૃત્યુ પણ હવે મંગલ બની જાશે."

કુમારિલ યુવાનને કહે છે, "ભાઈ ! તું મારી આ બળતી–જળતી કાયા જોઈ શકતો નથી. મારી અને તારી ધર્મ–માતા મરી રહી છે. એની બળતી–જળતી કાયા તું જોઈ શકે છે ? ઓ ! નવયુવાન ! મારી કાયા બળતી–જળતી તારાથી જોવાતી ના હોય તો તું ધર્મમાતાનાં ખેંચાઈ રહેલાં ચીરની રક્ષા કરવાના શપથ લે. બૌદ્ધો આજ આપણાં સચ્ચિદાનંદ ઘનસ્વરૂપ નિર્વાણપદને ઉડાડી રહ્યા છે. એને પરાસ્ત કરીને અહીંથી હાંકી કાઢવાનો સંકલ્પ કર ! હું આ ધર્મના થઈ રહેલા વિનાશને જોઈ શકતો નથી, એથી જ મારી કાયાને આજ જલાવી દઉં છું !"

યુવાનનું હૃદય કંપી ઊઠે છે. કુમારિલની મનોવેદનાને એ યથાયથ રીતે પરખી જાય છે અને તે જ ઘડીએ હાથમાં પાણી લઈને સોગન્દ લે છે, "ઓ ! મહાપંડિત ! તમારી આ ધર્મ–ભક્તિને મારા લાખ–લાખ વંદન છે. હું આ હાથમાં પાણી લઈને શપથ સ્વીકારું છું કે મારા શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી હું સત્યનિર્વાણપદસાધક ધર્મની રક્ષા કાજે પ્રયત્ન આદરીશ...મારા જાનની ફેસાની કરી દઈશ...તમે નિશ્ચિંત બની જાઓ."

યુવાનના એ શબ્દો સાંભળીને આનંદવિભોર બની ગએલા પંડિત કુમારિલ ત્યારે મૃત્યુને વરે છે. દગ્ધ

એમની કાયામાંથી પ્રાણપંખેરું ઊડી જાય છે. પોતાના 'મિશન'ને આગળ ધપાવનાર કોઈ માડીજાયો પોતાને મળી ગયો એનો આત્મસંતોષ લઈને સ્તો.

બંગાલી રાણી :

સ્વધર્મરક્ષા ખાતર એક નારીએ પોતાના પતિને છેવટે ખતમ કર્યાનો પ્રસંગ પણ ઇતિહાસના પાને અંકાયો છે. બંગાલમાં આ બીના બની હતી. રાજાની રખાત મુસ્લિમ હતી. રાજાને વશ કરી લીધા બાદ આખી પ્રજાને મુસ્લિમ બનાવી દેવાની તેણે વાત મૂકી. રાજાએ સમગ્ર નગરમાં આદેશ જાહેર કર્યો કે તમામ બ્રાહ્મણો વગેરે હિન્દુ–પ્રજાએ ઇસ્લામ ધર્મનો અંગીકાર કરવો.

રાજાના આદેશથી ધ્રૂજી ઊઠેલા ૫૦૦ વિપ્રો રાણી પાસે ગયા. પોતાના સગા ભાઈના ચુનંદા ૫૦૦ સૈનિકો સાથે લઈને તેણે પતિના મહેલને અચાનક ઘેરી લીધો. કટારી સાથે પતિ પાસે ગઈ. આદેશ પાછો ખેંચી લેવાનું જણાવ્યું, પણ રાજા કેમે ય ન માન્યો ત્યારે પતિહત્યાનું પાપ એ રાણીને કરવાની ફરજ પડી.

લોખંડી તાકાતનું છઠ્ઠું ચરણ : ધર્મક્રિયા કરતાં ય 'શાસન' મહાન છે. ક્યારેક ધર્મક્રિયાઓને, ધર્મના વાધાને પણ જતા કરીને શાસનરક્ષા [આજ્ઞાબહુમાનપૂર્વકની ધર્મક્રિયાઓ તો ધર્મ જ છે; તેમાં શાસન છે જ] કરવી જોઈએ.

આ વિધાનને પુષ્ટ કરતાં અનેક વિધાનો, પ્રસંગો

જૈનશાસ્ત્રોમાં આવે છે. મુનિજીવનમાં પણ તેવા કેટલાક અપવાદમાર્ગો પણ આવાં કારણોસર મૂકવામાં આવ્યા છે.

મગધરાજ બિંબિસારના સમયમાં શાસનરક્ષા કાજે જૈનસાધુએ સ્વવેષ બાળી નાંખવાનો પ્રસંગ બનેલો સાંભળવા મળે છે. તે સાધુને જાણીબૂઝીને વેશ્યા સાથે પૂરી દેવાયા હતા. બીજે દિવસે સવારે તેમને બેયને સાથે બહાર કાઢીને હજારો લોકોમાં જૈનશાસનની ફજેતી કરવાની રાજાની જ મુરાદ હતી. આ મેલી અને ભયંકર મુરાદને નિષ્ફળ બનાવી દેવા માટે અને શાસન-હીલનાના અતિઘોર પાપમાંથી નિમિત્ત બનતા ઉગરવા માટે એ મુનિ વેષનું દહન કરીને લંગોટી અને ભભૂતિ સાથે જ બહાર નીકળ્યા. જાણે, જોઈ લો કોઈ બાખી જોગીરો ! બાવો]

વાલી મુનિ, વિષ્ણુકુમાર, કાલકસૂરિજી મહારાજા વગેરેના જીવનપ્રસંગોમાં દેખીતી હિંસા કરીને પણ અહિંસા-ધર્મને દેખીતી રીતે વેગળો મૂકીને પણ તેમણે શાસનરક્ષા હાંસલ કર્યાનું અસંદિગ્ધ રીતે જોવા મળે છે.

સાચે જ, જિનશાસન મહાન છે. તેની રક્ષામાં લીલ, ફૂગ, બટાટાના અનંતજીવોથી માંડીને મહા-અપરાધી જીવો સુધીની રક્ષા સમાયેલી છે. જો એનો નાશ તો સર્વ જીવોના સાચા સુખ અને સાચી શાન્તિનો સર્વનાશ. એ શી રીતે ચલાવી લેવાય ?

વિષય-કષાયની કાતીલ અગનજ્વાળાઓમાં ભડકે જલતા જીવોની એ આગને ઠારે છે; એક માત્ર વીતરાગનું શાસન.

જૂઠ, પ્રપંચ અને કાવાદાવાથી ઘેરાયેલી દુનિયાને સત્ય અને સરળતાનો સંદેશ સુણાવે છે; જિનનું શાસન.

સાત વ્યસનથી અને મિથ્યાત્વથી માંડીને સર્વ પ્રકારનાં બાહ્ય-અભ્યંતર પાપોને ઓળખાવે છે; એક માત્ર ધર્મશાસન.

પછી સર્વ પ્રયત્ને એનું જતન શા માટે નહિ ? એ જતન કરવા જતાં જે કાંઈ કરવાની ફરજ પડે તે કરવામાં હિચકિચાટ શા માટે ? કોઈ પણ ત્યાગ, બલિદાન, કોઈ પણ સમર્પણ આ સર્વરક્ષક ધર્મશાસનની રક્ષા માટે કરવું જ જોઇએ. પણ પ્રશ્ન એ જાગે છે કે શાસનરક્ષા શી રીતે કરવી ! જો જગતમાં સર્વોપરિ જિનશાસન છે, જો એના હિતાહિતમાં સર્વનું હિતાહિત સમાએલું છે, જો એના પ્રકાશમાં એ સહુનાં સુખ અને શાન્તિ રહેલાં છે, જો એના અસ્તિત્વમાત્રથી સૂર્ય અગ્નિ વરસાવતો અટકયો છે, સમંદરોએ માઝા મૂકવાનું બંધ રાખ્યું છે, ધરા જોરદાર રીતે ધ્રૂજીને સહુને પોતાના પેટમાં ગરકાવ કરી દેવાની વાતને સ્થગિત કરી ચૂકી છે— તો એની રક્ષા—સેવા એ તો આપણે શ્વાસપ્રાણ જ બની રહેવો ઘટે ને ?

જો જિનશાસન છે તો ધર્મક્રિયાઓ છે; જો

ધર્મક્રિયાઓ છે તો ધર્મ છે, જો ધર્મો છે તો જ સંસ્કૃતિ છે, જો સંસ્કૃતિ જીવંત છે તો જ પ્રજાનું જણતર, જીવતર અને ઘડતર સાર્થક છે. જો તેવી આર્યપ્રજા છે તો જ આ ધરતી (રાષ્ટ્ર)ની કિંમત છે, જો ખમીરવંતુ રાષ્ટ્ર જીવે છે તો જ તેની પુણ્યવંતી વ્યક્તિઓનું જીવતર સફળ છે.

જિનશાસન વિનાની ધર્મક્રિયાઓ નકામી, ધર્મ વિનાની સંસ્કૃતિ નકામી, સંસ્કૃતિ વિનાની પ્રજા નકામી, ખમીરવંતી પવિત્ર પ્રજા વિનાનું રાષ્ટ્ર નકામું, એવા રાષ્ટ્ર વિનાની વ્યક્તિઓનું અસ્તિત્વ પણ નિરર્થક.

જો તમારે રાષ્ટ્રને બચાવવું હોય તો વિશિષ્ટ વ્યક્તિઓનો–બત્રીસલક્ષણાઓનો–ભોગ અવસરે અવસરે દેવો જ પડશે.

જો તમારે આર્યપ્રજાને ઉગારી લેવી હોય તો ક્યારેક રાષ્ટ્રને (ધરતીને) પણ ગૌણ કરવું પડશે.

જો તમારે સંસ્કૃતિને ઉગારવી હોય તો પ્રજાનાં ભૌતિક સુખ-સગવડોને મહત્ત્વ આપવાનું બંધ કરવું પડશે.

જો તમારે ધર્મરક્ષા કરવી હોય તો ક્યારેક મુત્સદ્દીગીરીના દાવ ખેલવા પડશે અને તેમાં સંસ્કૃતિને ગૌણ બનાવવી પડશે.

અને...જો તમે શાસનરક્ષા કરવા માંગતા હો તો ક્યારેક ધર્મરક્ષાને પણ ગૌણ ગણવી પડશે.

જિનશાસનરક્ષા વિના ધર્મરક્ષા સંભવિત નથી. ધર્મરક્ષા વિના સંસ્કૃતિરક્ષા સંભવિત નથી. સંસ્કૃતિરક્ષા વિના પ્રજારક્ષા અસંભવિત છે. પ્રજારક્ષા વિના રાષ્ટ્રરક્ષા મુશ્કેલ છે. રાષ્ટ્રરક્ષા વિના વ્યક્તિરક્ષા નિરર્થક છે. શાસનનો નાશ કરીને ધર્મને જીવાડી શકાતો જ નથી, લાખો પ્રયત્નો કરાય તો પણ ધર્મનો નાશ કરીને સંસ્કૃતિને ટકાવી શકાતી જ નથી, તે માટે ગમે તેટલી શલબાંગો પુકારાય તોય.

સંસ્કૃતિનો નાશ કરીને પ્રજાને સુ-પ્રજા બનાવી શકાતી જ નથી, ગમે તેટલાં ફાંફાં મારો તોય.

પ્રજાને નિર્વીર્ય, નિર્માલ્ય કરી નાંખ્યા બાદ પ્રજાનો નાશ કરીને રાષ્ટ્રની રક્ષા થઈ શકતી જ નથી, ચાહે તો લાખો માણસોનું લશ્કર સરહદ ઉપર ગોઠવો તોય.

રાષ્ટ્રની રાષ્ટ્રીયતાનો-રાષ્ટ્રવાદનો-નાશ કરીને વિશિષ્ટ પુણ્યશાળી વ્યક્તિઓ લાંબુ જીવી શકતા નથી યા તો દીર્ઘજીવી યશ પામી શકતી નથી, ચાહે તેટલી જોરદાર રીતે વ્યક્તિપૂજા ફેલાવાય તો ય.

જો આ ક્રમને તોડવામાં આવે કે ઊલટાવી નાંખવામાં આવે તો આર્યાવર્તની લોખંડી તાકાતનો સમૂળગો નાશ જોતજોતામાં-સૈકા-બે સૈકામાં-થઈને જ રહે એમ મને લાગે છે.

—જો પુણ્યવંતી વ્યક્તિ આ જગતમાં મહાન બની જવા માટે રાષ્ટ્રનો ભોગ લઈ લેશે.

—જે રાષ્ટ્ર [ધરતી] અદ્યતન બનવા માટે પ્રજાને બરબાદ કરી નાંખશે;

—જે પ્રજા પોતાનાં વ્યક્તિગત સુખો ભોગવવાની કારમી લાલચને વશ થઈને સંસ્કૃતિનો નાશ કરી નાંખશે;

—જે સંસ્કૃતિને વધુ પડતું મહત્ત્વ આપીને ધર્મ-તત્ત્વને ઉપેક્ષિત કરી દેવામાં આવશે;

—જો ધર્મક્રિયાઓને એ પ્રાધાન્ય આપીને જિન-શાસનને ગૌણ બનાવી દેવામાં આવશે તો ટૂંક સમયમાં જ આ બધું ય અંધાધૂંધીમાં અટવાઈ પડશે.

વ્યક્તિનું બળ રાષ્ટ્રમાં છે, રાષ્ટ્રનું બળ પ્રજાથી છે, પ્રજાનું બળ સંસ્કૃતિથી છે, સંસ્કૃતિનું બળ ધર્મથી છે અને ધર્મક્રિયાઓનું બળ જિનશાસનથી છે.

જેણે વિશિષ્ટ વ્યક્તિઓને જીવાડવી હોય તે રાષ્ટ્રને જીવાડો.

—જેણે રાષ્ટ્રને જીવાડવું હોય તે સુ-પ્રજાને જીવાડો;

—જેણે સુ-પ્રજાને જીવાડવી હોય તે સંસ્કૃતિને જીવાડો;

—જેણે સંસ્કૃતિને જીવાડવી હોય તે ધર્મક્રિયાઓને જીવાડો;

—જેણે ધર્મક્રિયાઓને જીવાડવી હોય તે જિન-શાસનને જયવંત રાખો.

શા. [illegible] જ્યાવલિમાં સહુનો જયજય

પણ અફસોસ ! જુઓ તો ખરા, આ જગત સામે...કાંઈક જુદું જ–સાવ અવળું જ જોવા નથી મળતું !

વ્યક્તિ પોતાનાં હિતોને જાળવવાના મરણીઆ પ્રયત્નો કરી રહી છે; અને તે ખાતર રાષ્ટ્રનો ભોગ આપી રહી છે; કોકના માટે તેને (ધરતીને) આબાદ કરી રહી છે; કોકને હવાલે કરી રહી છે.

અને રાષ્ટ્રને આબાદ બનાવવાની ધૂનમાં પ્રજાના સત્ત્વ; સુખ અને શાન્તિ બરબાદ કરાઈ રહ્યા છે. સુ-પ્રજાનું જાણે કયાંય દર્શન જ થતું નથી.

પ્રજા પણ પોતાનાં વ્યક્તિગત ભોગસુખોની કારમી ભૂખને સંતોષવા માટે શીલ, સદાચાર, ન્યાય, નીતિ, વિરતિ આદિની સંસ્કૃતિને ચિનગારી ચાંપી ચૂકી છે.

સંસ્કૃતિના રખોપાઓ પણ પોતાની સંસ્કૃતિરક્ષાને એટલું વધુ મહત્ત્વ આપી ચૂકયા છે કે તેમાં ધર્મક્રિયાઓનો ભોગ લેવાયો છે.

અને...અહા ! ધર્મક્રિયાના પક્ષકારો એટલી હદે ધર્મક્રિયાના વર્ધનમાં ધસી ગયા દેખાય છે કે તેમાં 'શાસન'નો ભોગ અપાઈ ગયો હોય તેવું જણાય છે !

આ ખૂબ જ ભયંકર બીના છે. આ અવળી ગંગાનાં ઘોડાપૂર સર્વનાશ વિના કશું જ ઓછું નહિ માંગે તેમ મને લાગે છે.

જિનશાસનને ઉપેક્ષીને ધર્મરક્ષા કરવાના મનસૂબા ધૂળભેગા થશે.

ધર્મક્રિયાઓને અવગણીને સંસ્કૃતિરક્ષાની વાતો થાય છે; પરમપદનું લક્ષ પરલોકની દૃષ્ટિ, પરમાત્મભક્તિ, પાપભીરુતા વગેરે તત્ત્વોને નષ્ટભ્રષ્ટ કરવામાં આડકતરો સહકાર સંસ્કૃતિરક્ષકો જ આપી રહ્યા છે. માટે જ તેઓ નિષ્ફળ જવાના છે.

દયા, પ્રેમ, પરાર્થ, કરુણાદિનાં તત્ત્વોને નગણ્ય સમજીને પ્રજાનું કલ્યાણ કરનારા સમજી જ રાખે કે પ્રજાનું કલ્યાણ કરવાની બીજી કોઈ રીત નથી; કોઈ શાહી નથી, કોઈ વાદ નથી.

ધર્મ અને સંસ્કૃતિના જીવંત જીવન વિના આ દેશની પ્રજા તો કદી પણ પોતાનું સુંદર અને શાન્ત જીવન બનાવી શકી જ નથી; ધર્મ અને સંસ્કૃતિને વેગળા રાખીને જે કોઈ બીજા પ્રયોગો અને અખતરાઓ થયા છે તે બધા ફારસ બનીને રહ્યા છે. એટલું જ નહિ પણ પ્રજાનું સાચું સુખ અને શાન્તિ જેટલી હદે જોખમાયાં છે કે પ્રજાને અસ્તિત્વ અને વ્યક્તિત્વ ટકાવવાના જંગ ખેલવા પડ્યા છે. હવે તો ખમૈયા કરો એ પ્રયોગોના અને અખતરાઓના !

અને... પ્રજાની આબાદીને અવગણીને રાષ્ટ્ર (ધરતી)ને આબાદ કરવાનો નવતર પ્રયોગ તો ખરેખર હારાકીરી સ્વરૂપ જ બની રહેશે. આવું તૈયાર આબાદ રાષ્ટ્ર કોઈ ભેદી લોકોના હાથમાં–આખું ને આખું–આવી જાય તો નવાઈ નહિ. નિર્માલ્ય બની ચૂકેલી પ્રજા એ લોકો

પ્રતિકાર કરવાની શક્તિ જ નહિ ધરાવતી હોય ત્યાં બીજી શી આશા રાખવી !

છેલ્લે; રાષ્ટ્રનો ય ભોગ આપી દઈને વ્યક્તિ કે વ્યકિતઓનો સમૂહ પોતાનું હિત કરી બેસે એ તો કેટલું બધું આઘાતજનક કહેવાય ? શું કોઈના હવાલે રાષ્ટ્ર કરી દેવાથી દૂધ-ઘીની નદીઓ વહેતી થાય તો તે માન્ય બની શકે ખરું ! તો પછી કહેવાતા સ્વરાજનો અર્થ જ શું રહે !

શું સ્વરાજ શબ્દમાં રહેલો 'સ્વ' શબ્દ રહસ્યમય છે ! 'સ્વ'થી હિન્દુસ્તાની લોકો ન લેતાં ગોરા-લોકો લેવાના છે ? તેમનું આ ભાવી-રાષ્ટ્ર કાળાઓના પસીનાથી અને બુદ્ધિ, શકિત તથા સંપત્તિથી ભવ્ય બનાવાઈ રહ્યું છે ?

આ બધું છે શું ? કોક તો કહો !

શું સ્વતંત્રતા પણ 'સાંસ્કૃતિક મર્યાદાઓમાંથી છુટકારો' અર્થમાં અભિપ્રેત હતી ? શું પાશ્ચાત્ય મૂલ્યોનો સ્વીકાર કરવાની સ્વતંત્રતા આ દેશને મળી હતી ? અસ્તુ.

લાંબી નજર કરો કે ઊંડું ચિંતન કરો તો ક્યાંય નજર પહોંચતી નથી; ચિંતનનું તળ દેખાતું નથી. જે કાંઈ નજરે ચડે છે તે જોતાં-વિચારતાં એમ લાગે છે કે કામ કરવાનું ક્ષેત્ર અતિ વિશાળ છે અને કામ કરવાની શકિત ખૂબ જ સ્થૂળ છે. જેમ કામ વધે તેમ તેને પહોંચી વળવા માટે શકિતઓ વધુ ને વધુ સૂક્ષ્મ જ બનવી જોઈએ.

રાષ્ટ્રનું સ્તર ખૂબ વિશાળ છે; પ્રજાનું (વિશ્વની કે ભારતની પ્રજાનું) સ્તર પણ ખૂબ વિશાળ છે. સંસ્કૃતિનું સ્તર પણ ખૂબ વિશાળ છે; અને ધર્મો પણ ઘણા બધા હોઈને તેનું સ્તર પણ અતિ વિશાળ છે. જિનધર્મનું ક્ષેત્ર કાંઈક નાનું ખરું, પણ તેને ય પહોંચી વળવાનું સહેલ નથી. રાષ્ટ્ર, પ્રજા, સંસ્કૃતિ વગેરે સ્તરોમાં જે બગાડ પેઠો છે તેને દૂર કરવાનું કામ કદાચ આસમાનના તારા તોડવા જેટલું જ કઠિન જણાય છે. એમાં વળી એ સ્તરોની વ્યાપકતા જ દિલને બેચેન બનાવી મૂકે તેવી છે.

હા...અપેક્ષાએ જિનધર્મનું સ્તર કાંઈક નાનું ખરું અને તેમાં બગાડ પણ ઓછો ખરો. એટલે આ ક્ષેત્રમાં શક્તિનો ઉપયોગ કાંઈક સફળતા પામે ખરો પણ તો ય તે ક્ષેત્ર પણ શક્તિની સ્થૂલતાનો વિચાર કરતાં તો ઘણું મોટું લાગે છે.

તે કરતાં જિનશાસનના ક્ષેત્રને જ પકડવું યોગ્ય જણાય છે. જો જિનશાસનની સુ-વ્યવસ્થાથી જ જિન-ધર્મોમાં પ્રાણ પુરાઈ જતો હોય; જો તે પછી બીજા ધર્મોના કૂવાના પાણીનાં તળ ઊંચાં આવી જતાં હોય; જો તેથી જ સંસ્કૃતિનાં મૌલિક તત્ત્વોનો ફાલ લચી પડતો હોય; અને જો તેથી જ પ્રજા સંસ્કૃતિ-ભક્ત બનીને સદાચારાદિ ગુણોથી હૃષ્ટપુષ્ટ બનતી હોય, એવી પ્રજાથી જ રાષ્ટ્ર પોતાનું વિશિષ્ટ ગૌરવ પામતું હોય તો શા માટે સર્વના

મૂળમાં પડેલા 'જિનશાસન'ની જ સેવા–ભક્તિસ્વરૂપ રક્ષામાં દિલ લગાવી ન દેવું ? આ ક્ષેત્ર અપેક્ષાએ તો નાનું છે જ.

પણ સબૂર ! જિનશાસનના ક્ષેત્રમાં પણ સફળતા પામવા માટે 'શક્તિ' તો સ્થૂળ નહિ જ ચાલે. પ્રચાર વગેરેને સ્થૂળ પરિબળો, ઔદયિક ભાવની પુણ્યાદિની સ્થૂળ શક્તિઓ કાંઈ જિનશાસન–રક્ષામાં કારગત ન જ નીવડી શકે.

રે ! એવી સ્થૂળ બળોની લાકડાની તરવારે લડવા નીકળી પડેલો આત્મા શાસનરક્ષાનો જંગ હારી બેસે; એને સાંપડતો ઘોર પરાજય સમગ્ર શાસનને નુકસાન પહોંચાડી દે.

જોસ આવી જાય તેથી કાંઈ મૂઠી ઉગામી દેવાય ? અને પછી કાંઈ દીવાલને થોડી મારી દેવાય ! તેમ કરનારાનાં તો હાડકાં ભાંગી જાય !

ખેર... એક વાત હવે નિશ્ચિત બની જાય છે કે રાષ્ટ્રના રક્ષકો; પ્રજાના ચાહકો; સંસ્કૃતિના પ્રેમીઓ કે ધર્મના રાગીઓએ તે બધાં ક્ષેત્રોના યોગક્ષેમ સાધવા હોય; તેમાં પેઠેલાં દૂષણોને દૂર કરવાં હોય તો તેમણે શાસનસેવાના નાનકડા ફલક ઉપર જ કામ લેવું પડશે. આ ફલક ઉપર રહીને જે કાંઇ વિજય મળશે તે બધો ધર્મ, સંસ્કૃતિ, પ્રજા અને રાષ્ટ્રના ફલકોના ફાળે જશે, એના શુદ્ધીકરણને પણ તે કરશે.

પણ સબૂર ! સૌથી મહત્ત્વનો અને ગંભીર પ્રશ્ન તો એ છે કે શાસનસેવા સ્વરૂપ શાસનરક્ષા કરવી શી રીતે ? જો સ્થૂળ પરિબળો અને સ્થૂળ શક્તિઓ તે માટેની લાયકાત ધરાવતી નથી તો શું કરવું ? શી રીતે સૂક્ષ્મબળોનું ઉત્પાદન કરવું ? આ આત્માને સૂક્ષ્મબળોનું ઉત્પાદક કેન્દ્ર શી રીતે બનાવવું ?

જો આ પ્રશ્નનો ઉત્તર જડી જાય અને તેને જો જીવનનાં આત્મસાત્ કરી લેવાય તો શાસનસેવા તો સફળ થઈ જાય પણ તેની સાથે જ ધર્મરક્ષા, સંસ્કૃતિરક્ષા, પ્રજારક્ષા અને રાષ્ટ્રરક્ષા પણ હાંસલ થઈ જાય. આમ થોડાક પ્રયત્ને ઝાઝું ફળ પ્રાપ્ત થઈ જાય.

ચાલો; આ ચિંતનના ભરદરિયે હવે આપણી બુદ્ધિના નાવડાને આગળ ધપાવીએ.



જો હજારો વર્ષો જૂની આગવી સંસ્કૃતિને પણ ભયજનક સ્થિતિ સુધી હચમચાવી શકાય તો માત્ર ૩૫૦-૪૦૦ વર્ષ જૂની આ દેશમાં પેઠેલી પાશ્ચાત્ય સંસ્કૃતિ (વિકૃતિ) આપણે હચમચાવીને ઊખેડી નાંખી નહિ શકીએ શું ?

પણ એ માટે આપણું લક્ષ્યાંક તો બની રહેશે જિનશાસનરક્ષા જ.

શાસનની રક્ષા કે સેવા એ જ આપણા બધા પ્રશ્નોનો એકમાત્ર ઉકેલ છે.

[૫]

શાસનરક્ષાની પૂરેપૂરી સફળતા સ્વરક્ષામાં છે. જે આત્માઓ તરફ તીર્થંકરદેવોએ ફરમાવેલા સર્વવિરતિ ધર્મનો સ્વીકાર કરીને તેનું વધુમાં વધુ સારી રીતે પાલન કરે છે તેઓ જ સાચા સ્વરક્ષકો છે. એ પછી સર્વવિરતિ ધર્મના લક્ષવાળા દેશવિરતિધરો અને છેલ્લે સમ્યગ્દષ્ટિ આત્માઓ સ્વરક્ષકો તરીકે ગણી શકાય.

જેમને આવી સ્વરક્ષા સાથે કશી નિસ્બત નથી એ આત્માઓ સ્વચ્છંદી મનના ગુલામ બનીને ફાવે તે રીતે ધર્મનો પ્રચાર કરવા નીકળે છે; પ્રચારનાં સ્થૂળતમ બળોનો આશ્રય લે છે. પણ તેમનો અંતે ઘોર રકાસ થાય છે.

લક્ષહીન પ્રચારકો કદી પણ શાસનરક્ષા વગેરે કરી શકે નહિ. એમની દેખીતી શાસનહિતની પ્રવૃત્તિઓ ઝાંઝવાના જળ જેવી ઠગારી જ હોય.

ધર્મનો વ્યાપ અને ધર્મનું ઊંડાણ તો ધર્મના પ્રભાવકો જ પામી શકે. આ પ્રભાવ સ્થૂળબળોથી કદી સાંપડતો નથી. એ માટે તો સૂક્ષ્મનું બળ મેળવવું જ પડે.

ધરતી જો શાન્ત (સ્ટેટિક) છે તો તેની ઉપરના માણસો ગતિશીલ (ડાયનેમિક) બની શકે છે. જો ધરતી

જ ગતિ પકડે તો તેની ઉપરના માણસોને લાંબા થઈને સૂઈ જવા રૂપે શાન્ત બની જ જવું પડે:

ધર્મપ્રભાવકો જેટલા સૂક્ષ્મબળના સ્વામી બનવા કાજે શાન્ત અને સ્વસ્થ; તેટલી જ ધર્મપ્રભાવના ગતિશીલ (ડાયનેમિક), પણ જો પ્રભાવકો જ ગતિશીલ બનીને પ્રચારક બનવા લાગી જશે તો ધર્મપ્રભાવના એક દી સાવ જ શાન્ત બનીને ક્યાંક સ્થગિત થઈ જશે.

ધર્મના વ્યાપ માટે ધર્મપ્રેમીઓએ પ્રભાવક જ બનવું જોઈએ; પ્રચારક નહિ. એવા પ્રભાવક બનવા માટે તેણે સૂક્ષ્મનું બળ મેળવવું જોઈએ; અને કૃત્રિમ ગતિશીલતાનાં સ્થૂળબળોથી ઉત્પન્ન પ્રચારક–ભાવને તિલાંજલિ આપી દેવી જોઈએ; ચાહે તેટલા ગાકઝમાળ અને બોલબાલા તેમાં જણાતાં હોય તો ય.

સૂક્ષ્મનું પ્રચંડ બળ :

તાકાત; ક્રોધની કેટલી ? અને મૌનની કેટલી ? કાગળ લખેલો કેટલો વંચાય ? અને કોરો કેટલો વંચાય ?

બોલે; વક્તા કેટલું ? અને મૌની સંત કેટલું ? વિશ્વના માનવોને બોલવામાં, દોડવામાં, ઘણું કામ કરવામાં સક્રિયતા દેખાય છે. જે બોલતો ન હોય; દોડાદોડ કરતો ન હોય, નિષ્ક્રિય બનીને બેસી રહેતો હોય, એ નકામો–આળસુ–ગણાય છે.

અધ્યાત્મના સૂક્ષ્મ વિશ્વની સમજણ આથી સાવ જુદી છે. એ તો એમ માને છે કે ક્રોધ કરતાં મૌનની,

દોડાદોડ કરતાં ઈશ્વર–પ્રણિધાનની, લખેલા કાગળ કરતાં કોરા કાગળની તાકાત ઘણી વધુ છે. ક્રોધના આગ નીતરતા શબ્દોથી પિતા પોતાના પુત્રને કદી સુધારી શકતો નથી; પુત્રને જો સુધારી શકશે તો બેહા મૌનથી–હોઠ સદા માટે સીવી રાખવાથી–જ સુધરી શકાશે.

'ધ હેરમીટ ઇન હીમાલયઝ' નામના પુસ્તકમાં, પોલ બ્રન્ટોને એક વાત જણાવી છે કે, 'સ્ટીલનેસ ઇઝ સ્ટ્રેન્ગ્થ'–સ્થિરતા એ તાકાત છે; તાકાતની જનેતા છે. આ સિદ્ધાન્તને સાબિત કરતાં તેણે જણાવ્યું છે કે, "મોટાં મોટાં મકાનો અને વડલાઓને ઊંચકીને પછાડી નાંખતા ભયાનક વંટોળીઆમાં એટલી બધી તાકાત આવે છે કયાંથી ? એ તાકાતનું ઉત્પત્તિસ્થાન તે વંટોળના ઉદ્ગમ-સ્થાન ઉપરના નાનકડા બિંદુમાં છે. વાયુનું એ વર્તુળ કોઈ રણની રેતીમાં સ્થિરપ્રાયઃ બનીને જે ચક્કર કાપે છે ત્યાં જ તેની પ્રચંડ તાકાત છે. ધીમે ધીમે એ તાકાત વિકસતી જાય છે; વાયુ વધુ ને વધુ વેગ પકડતો અંતે ભયાનક વંટોળમાં ફેરવાઈ જાય છે.

વંટોળની અંધાધૂંધ સક્રિયતાની જનેતા તો નાનકડા વાયુની સ્થિરતામાં જ પડેલી છે.

આ ઉપરથી સાબિત થાય છે કે સ્થૂલની તાકાત પણ સૂક્ષ્મમાં છે.

હાથી ગમે તેટલો સ્થૂલ હોય પણ તાકાત તો તેનાથી ઘણા સૂક્ષ્મ મહાવતમાં છે. મહાવત કરતાં ય વધુ

તાકાત સૂક્ષ્મ અંકુશમાં છે; અંકુશ કરતાં ય વધુ તાકાત સૂક્ષ્મતમ બુદ્ધિમાં છે.

જેની પાસે સૂક્ષ્મનું સ્થિર બળ છે તેનું અસ્તિત્વ માત્ર પ્રચંડ સક્રિયતા ઉત્પન્ન કરે છે. સૂર્યના ગગનમાં અસ્તિત્વ માત્રથી ધરતીના અબજો લોકોમાં; અનંત દીટાણુઓમાં કેવી જોરદાર સક્રિયતા આવી જાય છે ?

સ્થૂલનો સ્વામી મંચ ઉપર આવે; બૂમબરાડા પાડે તો ય સભાજનો માંડ શાન્ત પડે, પણ કોઈ સૂક્ષ્મના સ્વામીને મંચ ઉપર લાવો. એ હાથ હલાવવા જેટલો જ સક્રિય થશે કે તરત સભાજનો શાન્ત થઈ જશે.

પણ કોઈ સૂક્ષ્મતમ બળના સ્વામીને મંચ ઉપર લાવો. એને તો હાથ હલાવવા જેટલી ય ક્રિયા નહિ કરવી પડે. મંચ ઉપરના એના અસ્તિત્વમાત્રથી સભાજનોમાં નિઃસ્તબ્ધ શાન્તિ છાઈ જશે.

આપણે જો જગતને જગાડવું હોય; મોહનિદ્રામાંથી બહાર કાઢવું હોય તો વધુ ને વધુ સ્થૂલ બળોનો આશ્રય લેવાનું બંધ કરવું જોઈએ. આ બળોથી વિજય પામવાની આપણી શ્રદ્ધાને આપણે ખતમ કરી દેવી જોઈએ.

તેવી સ્થિતિ ન આવે ત્યાં સુધી ભલે આપણે સ્થૂલ પરિબળના આશ્રિત બનીએ પણ તેની સાથે સાથે જ સૂક્ષ્મબળોના ઉત્પાદન માટે નાનકડું પણ તન્ત્ર આપણે ગોઠવી જ દેવું જોઈએ.

સ્થૂલમાંથી છૂટ્યા કે તરત જ સૂક્ષ્મતમ બળોના સર્જનની આરાધનામાં.

સ્થૂલમાં જ રાચશું; સૂક્ષ્મને અવગણશું તો મોત તો બગડવાનું હશે ત્યારે બગડશે પણ સ્થૂલ અંગેનું 'મિશન' પણ નિષ્ફળ થઈને જ રહેશે.

સૂક્ષ્મબળોના પ્રાગટ્ય તરફ દુર્લક્ષ સેવતા મહાત્માઓ ચાહે તેટલો સ્થૂલ અને સ્થૂલતમ પરિબળોનો પથારો ધરતી ઉપર પ્રસારી દે પણ અંતે તો પછડાટ જ ખાય છે.

કોઈ અગમ્ય રીતે એમનું તન્ત્ર એકાએક ઊથલી પડે છે, તેઓ માર ખાઈ જાય છે.

આવી પછડાટ ખાવા પાછળ બાહ્ય જગતનું કોઈ પણ કારણ એ તો માત્ર નિમિત્ત કારણ જ હોય છે. હકીકતમાં તો સૂક્ષ્મબળનું દેવાળું જ મુખ્ય કારણ છે; પણ એમને ય કેટલીક વાર પછડાટ ખાધા પછી ય આ કારણ જડતું જ નથી એટલે પેલા નિમિત્ત કારણ સાથે માથાં અફાળવાના વધુ સ્થૂલતમ બળોના વિષચક્રમાં ફસાઈ પડવા જેટલી દયાપાત્ર દશા ઊભી થાય છે.

ત્રિલોકગુરુ પરમાત્મા મહાવીરદેવ ! વિશ્વ માત્રને મોક્ષમાર્ગે દોડતા—એકદમ સક્રિય-કરી દેવાની તીવ્રતમ કરુણાના સ્વામી હતા પણ જ્યારે વાઘા બદલ્યા ત્યારે, વિશ્વમાં ઘૂમવાને બદલે તેઓ વનમાં ચાલ્યા ગયા. ખૂબ બોલવાને બદલે મૌન થઈ ગયા. દોડાદોડ કરવાને બદલે

કાયોત્સર્ગમાં સ્થિર થઈ ગયા ! કેમ કે પ્રભુને સૂક્ષ્મબળો જાગ્રત કરવાં હતાં.

અને...જે દી એ બળો જાગ્રત થઈ ગયાં તે દીથી માત્ર ત્રીસ વર્ષના ગાળામાં પરમાત્માએ ક્રોડો માનવો, અબજો કલાકોમાં જે ન કરી શકે, તે કર્યું...આજે ૨૫૦૦ વર્ષે પણ પ્રભુનાં એ સૂક્ષ્મતમ બળોનું જાગરણ અવિરતિપણે ચાલુ છે અને ચાલુ રહેશે.

આ છે સૂક્ષ્મબળોના પ્રાગટ્યના પ્રતિભાવો.

સ્થૂલમાં જ જન્મેલા અને સ્થૂલમાં જ જીવતા આપણને સૂક્ષ્મનાં બળોની તાકાતમાં જો શ્રદ્ધા બેસી જાય તો સ્થૂલની પાછળ આપણી બરબાદ થતી ઘણી શક્તિઓ ઉગરી જાય અને એ જ વિરાટ શક્તિઓ દ્વારા સૂક્ષ્મનું પ્રાગટ્ય કરીને વિશ્વમાત્રના કલ્યાણમાં આપણો અલ્પતમ હિસ્સો પણ નોંધાવી શકીએ.

* પેલા ભિખૂતાનંદજી ! જેના અંગેઅંગથી રૂપ અને લાવણ્ય લસલસતું હતું એવી કામુક બનેલી યુવતી સાથે એકાંતમાં ઝપટાઈ ગયા તો ય તેના તરફની એક જ વેધક નજર કરીને, 'મા ! તેરેકુ કુછ લે કે હી જાના પડેગા' વાક્ય હૃદયના ઊંડાણમાંથી બોલીને જ તેના કામવિકારો ખતમ કરી નાંખ્યા. તે યુવતી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી ને માફી માગવા લાગી !

* પેલો યુવાન ! પાતળી કાયાવાળા સંન્યાસીની મશ્કરી કરતો બબડતો હતો, "પતંજલયોગનું સૂત્ર : 'બ્રહ્મચર્ય–પ્રતિષ્ઠાયાં વીર્યલાભઃ' અને કહેતો હતો કે, આ ચાલી આવતા સંન્યાસીમાં શું બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા થઈ હશે ?"

અને...મનના તરંગોને દૂરથી જ પામી જતા સંન્યાસીએ નજદીક આવીને યુવાનને ઊભા થવાનો અને પોતાની પાછળ ચાલ્યા આવવાનો આદેશ કર્યો. અગમ્ય રીતે એ શક્તિને યુવાને અનુસરવી જ પડી. ગુફામાં પ્રવેશતાં જ સંન્યાસીની પાસે ત્રણ સિંહ ધસી આવતા જોઈને યુવાન થરથર કાંપવા લાગ્યો. સ્વામીજીના બે પગ વચ્ચે ભરાઈ ગયો.

પાળેલા કૂતરાની જેમ પૂંછડી પટપટાવતા સિંહોને સંન્યાસીએ કહ્યું. "દેખતે નહિ, અતિથિ કાંપ રહા હૈ; ચલે જાઓ યહાં સે..." અને તરત ત્રણે ય સિંહ ચાલી ગયા.

સંન્યાસીએ યુવાનને કહ્યું, "ક્યોં બેટા ! અબ તુમ સમજ ગયા ને, 'બ્રહ્મચર્ય–પ્રતિષ્ઠાયાં વીર્યલાભઃ' કા મતલબ !"

યુવાનને હવે તો ક્ષમા માંગવા સિવાય કશું બાકી રહેતું ન હતું.

* પરદેશમાં વિવેકાનંદને વિદ્વાનોએ બ્રહ્મચર્યનો ચમત્કાર બતાડવા કહ્યું. ૧૫ હજાર વિદ્વાનોની સમક્ષ

તાકાત સૂક્ષ્મ અંકુશમાં છે; ...
સૂક્ષ્મતમ બુદ્ધિમાં છે.

જેની પાસે સૂક્ષ્મનું ...
માત્ર પ્રચંડ સક્રિયતા ...
અસ્તિત્વ માત્રથી ધરતીના ...
ણુઓમાં કેવી જોરદાર સક્રિય...

સ્થૂલનો સ્વામી મંચ ...
તો ય સભાજનો માંડ ...
સ્વામીને મંચ ઉપર લાવો ...
સક્રિય થશે કે તરત સભા...

પણ કોઈ સૂક્ષ્મ...
લાવો. એને તો હાથ ...
કરવી પડે. મંચ ઉપર...
જનોમાં નિઃસ્તબ્ધ શાન્તિ ...

આપણે જો જગતને ...
બહાર કાઢવું હોય તો ...
લેવાનું બંધ કરવું જોઈએ ...
વાની આપણી શ્રદ્ધાને ...

તેવી સ્થિતિ ન આવે ...
પરિબળના આશ્રિત બની ...
સૂક્ષ્મબળોના ઉત્પાદન ...
ગોઠવી જ દેવું જોઈએ.

સ્થૂલમાંથી છૂટયા કે તરત જ સૂક્ષ્મતમ બળોના સર્જનની આરાધનામાં.

સ્થૂલમાં જ રાચશું; સૂક્ષ્મને અવગણશું તો મોત તો બગડવાનું હશે ત્યારે બગડશે પણ સ્થૂલ અંગેનું 'મિશન' પણ નિષ્ફળ થઈને જ રહેશે.

સૂક્ષ્મબળોના પ્રાગટય તરફ દુર્લક્ષ સેવતા મહાત્માઓ ચાહે તેટલો સ્થૂલ અને સ્થૂલતમ પરિબળોનો પથારો ધરની ઉપર પ્રસારી દે પણ અંતે તો પછડાટ જ ખાય છે.

કોઈ અગમ્ય રીતે એમનું તન્ત્ર એકાએક ઊથલી પડે છે, તેઓ માર ખાઈ જાય છે.

આવી પછડાટ ખાવા પાછળ બાહ્ય જગતનું કોઈ પણ કારણ એ તો માત્ર નિમિત્ત કારણ જ હોય છે. હકીકતમાં તો સૂક્ષ્મબળનું દેવાળું જ મુખ્ય કારણ છે; પણ એમને ય કેટલીક વાર પછડાટ ખાધા પછી ય આ કારણ જડતું જ નથી એટલે પેલા નિમિત્ત કારણ સાથે માથાં અફાળવાના વધુ સ્થૂલતમ બળોના વિષચક્રમાં ફસાઈ પડવા જેટલી દયાપાત્ર દશા ઊભી થાય છે.

ત્રિલોકગુરુ પરમાત્મા મહાવીરદેવ ! વિશ્વ માત્રને મોક્ષમાર્ગે દોડતા–એકદમ સક્રિય–કરી દેવાની તીવ્રતમ કરુણાના સ્વામી હતા પણ જ્યારે વાઘા બદલ્યા ત્યારે વિશ્વમાં ઘૂમવાને બદલે તેઓ વનમાં ચાલ્યા ગયા. ખૂબ બોલવાને બદલે મૌન થઈ ગયા. દોડાદોડ કરવાને બદલે

કાયોત્સર્ગમાં સ્થિર થઈ ગયા] કેમ કે પ્રભુને સૂક્ષ્મબળો જાગ્રત કરવાં હતાં.

અને...જે દી એ બળો જાગ્રત થઈ ગયાં તે દીથી માત્ર ત્રીસ વર્ષના ગાળામાં પરમાત્માએ કોડો માનવો, અબજો કલાકોમાં જે ન કરી શકે, તે કર્યું...આજે ૨૫૦૦ વર્ષે પણ પ્રભુનાં એ સૂક્ષ્મતમ બળોનું જાગરણ અવિરતિપણે ચાલુ છે અને ચાલુ રહેશે.

આ છે સૂક્ષ્મબળોના પ્રાગટ્યના પ્રતિભાવો.

સ્થૂલમાં જ જન્મેલા અને સ્થૂલમાં જ જીવતા આપણને સૂક્ષ્મનાં બળોની તાકાતમાં જો શ્રદ્ધા બેસી જાય તો સ્થૂલની પાછળ આપણી બરબાદ થતી ઘણી શક્તિઓ ઉગરી જાય અને એ જ વિશદ શક્તિઓ દ્વારા સૂક્ષ્મનું પ્રાગટ્ય કરીને વિશ્વમાત્રના કલ્યાણમાં આપણો અલ્પતમ હિસ્સો પણ નોંધાવી શકીએ.

૦ ચેલા ભિખુતાનંદજી ! જેના અંગેઅંગથી રૂપ અને લાવણ્ય લસલસતું હતું એવી કામુક બનેલી યુવતી સાથે એકાંતમાં ઝપટાઈ ગયા તો ય તેના તરફની એક જ વેધક નજર કરીને, 'મા ! તેરેકુ કુછ લે કે હી જાના પડેગા' વાક્ય હૃદયના ઊંડાણમાંથી બોલીને જ તેના કામવિકારો ખતમ કરી નાંખ્યા. તે યુવતી ધ્રુસકે ધ્રુસકે રડી પડી ને માફી માગવા લાગી !

❀ પેલો યુવાન ! પાતળી કાયાવાળા સંન્યાસીની મશ્કરી કરતો બબડતો હતો, "પતંજલયોગનું સૂત્ર : 'બ્રહ્મચર્ય–પ્રતિષ્ઠાયાં વીર્યલાભઃ' અને કહેતો હતો કે, આ ચાલી આવતા સંન્યાસીમાં શું બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા થઈ હશે ?"

અને...મનના તરંગોને દૂરથી જ પામી જતા સંન્યાસીએ નજદીક આવીને યુવાનને ઊભા થવાનો અને પોતાની પાછળ ચાલ્યા આવવાનો આદેશ કર્યો. અગમ્ય રીતે એ શક્તિને યુવાને અનુસરવી જ પડી. ગુફામાં પ્રવેશતાં જ સંન્યાસીની પાસે ત્રણ સિંહ ધસી આવતા જોઈને યુવાન થરથર કાંપવા લાગ્યો. સ્વામીજીના બે પગ વચ્ચે ભરાઈ ગયો.

પાળેલા કૂતરાની જેમ પૂંછડી પટપટાવતા સિંહોને સંન્યાસીએ કહ્યું. "દેખતે નહિ, અતિથિ કાંપ રહા હૈ, ચલે જાઓ યહાં સે..." અને તરત ત્રણે ય સિંહ ચાલી ગયા.

સંન્યાસીએ યુવાનને કહ્યું, "ક્યોં બેટા ! અબ તુમ સમજ ગયા ને, 'બ્રહ્મચર્ય–પ્રતિષ્ઠાયાં વીર્યલાભઃ' કા મતલબ !"

યુવાનને હવે તો ક્ષમા માંગવા સિવાય કશું બાકી રહેતું ન હતું.

❀ પરદેશમાં વિવેકાનંદને વિદ્વાનોએ બ્રહ્મચર્યનો ચમત્કાર બતાડવા કહ્યું. ૧૫ હજાર વિદ્વાનોની સમક્ષ

વિવેકાનંદે ભાષણ કર્યું. તેમાં તેમણે કહ્યું, "અમારી સંસ્કૃતિને અરગણતા તમે લોકો ડૉક્ટરો વગેરે નથી, ગધેડા (ડોન્કી) જ છો." એમ પણ કહ્યું. સભા વિખરાતાં ગણગણાટ થયો કે 'ચમત્કાર તો કાંઈ ન દેખાડ્યો!' તે વખતે એક બુઝર્ગ અંગ્રેજે કહ્યું, "તમને–મોટા ખેરખાંઓને–ભરસભામાં જે માણસે 'ગધેડા' કહ્યા અને છતાં તમે જેનો એક શબ્દમાં પણ વિરોધ ન કરી શક્યા એ જ મોટામાં મોટો ચમત્કાર નથી શું?"

અને...સહુએ એ વાતને કબૂલવી પડી!

* પેલા બંગાલના સંન્યાસી ત્રિલોકનાથ!

બ્રહ્મચર્યના વિશુદ્ધ બળથી ૩૦૦–૩૦૦ માઈલ દૂર પોતાના રાજભક્તને ત્યાં આકાશમાર્ગે ચાલ્યા જતા. પણ એક દી રાજભક્તને ત્યાં જમતી વખતે પીરસતી રાજકુમારી તરફ નજર પડી અને એક ક્ષણ માટે ચિત્તમાં વિકાર પ્રવેશ કરી ગયો. વિદાયની વેળા આવી. સંતે આકાશમાર્ગે ઊડવા ઘણાં ફાંફાં માર્યાં; બધાંય નિષ્ફળ! સિદ્ધિ સાફ થઈ ગઈ!

* દ્રૌપદીના વસ્ત્રાહરણ વખતે ઊંચાનીચા થતા અને રાડો પાડતા ભીમનો જેટલો ભય દુર્યોધનને સતાવતો ન હતો તેથી ઘણો વધુ ભય–મીંઢાની જેમ મૂંગા બેઠેલા અર્જુનને જોઈને જાગતો હતો.

* ચાર વર્ષ સુધી જાપાનના અર્થતંત્રનો અભ્યાસ કરીને ભારતમાં પાછા ફરેલા ભારતીય અર્થશાસ્ત્રીએ

સૌરાષ્ટ્રના અર્થશાસ્ત્રીઓ સમક્ષ ભાષણો કર્યાં. તેમાં ભારતની ગરીબીનું અને જાપાનના ઝડપી ઔદ્યોગિક વિકાસનું અનેક પાસાંઓથી વર્ણન કર્યા બાદ ભાષણનો ઉપસંહાર કરતાં તેણે કહ્યું, "બંધુઓ ! ભારતની ગરીબી ભારતને ખાઈ જશે કે ખતમ કરી નાંખશે એવું માનશો નહિ. જ્યાં ભારતના પહાડોમાં, ગિરિકન્દરાઓમાં કે નગરોમાં સંતો અને સાધુજનો બેઠેલા છે ત્યાં સુધી તેમનાં આધ્યાત્મિક બળોથી ભારતના પ્રાણ જીવંત રીતે ધબકતા જ રહેવાના છે.

આ તો માર્ગાનુસારી જીવનના સ્વામીઓની વાત થઈ. ભારતના માર્ગાનુસારી મહાત્માઓની પાસે પણ સૂક્ષ્મની આવી તાકાત હોય તેથી ઉપરની કક્ષામાં રહેલા સજ્જનો, સંતો અને મહાસંતોની સૂક્ષ્મની તાકાતની તો શી વાત જ કરવી ! એના ચમકારા તો કેટલા બધા આંજી નાંખનારા જ હોય !

બધી છૂટછાટ લઈને પતન કરવાની સત્તા લઈને આવેલી રાજગણિકાની સામે સમગ્ર રાત્રિ દરમિયાન સંપૂર્ણપણે નિર્વિકાર બનીને રહેવું એ બાપભટ્ટસૂરિજીનું સૂક્ષ્મનું બળ કેવું ?

સ્થૂલભદ્રજી, વિજય અને વિજયા, પુણીઓ શ્રાવક, મયણા, અનુપમા, સુલસા વગેરે પ્રાતઃસ્મરણીય મહાત્માઓના સૂક્ષ્મના બળની કથા પણ આ કલમે શે કંડારવી એ સમજાતું નથી.

પરમાત્મા મહાવીરદેવ ! સૂક્ષ્મતમ બળોના કેવા સ્વામી ! કાળોતરા દૃષ્ટિવિષ નાગને 'બુઝ્ઝ બુઝ્ઝ ચંડકૌશીઆ' કહે અને નાગ બૂઝી જાય !

માનવોને પણ બુઝાવવાનું જેમને મુશ્કેલ બની ગયું છે એમને તો આ બળની વિરાટતાની કલ્પના તો જરૂર આવી શકશે.

રાજ્યનો ભાગ લેવા આવનારા ૯૮ પુત્રોને વિરતાની કથા જ કહીને સર્વસંગત્યાગના પંથે-પહેલી જ બેઠકે-વાળી દેવાનું કાર્ય કરતા પરમાત્મા દેવાધિદેવ આદિનાથ-સ્વામીજીની સૂક્ષ્મતમ શક્તિઓની ગાથા આ જગતમાં અમર બની ગઈ છે !



અત્યારનો તકાજો તો એવો છે કે આર્યસંસ્કૃતિ પ્રેમીના કે જૈન-ધર્મીના દરેક ઘર દીઠ એક યુવાને સૈનિક બનવું જ પડશે. શાસનનો આ સૈનિક આક્રમકોના દાંત ખાટા કરીને શાસનરક્ષા કરે; અને પોતાના જીવનને ધર્મસાપેક્ષ બનાવીને પણ શાસનરક્ષા કરી શકે. બેય બાજુનાં ચક્રો ખૂબ જીવંત રીતે ગતિમાન બનવાં જોઈએ. સ્થૂળનાં બળોની જેટલી જરૂર છે તેથી અધિક સૂક્ષ્મનાં બળોની જરૂર છે. આક્રમકોને થરથરાવી દેતા સિંહગર્જનાની જરૂર તો છે જ, સાથે પ્રશાંત મૌન દ્વારા આક્રમકોને સતત ભય અને શંકાથી યુક્ત રાખી નજીક નહિ આવવા દેનારા સૂક્ષ્મના બળની જરૂર સિંહગર્જનાથી ય અધિક છે.

અરિહંતની શરણાગતિમાં સૂક્ષ્મનું ઉત્પાદન

[૬]

સ્વરક્ષા માટે સૂક્ષ્મના બળનું ઉત્પાદન કરવાનું અત્યંત આવશ્યક છે. જે બળ વિના સ્વરક્ષા, શાસનરક્ષા વગેરે કશું જ થઈ શકતું નથી તે બળને સહેલાઈથી ઉત્પન્ન કરવા માટેનો માર્ગ કયો છે? એ જાણી લેવું જોઈએ. જો તે માર્ગે ચાલી જવામાં આવે તો સૂક્ષ્મ-બળનું ઉત્પાદન ખૂબ જ સરળ બની જાય; અને સામૂહિક પણ બની જાય. અનેકાનેક આત્માઓ આ માર્ગે ડગ માંડવા લાગી જાય.

આ માર્ગ સરળ છે અને સાથે ખૂબ જ નિર્ભય છે. તપ, ત્યાગાદિના કોઈ પણ માર્ગમાં વધુ કઠિનતા કે કાંઈક પતનાદિના ભયની શકયતા પડેલી હોય છે. જ્યારે તેમાંનું કાંઈ જ આ માર્ગે જોવા નહિ મળે.

એ માર્ગ છે; અરિહંતની શરણાગતિનો.

જ્યારે સહુ આપણને ચાવી ખાતા હતા; ભૂંજતા-શેકતા હતા; જ્યારે અનેકોથી આપણે ધિક્કારાતા હતા; તિરસ્કારાતા હતા; જ્યારે આપણા સુખ અને શાન્તિ તરફ ઈર્ષ્યાથી સહુ જોતા હતા અને આપણને જીવનમાં દુઃખી દુઃખી કરી મૂકવાને કે જાનથી ખતમ કરી દેવાને અનેક આત્માઓ ઝંખતા હતા; એ માટે મળેલી તક કદી પણ જતી કરતા

વિવેકાનંદે ભાષણ કર્યું. તેમાં તેમણે કહ્યું, "અમારી સંસ્કૃતિને અવગણતા તમે લોકો ડૉકટરો વગેરે નથી, ગધેડા (ડૉન્કી) જ છો." એમ પણ કહ્યું. સભા વિખરાતાં ગણગણાટ થયો કે 'ચમત્કાર તો કાંઈ ન દેખાડ્યો !' તે વખતે એક બુઝર્ગ અંગ્રેજે કહ્યું, "તમને–મોટા એરખાંઓને–ભરસભામાં જે માણસે 'ગધેડા' કહ્યા અને છતાં તમે જેનો એક શબ્દમાં પણ વિરોધ ન કરી શક્યા એ જ મોટામાં મોટો ચમત્કાર નથી શું ?"

અને...સહુએ એ વાતને કબૂલવી પડી !

* પેલા બંગાલના સંન્યાસી ત્રિલોકનાથ !

બ્રહ્મચર્યના વિશુદ્ધ બળથી ૩૦૦–૩૦૦ માઈલ દૂર પોતાના રાજભક્તને ત્યાં આકાશમાર્ગે ચાલ્યા જતા. પણ એક દી રાજભક્તને ત્યાં જમતી વખતે પીરસતી રાજકુમારી તરફ નજર પડી અને એક ક્ષણ માટે ચિત્તમાં વિકાર પ્રવેશ કરી ગયો. વિદાયની વેળા આવી. સંતે આકાશમાર્ગે ઊડવા ઘણાં ફાંફાં માર્યાં; બધાંય નિષ્ફળ ! સિદ્ધિ સાફ થઈ ગઈ !

* દ્રૌપદીના વસ્ત્રાહરણ વખતે ઊંચાનીચા થતા અને રાડો પાડતા ભીમનો જેટલો ભય દુર્યોધનને સતાવતો ન હતો તેથી ઘણો વધુ ભય–મીંઢાની જેમ મૂંગા બેઠેલા અર્જુનને જોઈને જાગતો હતો.

* ચાર વર્ષ સુધી જાપાનના અર્થતંત્રનો અભ્યાસ કરીને ભારતમાં પાછા ફરેલા ભારતીય અર્થશાસ્ત્રીએ

સૌરાષ્ટ્રના અર્થશાસ્ત્રીઓ સમક્ષ ભાષણો કર્યાં. તેમાં ભારતની ગરીબીનું અને જાપાનના ઝડપી ઔદ્યોગિક વિકાસનું અનેક પાસાંઓથી વર્ણન કર્યા બાદ ભાષણનો ઉપસંહાર કરતાં તેણે કહ્યું, "બંધુઓ ! ભારતની ગરીબી ભારતને ખાઈ જશે કે ખતમ કરી નાંખશે એવું માનશો નહિ-જ્યાં ભારતના પહાડોમાં, ગિરિકન્દરાઓમાં કે નગરોમાં સંતો અને સાધુજનો બેઠેલા છે ત્યાં સુધી તેમનાં આધ્યાત્મિક બળોથી ભારતના પ્રાણ જીવંત રીતે ધબકતા જ રહેવાના છે.

આ તો માર્ગાનુસારી જીવનના સ્વામીઓની વાત થઈ. ભારતના માર્ગાનુસારી મહાત્માઓની પાસે પણ સૂક્ષ્મની આવી તાકાત હોય તેથી ઉપરની કક્ષામાં રહેલા સજ્જનો, સંતો અને મહાસંતોની સૂક્ષ્મની તાકાતની તો શી વાત જ કરવી ! એના ચમકારા તો કેટલા બધા આંજી નાંખનારા જ હોય !

બધી છૂટછાટ લઈને પતન કરવાની સત્તા લઈને આવેલી રાજગણિકાની સામે સમગ્ર રાત્રિ દરમિયાન સંપૂર્ણપણે નિર્વિકાર બનીને રહેવું એ બાપભટ્ટસૂરિજીનું સૂક્ષ્મનું બળ કેવું ?

સ્થૂલભદ્રજી, વિજય અને વિજયા, પુણીઓ શ્રાવક, મયણા, અનુપમા, સુલસા વગેરે પ્રાતઃસ્મરણીય મહાત્માઓના સૂક્ષ્મના બળની કથા પણ આ કલમે શે કંડારવી એ સમજાતું નથી.

પરમાત્મા મહાવીરદેવ ! સૂક્ષ્મતમ બળોના કેવા સ્વામી ! કાળોતરા દૃષ્ટિવિષ નાગને 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસીઆ' કહે અને નાગ બુઝી જાય !

માનવોને પણ બુઝાવવાનું જેમને મુશ્કેલ બની ગયુ છે એમને તો આ બળની વિરાટતાની કલ્પના તો જરૂર આવી શકશે.

રાજ્યનો ભાગ લેવા આવનારા ૯૮ પુત્રોને વિરતાની કથા જ કહીને સર્વસંગત્યાગના પંથે–પહેલી જ બેઠકે–વાળી દેવાનું કાર્ય કરતા પરમાત્મા દેવાધિદેવ આદિનાથ-સ્વામીજીની સૂક્ષ્મતમ શક્તિઓની ગાથા આ જગતમાં અમર બની ગઈ છે !



સમયનો તકાજો તો એવો છે કે આર્યસંસ્કૃતિ પ્રેમીના કે જૈન-ધર્મીના દરેક ઘર દીઠ એક યુવાને સૈનિક બનવું જ પડશે. શાસનનો આ સૈનિક આક્રમકોના દાંત ખાટા કરીને શાસનરક્ષા કરે, અને પોતાના જીવનને ધર્મસાપેક્ષ બનાવીને પણ શાસનરક્ષા કરી શકે. બેય બાજુનાં ચક્રો ખૂબ જીવંત રીતે ગતિમાન બનવાં જોઈએ. સ્થૂળનાં બળોની જેટલી જરૂર છે તેથી અધિક સૂક્ષ્મનાં બળોની જરૂર છે. આક્રમકોને થરથરાવી દેવા સિંહગર્જનાની જરૂર તો છે જ, સાથે પ્રશાંત મૌન દ્વારા આક્રમકોને સતત ભય અને શંકાથી યુક્ત રાખી નજીક નહિ આવવા દેનારા સૂક્ષ્મના બળની જરૂર સિંહગર્જનાથી ય અધિક છે.

અરિહંતની શરણાગતિમાં સૂક્ષ્મનું ઉત્પાદન

[૬]

સ્વરક્ષા માટે સૂક્ષ્મના બળનું ઉત્પાદન કરવાનું અત્યંત આવશ્યક છે. જે બળ વિના સ્વરક્ષા, શાસનરક્ષા વગેરે કશું જ થઈ શકતું નથી તે બળને સહેલાઈથી ઉત્પન્ન કરવા માટેનો માર્ગ કયો છે? એ જાણી લેવું જોઈએ. જો તે માર્ગે ચાલી જવામાં આવે તો સૂક્ષ્મબળનું ઉત્પાદન ખૂબ જ સરળ બની જાય; અને સામૂહિક પણ બની જાય. અનેકાનેક આત્માઓ આ માર્ગે ડગ માંડવા લાગી જાય.

આ માર્ગ સરળ છે અને સાથે ખૂબ જ નિર્ભય છે. તપ, ત્યાગાદિના કોઈ પણ માર્ગમાં વધુ કઠિનતા કે કાંઈક પતનાદિના ભયની શક્યતા પડેલી હોય છે. જ્યારે તેમાંનું કાંઈ જ આ માર્ગે જોવા નહિ મળે.

એ માર્ગ છે; અરિહંતની શરણાગતિનો.

જ્યારે સહુ આપણને ચાવી ખાતા હતા; ભૂંજતા—શેકતા હતા; જ્યારે અનેકોથી આપણે ધિક્કારાતા હતા; તિરસ્કારાતા હતા; જ્યારે આપણા સુખ અને શાન્તિ તરફ ઈર્ષ્યાથી સહુ જોતા હતા અને આપણને જીવનમાં દુઃખી દુઃખી કરી મૂકવાને કે જાનથી ખતમ કરી દેવાને અનેક આત્માઓ ઝંખતા હતા; એ માટે મળેલી તક કદી પણ જતી કરતા

ન હતા–એવા સમયે પણ જેમણે આપણા પ્રત્યે કરુણા-ભરી નજર કરી; જેમણે આપણને એ સઘળાં ય દુઃખો અને દુઃખોનાં મૂળભૂત કારણોથી ઉગારી લેવાની લાગણી-સભર હૃદયે ભાવના ભાવી; જેમણે પોતાની વિરાટ કરુણાની બાથમાં આપણને પણ સમાવી લીધા...એવા એક બે કે પાંચ કરુણાના સાગર થયા નથી. આજ સુધીમાં એવા અનંત આત્માઓ થઈ ચૂક્યા છે; જેઓ અંતે તીર્થંકરદેવ બન્યા છે. જેમણે વિષય-કષાયના સાગરમાં ડૂબતા આપણને બચાવી લેની 'શાસન' નામની નાવડી તરની મૂકી જ છે.

દુર્ભાગી આપણે જ રહ્યા ! જેમણે એ નાવડીનું—એ દેવાધિદેવનું–શરણ લીધું તે તમામ તર્યા; આપણે શરણ જ ન લીધું એમનાં ચરણોનું; પરિણામે આજે ય આ અપાર સંસાર પારાવારમાં ડૂબતા જ રહ્યા છીએ.

ઓ, ઈશ ! હવે જ અમને સમજાયું છે કે, "અમારાં સઘળાં દુઃખો, પરાભવો, યાતનાઓ અને સંતાપોનું મૂળ; અમારી સદા જીવંત રહેની વાસનાઓનું મૂળ તારી અ-ભક્તિ જ છે. અમે પૂર્વભવોમાં કદી તારી સાચી ભક્તિ કરી જ નથી એથી જ સર્વ પરાભવોનું ભાજન બન્યા છીએ !"

ઈશનાં ચરણનું શરણ એ જ જો આપણું જીવન બની જાય તો સૂક્ષ્મનું પ્રચંડ બળ, તદ્દન સહજ રીતે આપણા અંતસ્તલમાં ભરાતું જાય; ઊભરાતું જાય; અંતે વિશ્વમાં વહેતું થવા લાગી જાય.

આ જગતનો એવો ત્રિકાલાબાધિત ન્યાય છે કે જે ચીજ તમારી પાસે ન હોય; અને એ ચીજ તમારે જોઈતી હોય તો તેના માલિક પાસે તમારે જવું જ જોઈએ.

હીરા જોઈતા હોય તો હીરાના માલિક ઝવેરી પાસે જ જવું રહ્યું; ત્યાં કાછીઓ કે કંદોઈ નકામો છે.

તમારે સૂક્ષ્મની તાકાત જોઈતી હોય તો તેના સ્વામીના શરણે જવું જ રહ્યું. જેની પાસે જે છે; તેની પાસેથી જ તે મળી શકે.

મેળવવાનો આ ખૂબ સરળ અને સરસ ન્યાય છે.

સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ બળોના એકના એક સ્વામી જો કોઈ હોય તો તે તારક પરમાત્મા છે; ત્રિલોકગુરુ છે; અશરણશરણ, પતિતપાવન, ત્રિભુવન-વત્સલ, અકારણમિત્ર દેવાધિદેવ જ છે.

જેને આ દેવાધિદેવ ગમતા નથી એ કોઈને ય ગમતો નથી.

જે આ પ્રભુને નમતો જ નથી, એને કોઈ પણ નમતું નથી

જે આ આર્હન્ત્યને ભજતો નથી તેને કોઈ યાદ પણ કરવા તૈયાર નથી

જે આ માની સેવા કરતો નથી એની સેવા કરવા—મોતની વેળાએ—પણ કોઈ આવનાર નથી.

ત્રિભુવનપતિ, ત્રિલોકગુરુની શરણાગતિ જ આપણું સર્વસ્વ બની શકે. એ આપણાં તમામ હિતો અને સુખો માટે અત્યંત જરૂરી છે.

આવી શરણાગતિ વિનાના તપ, ત્યાગ, જ્ઞાન, વિદ્વત્તા, પુણ્યજનિત વૈભવો વગેરે તમામ ગમે તે પળે ધર્મીજીવનની ધરતીમાં ભયાનક કડાકો બોલાવી દેતા હોય છે. અચ્છા અચ્છા રૂસ્તમો પણ આધ્યાત્મિક જગતમાં અંતે દેવાળું કાઢી ચૂકયાના—બરબાદ થઈ ગયાના પ્રસંગો સાંભળવા મળે છે.

શરણાગતિ એ આપણો જ 'સેઈફટી વાલ્વ' છે.
શરણાગતિ એ આપણો જ 'સેઈફ ગાર્ડ' છે.
શરણાગતિ એ આપણો જ 'ડોગ-વોચ' છે.
એની અવગણના એટલે ખુલ્લંખુલ્લા હારાકીરી.

એની અવગણના જીવનમાત્રના સુખ અને શાન્તિની અવગણનામાં પરિણામી જઈને આપણને હૃદયથી નિષ્ઠુર, દિલથી ક્રુર, મનથી ઉન્મત્ત અને બુદ્ધિથી ભ્રષ્ટ કરી દીધા વિના રહેતી નથી.

બીજા બધાની અવગણના થઈ શકે પણ આપણી જ આધારશીલારૂપ આપણા જ શ્વાસપ્રાણરૂપ, આપણા જ પ્રાણરૂપ શરણ્યની અવગણના આપણે કદી કરી ન શકીએ.

જેનું નામ માત્ર આપણા ચિત્તના તાપ હારે; જેની આકૃતિ (પ્રતિમાનું સ્મરણ, પૂજન-વંદન માત્ર આપણું દારિદ્ર્ય ફેડે, જેનું દ્રવ્ય માત્ર દેવેન્દ્રોના પણ કષાયોની

આગ ઠારે; જેના ભાવનિક્ષેપની કમાલની તો શી વાત કરવી? એવા તરણ–તારણહાર પરમકૃપાલ; પરમપિતા, જગદંબા, પ્રાણેશ્વર પરમાત્મા તીર્થંકરદેવની શરણાગતિ જેને ભાવતી નથી, ફાવતી નથી, જચતી નથી એ જીવનો તો જન્મારો એળે ગયો! એનાં જ્ઞાન, ધ્યાન, ત્યાગ, તપ કે વિરતિના વેષમાં ધૂળ પડી, ધૂળ પડી!

સૂક્ષ્મનું બળ પુષ્કળ હોવું જોઈએ તેમ ગુણવત્તાની દૃષ્ટિથી તે ખૂબ વિશુદ્ધ પણ હોવું જોઈએ. શરણાગતિ વિનાના તપ, ત્યાગાદિથી સૂક્ષ્મનું પ્રચંડ બળ કદાચ ઉત્પન્ન થઈ જશે પણ તેમાં વિશુદ્ધિનું તત્ત્વ નહિ જડે. આમાં મોટું જોખમ લેવાય છે.

આથી જ પરમેષ્ઠિ–શરણાગતિ જ સૂક્ષ્મ બલોત્પાદ માટે શ્રેષ્ઠ છે અને નિર્ભય છે.

સૂક્ષ્મનું વિશુદ્ધ અને પ્રચંડ બળ ઉત્પન્ન કરતી શરણાગતિનો એક બીજો મોટો લાભ (બાઈ–પ્રોડક્ટ) તૈયાર મળી જાય છે. આ લાભ પરાર્થકરણ માટે ખૂબ આવશ્યક છે તેમ અનિવાર્ય પણ છે.

માત્ર આત્મ–વિશુદ્ધિના સ્વામી સ્વાર્થની સાધનાઓ કરી શકશે પણ પરાર્થની આરાધનાઓ કદાચ વ્યક્ત રીતે તો નહિ જ કરી શકે; કેમકે તે માટે શુદ્ધિની સાથોસાથ પુષ્ટિની પણ ખૂબ જરૂર રહે છે. શુદ્ધિથી સ્વાર્થ સધાય; પુષ્ટિથી પરાર્થ સધાય. પુષ્ટિ એટલે પુણ્યનો—નિર્મળ પુણ્યનો; પુણ્યાનુબંધી પુણ્યનો—સંગ્રહ.

ન હતા–એવા સમયે પણ જેમણે આપણા પ્રત્યે કરુણા-ભરી નજર કરી; જેમણે આપણને એ સઘળાં ય દુઃખો અને દુઃખોનાં મૂળભૂત કારણોથી ઉગારી લેવાની લાગણી-સભર હૃદયે ભાવના ભાવી; જેમણે પોતાની વિરાટ કરુણાની બાથમાં આપણને પણ સમાવી લીધા...એવા એક બે કે પાંચ કરુણાના સાગર થયા નથી. આજ સુધીમાં એવા અનંત આત્માઓ થઈ ચૂક્યા છે; જેઓ અંતે તીર્થંકરદેવ બન્યા છે. જેમણે વિષય-કષાયના સાગરમાં ડૂબતા આપણને બચાવી લેતી 'શાસન' નામની નાવડી તરતી મૂકી જ છે.

દુર્ભાગી આપણે જ રહ્યા ! જેમણે એ નાવડીનું—એ દેવાધિદેવનું–શરણ લીધું તે તમામ તર્યાં; આપણે શરણ જ ન લીધું એનાં ચરણોનું; પરિણામે આજે ય આ અપાર સંસાર પારાવારમાં ડૂબતા જ રહ્યા છીએ.

ઓ, ઈશ ! હવે જ અમને સમજાયું છે કે, "અમારાં સઘળાં દુઃખો, પરાભવો, યાતનાઓ અને સંતાપોનું મૂળ; અમારી સદા જીવંત રહેતી વાસનાઓનું મૂળ તારી અ-ભક્તિ જ છે. અમે પૂર્વભવોમાં કદી તારી સાચી ભક્તિ કરી જ નથી એથી જ સર્વ પરાભવોનું ભાજન બન્યા છીએ !"

ઈશનાં ચરણનું શરણ એ જ જો આપણું જીવન બની જાય તો સૂક્ષ્મનું પ્રચંડ બળ, તદ્દન સહજ રીતે આપણા અંતસ્તલમાં ભરાતું જાય; ઊભરાતું જાય; અંતે વિશ્વમાં વહેતું થવા લાગી જાય.

આ જગતનો એવો ત્રિકાલાબાધિત ન્યાય-છે કે જે ચીજ તમારી પાસે ન હોય; અને એ ચીજ તમારે જોઈતી હોય તો તેના માલિક પાસે તમારે જવું જ જોઈએ.

હીરા જોઈતા હોય તો હીરાના માલિક ઝવેરી પાસે જ જવું રહ્યું; ત્યાં કાછીઓ કે કંદોઈ નકામો છે.

તમારે સૂક્ષ્મની તાકાત જોઈતી હોય તો તેના સ્વામીના શરણે જવું જ રહ્યું. જેની પાસે જે છે; તેની પાસેથી જ તે મળી શકે.

મેળવવાનો આ ખૂબ સરળ અને સરસ ન્યાય છે.

સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ બળોના એકના એક સ્વામી જો કોઈ હોય તો તે તારક પરમાત્મા છે; ત્રિલોકગુરુ છે; અશરણશરણ, પતિતપાવન, ત્રિભુવન-વત્સલ, અકારણમિત્ર દેવાધિદેવ જ છે.

જેને આ દેવાધિદેવ ગમતા નથી એ કોઈને ય ગમતો નથી.

જે આ પ્રભુને નમતો જ નથી, એને કોઈ પણ નમતું નથી

જે આ આર્હન્ત્યને ભજતો નથી તેને કોઈ યાદ પણ કરવા તૈયાર નથી

જે આ માની સેવા કરતો નથી એની સેવા કરવા—મોતની વેળાએ—પણ કોઈ આવનાર નથી.

ત્રિભુવનપતિ, ત્રિલોકગુરુની શરણાગતિ જ આપણું સર્વસ્વ બની રહે. એ આપણાં તમામ હિતો અને સુખો માટે અત્યંત જરૂરી છે.

આવી શરણાગતિ વિનાના તપ, ત્યાગ, જ્ઞાન, વિદ્વત્તા, પુણ્યજનિત વૈભવો વગેરે તમામ ગમે તે પળે ધર્મજીવનની ધરતીમાં ભયાનક કડાકો બોલાવી દેતા હોય છે. અચ્છા અચ્છા રૂસ્તમો પણ આધ્યાત્મિક જગતમાં અંતે દેવાળું કાઢી ચૂક્યાના—બરબાદ થઈ ગયાના પ્રસંગો સાંભળવા મળે છે.

શરણાગતિ એ આપણો જ 'સેઈફટી વાલ્વ' છે.
શરણાગતિ એ આપણો જ 'સેઈફ ગાર્ડ' છે.
શરણાગતિ એ આપણો જ 'ડોગ–વોચ' છે.
એની અવગણના એટલે ખુલ્લંખુલ્લા હારાકીરી.

એની અવગણના જીવનમાત્રના સુખ અને શાન્તિની અવગણનામાં પરિણામી જઈને આપણને હૃદયથી નિષ્ઠુર, દિલથી ક્રુર, મનથી ઉન્મત્ત અને બુદ્ધિથી ભ્રષ્ટ કરી દીધા વિના રહેતી નથી.

બીજા બધાની અવગણના થઈ શકે પણ આપણી જ આધારશીલારૂપ આપણા જ શ્વાસપ્રાણરૂપ, આપણા જ પ્રાણરૂપ શરણ્યની અવગણના આપણે કદી કરી ન શકીએ.

જેનું નામ માત્ર આપણા ચિત્તના તાપ ઠારે; જેની આકૃતિ (પ્રતિમાનું સ્મરણ, પૂજન–વંદન માત્ર આપણાં દારિદ્રય ફેડે, જેનું દ્રવ્ય માત્ર દેવેન્દ્રોના પણ કષાયોની

આગ ઠારે; જેના ભાવનિક્ષેપની કમાલની તો શી વાત કરવી ? એવા તરણ–તારણહાર પરમકૃપાલ; પરમપિતા, જગદંબા, પ્રાણેશ્વર પરમાત્મા તીર્થંકરદેવની શરણાગતિ જેને ભાવતી નથી, ફાવતી નથી, જચતી નથી એ જીવનો તો જન્મારો એળે ગયો ! એનાં જ્ઞાન, ધ્યાન, ત્યાગ, તપ કે વિરતિના વેષમાં ધૂળ પડી, ધૂળ પડી !

સૂક્ષ્મનું બળ પુષ્કળ હોવું જોઈએ તેમ ગુણવત્તાની દૃષ્ટિથી તે ખૂબ વિશુદ્ધ પણ હોવું જોઈએ. શરણાગતિ વિનાના તપ, ત્યાગાદિથી સૂક્ષ્મનું પ્રચંડ બળ કદાચ ઉત્પન્ન થઈ જશે પણ તેમાં વિશુદ્ધિનું તત્ત્વ નહિ જડે. આમાં મોટું જોખમ લેવાય છે.

આથી જ પરમેષ્ઠિ–શરણાગતિ જ સૂક્ષ્મ બલોત્પાદ માટે શ્રેષ્ઠ છે અને નિર્ભય છે.

સૂક્ષ્મનું વિશુદ્ધ અને પ્રચંડ બળ ઉત્પન્ન કરતી શરણાગતિનો એક બીજો મોટો લાભ (બાઈ–પ્રોડક્ટ) તૈયાર મળી જાય છે. આ લાભ પરાર્થકરણ માટે ખૂબ આવશ્યક છે તેમ અનિવાર્ય પણ છે.

માત્ર આત્મ–વિશુદ્ધિના સ્વામી સ્વાર્થની સાધનાઓ કરી શકશે પણ પરાર્થની આરાધનાઓ કદાચ વ્યક્ત રીતે તો નહિ જ કરી શકે; કેમકે તે માટે શુદ્ધિની સાથોસાથ પુષ્ટિની પણ ખૂબ જરૂર રહે છે. શુદ્ધિથી સ્વાર્થ સધાય; પુષ્ટિથી પરાર્થ સધાય. પુષ્ટિ એટલે પુણ્યનો—નિર્મળ પુણ્યનો; પુણ્યાનુબંધી પુણ્યનો—સંગ્રહ.

શુદ્ધિ, પુષ્ટિ એ ય ભેગાં મળીને-પરસ્પરનાં પૂરક બનીને સ્વ-પર અનેક આત્માઓને મુક્તિ આપનારાં બની જાય છે.

શાસન, ધર્મક્રિયા, સંસ્કૃતિ વગેરેની રક્ષાનો જે પ્રશ્ન છે તે બહુધા પરાર્થસ્વરૂપ છે એટલે તેમાં પુણ્ય-સંગ્રહની પણ ખૂબ જરૂર છે,

આપણે પુણ્યના ઉત્પાદનમાં સીધા ભલે કદાચ ન જોડાઈએ પણ સૂક્ષ્મના વિશુદ્ધ બળનું ઉત્પાદન કરવા માટે જે શરણાગતિ સ્વીકારીએ તેના બાઈ-પ્રોડક્ટરૂપે કુશલ પુણ્યનું ઉત્પાદન થઈ જતું હોય તો તે અતિ આવશ્યક બાબત બની જાય છે. મેળવ્યા વિના મળી જતું, શરણાગતિના ભાવમાંથી પ્રગટતું આ પુણ્ય એટલું બધું નિર્મળ હોય છે અને વીર-બળ ધરાવતું હોય છે કે તેના દ્વારા સ્વ અને પરના કલ્યાણની ભવ્ય ગાથાનું ખૂબ સુંદર નિર્માણ થઈ જાય છે.

ચાલો, તે પુણ્યતત્ત્વ ઉપર થોડો દૃષ્ટિપાત કરી લઈએ; તેની જરૂરીઆતને સમજી લઈએ; તેનાં સ્રોતોને જાણી લઈએ.



મહામુનીજને મેળવેલા દેવકુમાર જેવા બત્રીસ પુત્રોને એકીસાથે ખોઈ નાંખવા છતાં માતા સુલસાના અંતરે અદીનતાનો ધ્વજ ફરકાવવાની તાકાત કોણે બક્ષી ?

જવાબ એક જ છે : " અરિહંતની શરણાગતિએ જ.

પુણ્ય : એક અપરિહાર્ય શક્તિ

[૭]

જંગો તો એક સાથે આપણા જીવનમાં અવિરતપણે ચાલી રહ્યા છે. સૌથી મોટો જંગ આંતરિક વાસનાઓનો છે. અનાદિકાલીન વાસનાઓના કાતિલ હુમલાઓ સામે આત્મા લગભગ મહાત-પરાજિત થઈ ચૂક્યો હોય તેવો આભાસ થયા કરે છે. આથીસ્તો ત્રિલોકગુરુ પરમાત્માએ કહ્યું છે ને કે, "જેણે આત્મા જીત્યો તેણે બધું જીત્યું."

સંતોએ પ્રબોધ્યું છે; બીજા જંગો શા માટે ખેલે? ખેલવા જેવો જંગ તો તારા ઘરનો જ છે. તારા ઘરમાં જ ખૂનખાર લડાઈ ચાલી પડી છે. ઘોર પરાજય તને સાંપડી રહ્યો છે. તારા ગુણોની કત્લેઆમ થઈ રહી છે. ઘાસની જેમ વઢાઈ રહ્યા છે; તારા ગુણો, તારી શક્તિઓ, તારું આંતરસૌન્દર્ય...બધું ય.

"માટે હે આત્મન્! અંદર જ યુદ્ધ કર. બહારનાં છમકલાં જેવાં યુદ્ધોથી ફારેગ થા."

સંતપુરુષોની આ આર્ષવાણી વાસનાઓના જંગને સૌથી વધુ ભયંકર જણાવે છે.

આ જંગ પછી બીજો પણ એક જંગ છે; જે બાહ્ય છે; જેની અવગણના કરવાનું આપણને પાલવે તેવું નથી.

એ જંગ છે; આપણા અસીમ ઉપકારી ધર્મશાસન –ધર્મસંસ્કૃતિ ઉપરનાં ભૌતિક અને પાશ્ચાત્ય આક્રમણો–સંબંધિત.

જે રીતે નવી પેઢી વિકૃતિઓનાં ઘોડાપૂરોમાં હોંશભેર તણાઈ રહી છે; જે રીતે લોહીના સીંચેલા અને મડદાંના ખાતરથી ઉગાડાએલા શીલ, સદાચાર, આતિથ્યના વડલાઓ જમાનાવાદની ભયાનક આંધીમાં મૂળીઆમાંથી ઊખડી રહ્યા છે એ જોતાં તો એમ જ લાગે છે કે આ આક્રમણોના પડછાયાને પણ પડકારવાનું કાર્ય આપણા ક્ષેત્રની બહાર છે.

આ તો થયા બે જંગ...હજી એક નાનકડો જંગ પણ ચાલી જ રહ્યો છે; હા...સત્ત્વશાળી આત્માઓ એની પરવાહ નથી કરતા એ વાત તદ્દન સાચી છે અને ખૂબ સારી પણ છે, બધાયની તો એ તાકાત હોતી નથી. જીવનમાં જે દુઃખો આવીને ઊભાં રહે છે તેમાં ટકી જવું–અદીન બની રહેવું–તે લગભગ મુશ્કેલ બની જાય છે. એવી વિષમ સ્થિતિમાં રહીને પણ ચિત્તની પૂરી પ્રસન્નતા અબાધિત રાખીને ધર્મધ્યાનમાં ઓતપ્રોત રહેવાની કળા તો કોક વીરલાને જ હસ્તગત થઈ હોય છે. એટલે નાનકડો પણ આ ય એક જંગ છે જેની સાવ અવગણના તો ન જ કરી શકાય.

વાસનાનો જંગ સૌથી મોટો, ધર્મસંસ્કૃતિ ઉપરનાં આક્રમણોના મુકાબલાનો જંગ પણ ઘણો ગંભીર,

જાગી પડતાં દુઃખોના તણખાઓ પણ સાવ અવગણના કરી દેવા લાયક તો નહિ જ. શું કરવું ? શો ઉપાય હશે આ જંગોમાં યશશ્રી વરવાનો ?

વાસનાઓ દ્વારા આત્માને મળતી પછડાટો એટલી બધી જોરદાર હોય કે એમાંથી ભવોના ભવો સુધી પાછા બેઠા થવાતું નથી.

ધર્મસંસ્કૃતિ ઉપરનાં આક્રમણોનો ઝપાટો એટલે સખત હોય છે કે એ સંસ્કૃતિને ફરી બેઠાં થતાં સેંકડો વર્ષો નીકળી જતાં હોય છે.

અને કૌટુમ્બિક, શારીરિક વગેરે દુઃખો પણ ભલે ટૂંક સમયમાં વિદાય પણ થતાં હોય તો ય તેનો ફુંફાડો એકદમ ગભરાવી દઈને ધર્મવિમુખ કરી દેતો હોય છે. એટલે ઉપાય તો કોક ખોળવો જ રહ્યો.

આ રહ્યો; તે ઉપાય. એ છે પુણ્યનું-વિશુદ્ધ પુણ્યનું-ઉત્પાદન.

વાસનાને જન્મ દેતાં પાપકર્મો સાથે લડવામાં બમણા વેગથી હુમલાઓ આવવાની પૂરી શક્યતા છે. લડીને જીતી લેવાય તેટલી સરળ એ લડાઈ નથી. પાપકર્મોને તો એના જ જેવા કોઈ કર્મ સાથે લડાવી મારીને ખતમ કરી દેવા જોઈએ એ કર્મ છે; પુણ્યકર્મ.

પુણ્યકર્મ સાથે પાપકર્મને લડાવી મારો; અને તે પાપકર્મોને નષ્ટ કરો. જેટલાં મજબૂત પાપકર્મો હોય

શુદ્ધિ, પુષ્ટિ બે ય ભેગાં મળીને-પરસ્પરનાં પૂરક બનીને સ્વ-પર અનેક આત્માઓને મુક્તિ આપનારાં બની જાય છે.

શાસન, ધર્મક્રિયા, સંસ્કૃતિ વગેરેની રક્ષાનો જે પ્રશ્ન છે તે બહુધા પરાર્થસ્વરૂપ છે એટલે તેમાં પુણ્ય-સંગ્રહની પણ ખૂબ જરૂર છે,

આપણે પુણ્યના ઉત્પાદનમાં સીધા ભલે કદાચ ન જોડાઈએ પણ સૂક્ષ્મના વિશુદ્ધ બળનું ઉત્પાદન કરવા માટે જે શરણાગતિ સ્વીકારીએ તેના બાઈ-પ્રોડક્ટરૂપે કુશલ પુણ્યનું ઉત્પાદન થઈ જતું હોય તો તે અતિ આવશ્યક બાબત બની જાય છે. મેળવ્યા વિના મળી જતું, શરણાગતિના ભાવમાંથી પ્રગટતું આ પુણ્ય એટલું બધું નિર્મળ હોય છે અને વીર-બળ ધરાવતું હોય છે કે તેના દ્વારા સ્વ અને પરના કલ્યાણની વ્યક્ત ગાથાનું ખૂબ સુંદર નિર્માણ થઈ જાય છે.

ચાલો, તે પુણ્યતત્ત્વ ઉપર થોડો દષ્ટિપાત કરી લઈએ; તેની જરૂરીઆતને સમજી લઈએ; તેનાં ક્ષેત્રોને જાણી લઈએ.



મહામુનીને મેળવેલા દેવકુમાર જેવા બત્રીસ પુત્રોને એકીસાથે ખોઈ નાંખવા છતાં માતા સુલસાના અંતરે અદીનતાનો ધ્વજ ફરકાવવાની તાકાત કોણે બક્ષી ?

જવાબ એક જ છે: " અરિહંતની શરણાગતિએ જ.

પુણ્ય : એક અપરિહાર્ય શક્તિ

[૭]

જંગો તો એક સાથે આપણા જીવનમાં અવિરતપણે ચાલી રહ્યા છે. સૌથી મોટો જંગ આંતરિક વાસનાઓનો છે. અનાદિકાલીન વાસનાઓના કાતિલ હુમલાઓ સામે આત્મા લગભગ મહાત–પરાજિત થઈ ચૂક્યો હોય તેવો આભાસ થયા કરે છે. આથીસ્તો ત્રિલોકગુરુ પરમાત્માએ કહ્યું છે ને કે, "જેણે આત્મા જીત્યો તેણે બધું જીત્યું."

સંતોએ પ્રબોધ્યું છે; બીજા જંગો શા માટે ખેલે? ખેલવા જેવો જંગ તો તારા ઘરનો જ છે. તારા ઘરમાં જ ખૂનખાર લડાઈ ચાલી પડી છે. ઘોર પરાજય તને સાંપડી રહ્યો છે. તારા ગુણોની કત્લેઆમ થઈ રહી છે. ઘાસની જેમ વઢાઈ રહ્યા છે; તારા ગુણો, તારી શક્તિઓ, તારું આંતરસૌન્દર્ય...બધું ય.

"માટે હે આત્મન્! અંદર જ યુદ્ધ કર. બહારનાં છમકલાં જેવાં યુદ્ધોથી ફારેગ થા."

સંતપુરુષોની આ આર્ષવાણી વાસનાઓના જંગને સૌથી વધુ ભયંકર જણાવે છે.

આ જંગ પછી બીજો પણ એક જંગ છે; જે બાહ્ય છે; જેની અવગણના કરવાનું આપણને પાલવે તેવું નથી.

એ જંગ છે; આપણા અસીમ ઉપકારી ધર્મશાસન –ધર્મસંસ્કૃતિ ઉપરનાં લૌકિક અને પાશ્ચાત્ય આક્રમણો– સંબંધિત.

જે રીતે નવી પેઢી વિકૃતિઓનાં ઘોડાપૂરોમાં હોંશભેર તણાઈ રહી છે; જે રીતે લોહીના સીંચેલા અને મડદાંના ખાતરથી ઉગાડાએલા શીલ, સદાચાર, આતિથ્યના વડલાઓ જમાનાવાદની ભયાનક આંધીમાં મૂળીઆમાંથી ઊખડી રહ્યા છે એ જોતાં તો એમ જ લાગે છે કે આ આક્રમણોના પડછાયાને પણ પડકારવાનું કાર્ય આપણા ક્ષેત્રની બહાર છે.

આ તો થયા બે જંગ...હજી એક નાનકડો જંગ પણ ચાલી જ રહ્યો છે; હા...સત્ત્વશાળી આત્માઓ એની પરવાહ નથી કરતા એ વાત તદ્દન સાચી છે અને ખૂબ સારી પણ છે, બધાયની તો એ તાકાત હોતી નથી. જીવનમાં જે દુઃખો આવીને ઊભાં રહે છે તેમાં ટકી જવું–અદીન બની રહેવું–તે લગભગ મુશ્કેલ બની જાય છે-એવી વિષમ્ સ્થિતિમાં રહીને પણ ચિત્તની પૂરી પ્રસન્નતા અબાધિત રાખીને ધર્મધ્યાનમાં ઓતપ્રોત રહેવાની કળા તો કોક વીરલાને જ હસ્તગત થઈ હોય છે. એટલે નાનકડો પણ આ ય એક જંગ છે જેની સાવ અવગણના તો ન જ કરી શકાય.

વાસનાનો જંગ સૌથી મોટો, ધર્મસંસ્કૃતિ ઉપરનાં આક્રમણોના મુકાબલાનો જંગ પણ ઘણો ગંભીર; અને

જાગી પડતાં દુઃખોના તણખાઓ પણ સાવ અવગણના કરી દેવા લાયક તો નહિ જ. શું કરવું ? શો ઉપાય હશે આ જંગોમાં યશશ્રી વરવાનો ?

વાસનાઓ દ્વારા આત્માને મળતી પછડાટો એટલી બધી જોરદાર હોય કે એમાંથી ભવોના ભવો સુધી પાછા બેઠા થવાતું નથી.

ધર્મસંસ્કૃતિ ઉપરનાં આક્રમણોનો ઝપાટો એટલે સખત હોય છે કે એ સંસ્કૃતિને ફરી બેઠાં થતાં સેંકડો વર્ષો નીકળી જતાં હોય છે.

અને કૌટુમ્બિક, શારીરિક વગેરે દુઃખો પણ ભલે ટૂંક સમયમાં વિદાય પણ થતાં હોય તો ય તેનો ફુંફાડો એકદમ ગભરાવી દઈને ધર્મવિમુખ કરી દેતો હોય છે. એટલે ઉપાય તો કોક ખોળવો જ રહ્યો.

આ રહ્યો; તે ઉપાય. એ છે પુણ્યનું-વિશુદ્ધ પુણ્યનું-ઉત્પાદન.

વાસનાને જન્મ દેતાં પાપકર્મો સાથે લડવામાં બમણા વેગથી હુમલાઓ આવવાની પૂરી શક્યતા છે. લડીને જીતી લેવાય તેટલી સરળ એ લડાઈ નથી. પાપકર્મોને તો એના જ જેવા કોઈ કર્મ સાથે લડાવી મારીને ખતમ કરી દેવા જોઈએ એ કર્મ છે; પુણ્યકર્મ.

પુણ્યકર્મ સાથે પાપકર્મને લડાવી મારો; અને તે પાપકર્મોને નષ્ટ કરો. જેટલાં મજબૂત પાપકર્મો હોય

તેટલું મજબૂત આપણું પુણ્યકર્મ પણ હોવું જોઈએ. નહિ તો તે ટકી ન શકે.

વિશિષ્ટ કોટિના પુણ્યથી એવો સદ્દગુરુયોગ; કલ્યાણ-મિત્રોનો સંગ, અનુકૂળ ધર્મક્ષેત્ર વગેરે થઈ જાય કે તેથી વાસનાઓ સહજ રીતે શાન્ત-ઉપશાન્ત બની જાય છે. બેશક; આ પુણ્ય જેમ શુદ્ધ (અર્થ-કામની આકાંક્ષા વિનાનું) હોવું જોઈએ તેમ ઉગ્ર પણ હોવું જોઈએ; તો જ તે ઝટ ફળે.

મયણાસુંદરીના જીવન-પ્રસંગોમાં તેણે ઉત્પન્ન કરેલા ઉગ્રપુણ્યના ચમકારા આપણને જોવા મળે છે.

ઉગ્રપુણ્યની નીપજ ખાસ કરીને તો પરમાત્માની અનન્ય અને શુદ્ધ શરણાગતિથી જ થાય છે.

જો આવું શુદ્ધ અને ઉગ્ર પુણ્ય હાંસલ થાય તો ધર્મીજનો કે ધર્મસંઘ ઉપર આવતાં ધર્મનાશક આક્રમણોની પણ પીછેહઠ થવા લાગે. જે સંઘ પાસે પુણ્યની મૂડી ઓછી થઈ ગઈ હોય કે પરવારી ગઈ હોય તેવાં સંઘને જ કોઈ આંગળી કરી શકે કે અડપલું કરી શકે ને ? પુણ્યશાળીને આંગળી શી ? અને અડપલું ય શેનું ? આક્રમણની તો વાત જ કયાં રહી ?

આજે ધાર્મિકજનોનું પુણ્ય ઘટયું છે એ પણ એક હકીકત છે. એનો ઇન્કાર થઈ શકે તેમ નથી. વાસનાઓનું નાશક પુણ્ય આ રીતે ધર્મશાસન ઉપરનાં આક્રમણોને પણ મારી હઠાવવામાં ખૂબ સરસ રીતે સહાયક બની જાય છે.

અને... પેલાં દુઃખોનાં છમકલાં ગેરીલા પદ્ધતિનાં હોવાથી અપેક્ષાએ મોટા જંગ કરતાં ય વધુ થકવી નાંખનારાં હોય છે. તેને ય આ જ પુણ્ય શાન્ત કરી દે છે.

શાસનરક્ષા પુણ્ય કરે : અજબગજબ ગેબી રીતે.

દુઃખોથી જીવનરક્ષા પુણ્ય કરે : ન ઇચ્છીએ તો ય.

વાસનાઓથી આત્મરક્ષા કરે : તદ્દન સાહજિક રીતે.

કારમી વાસનાઓ અને ભયંકર દુઃખના તાપમાં બળતા-ઝળતા એક દેવાત્માને આ ઈશ-શરણાગતિએ જ ઉગારી લીધા હતા.

દેવલોકની ધરતી કે જ્યાં નિર્ગ્રન્થોના ચરણ પણ કદી પડતા નથી; એ ધરતીના એક લાચાર, દયાર્ત્ત અને વાસનાપીડિત આદમીને શરણાગતિ ન હોત, ઈશનો સ્થાપના-નિક્ષેપ (પ્રતિમા) ન હોત તો કોણ ઉગારત? અહીં જ જોઈ લઈએ; એ પ્રસંગ.

કુમારનન્દી સોની :

પોતાના દેવાત્મા પતિનું આયુષ્ય પૂર્ણ થવાનો સમય નજદીકમાં જાણીને હાસા અને પ્રહાસા દેવીઓ ચિંતામગ્ન થઈ. નવો દેવ જો સંસ્કારે અતિ કામી હોય તો જ મજા પડે એમ વિચારીને તેવા આત્માની શોધમાં હાસા-પ્રહાસા મૃત્યુલોકમાં આવી.

ફરતાં ફરતાં એક દિવસ તેમણે ચંપાનગરીના ઉદ્યાનમાં ૫૦૦ રૂપવતી રમણીઓ સાથે કુમારનન્દી નામના ધનાઢ્ય સોનીને ક્રીડાઓ કરતો જોયો.

ખરેખર કુમારનન્દી કામાંધ હતો. નગરમાં ક્યાંય પણ રૂપવતી સ્ત્રીને એ જોતો કે તરત પાંચસો સોનામહોર આપીને તેની સાથે લગ્ન કરી લેતો.

હાસા-પ્રહાસા દેવીઓને આ આત્મા પોતાના પતિના સ્થાને દેવ થાય તે ખૂબ સમુચિત લાગ્યું.

રૂપવતી માનુનીનાં રૂપ ધારીને તેઓ સોનીની નજરમાં આવી. તેમના રૂપ-લાવણ્યમાં કુમારનન્દીને પોતાની પાંચસોય પ્રિયાઓ સાવ ફિક્કી પડી જતી લાગી.

વાતચીતમાં હાસા-પ્રહાસાએ કુમારનન્દીને કહ્યું, "અમારી સાથે સુખ માણવું હોય તો પંચશીલ નામના દ્વીપમાં આવવું પડશે. વિચાર થાય તો ચાલ્યા આવજો."

કુમારનન્દીએ તે દ્વીપની તપાસ કરી લીધી. એક વહાણવટી મળી ગયો, પણ તેણે કહ્યું કે હું તો ત્યાંથી પાછો ફરી શકીશ નહિ માટે મારાં બાળ-બચ્ચાંને વિપુલ ધન આપો તો જ તમને પંચશીલ દ્વીપના માર્ગે મૂકી દઉં."

કુમારનન્દીએ તેનાં કુટુંબીજનોને અઢળક સંપત્તિ આપી. પછી બે ય નીકળી ગયા.

દિવસો પછી એક બેટ પાસે આવ્યા. પાસે જ એક ઘેઘૂર વૃક્ષ આવી રહ્યું હતું. નાવિકે કુમારને કહ્યું, "આ વૃક્ષ વટાવ્યા બાદ પાણીમાં ભયંકર વમળો આવે છે. વૃક્ષ

નીચેથી નાવ પસાર થાય કે તરત જ તમે એની ડાળને લટકી પડજો. બીજી જ ક્ષણે હોડી અને હું વમળોમાં ફસાઈ જઈશું. મારું મોત થશે. ડાળી પકડીને વૃક્ષના થડ ઉપર આરામ કરજો. સાંજ પડતાં વિરાટકાય ભારંડ પક્ષીઓ આ વૃક્ષે વિરામ લેવા આવશે. તમે તેની જંગી પાંખમાં પેસી જજો. સવાર પડતાં તે પંખીઓ ઊડીને પંચશીલ દ્વીપે ઉતરાણ કરશે ત્યારે તમને તમારું ઈષ્ટ-સ્થાન મળી જશે."

વૃક્ષ આવ્યું. કુમાર ડાળીને લટકી ગયો. નાવિક વમળમાં મરી ગયો. નાવિકના કહ્યા મુજબ જ થયું. પંચશીલમાં રખડતાં રખડતાં કુમારને તે બે દેવીઓ મળી. પણ અફસોસ ! તેમણે દગો દીધો. કુમારને કહ્યું, "અમે તો દેવાંગનાઓ છીએ. માનવ સાથે અમારે સંબંધ નથી કરવો. તપ કરીને, સંકલ્પ (નિયાણું) સાથે બળી મરો અને અમારા પતિના સ્થાને દેવ બનો તો જ તમારી કામેચ્છા પૂર્ણ થાય. લો, અમે અમારી દૈવી શક્તિથી તમને તમારી ચંપાનગરીમાં પળવારમાં પાછા મૂકી દઈએ.

ઝૂરતો રડતો કુમાર ફરી ચંપા ભેગો થયો.

ધર્માત્મા મિત્રે નિવાર્યો છતાં દેવીના કહ્યા મુજબ તપ વગેરે કરીને જીવતો બળી મર્યો અને દેવીના પતિના સ્થાને દેવ થયો.

પણ દેવોની દુનિયામાં હાસા-પ્રહાસાના આ પતિનું કોઈ વિશિષ્ટ સ્થાન ન હતું. મોટી પુણ્યશક્તિ વિના તો એ ક્યાંથી બને ?

દેવાત્મા થયેલા કુમારનન્દીનું સ્થાન ઢોલીડાનું હતું. અમુક પ્રસંગોમાં દેવીઓ નૃત્ય કરે ત્યારે આ બિચારાને વચ્ચે ઊભા રહીને ચોતરફ કુંડાળે કૂદવાનું અને ગળે નાંખેલો ઢોલ બજાવવાનો.

પોતાનું આ કાર્ય જાણીને કુમારનન્દીના દેવાત્માને ભયાનક આઘાત લાગ્યો. પણ હવે શું થાય? કામાન્ધતાએ જ એને આ કૂવે ઉતાર્યો હતો ને!

છેવટે મિત્ર-દેવની સલાહ લઈને એણે પોતાનું સમગ્ર જીવન પરમાત્માની પ્રતિમા બનાવીને ભક્તિમાં વીતાવ્યું. એથી વાસનાઓ શાન્ત થઈ; દુઃખના આઘાત રૂઝાયા; પુણ્ય વધ્યું અને ભાવી મંગળમય બન્યું.

ભગવાન સિવાય તો પાપીને કોણ બચાવી શકે?

જિનમંદિરોની આવશ્યકતા :

જ્યારે શરણાગતિ સૂક્ષ્મના પ્રચંડ બળને સીધું ઉત્પન્ન કરી આપે છે અને પુણ્યના વિશુદ્ધ બળને સાથે સાથે ઉત્પન્ન કરી આપે છે ત્યારે જ મુગ્ધ બાળ-જીવોને માટે "જિનમંદિરો" અનિવાર્ય આવશ્યક બની જાય છે. કોઈ આલંબન વિના-સીધું ધ્યાન-મુગ્ધ જીવોને ન લાગી જાય એ તદ્દન સહજ બીના છે.

જિનવાણીનું શ્રવણ તો જ્યારે નિર્ગ્રન્થ મુનિભગવંતો વગેરે ગામમાં કે નગરોમાં આવે ત્યારે જ ચાતુર્માસાદિના સમયમાં મળી શકે. જ્યારે બારમાસી કોઈ ધર્મ આપણી પાસે હોય તો તે જિનપૂજાનો છે; જિનમંદિરોનો છે.

જે જિનવાણી સાંભળી તેનું યથાર્થ ફળ વાસનાઓની શાન્તિ છે; જિનાજ્ઞાનનું શક્ય એટલું વધુ પાલન છે. આ બધું ય જિનપ્રતિમાના બારમાસી આલંબન વિના સિદ્ધ થવું મુશ્કેલ છે.

છતાં જો આપણે મંદિરોને અવગણીશું તો આપણા દ્વારા ધર્મક્રિયાઓ અને ધર્મસંસ્કૃતિઓની પણ અવગણના થઈ જશે. જમાનાવાદના ઝેરી પવનમાંથી ઉત્પન્ન થયેલાં સિનેમા–ટોકિઝો, કલબો, હોટલો વગેરે આપણા ભાવ-જીવનને પછી તો ભરખી જ રહેશે.

અશુભ આલંબનો ઊભાં થઈને અશુભતાને વાયુ-મંડળમાં પ્રસરાવતા આપણી સગી આંખે જોયા પછી પણ જો આપણે આલબનની અસર ન જ સ્વીકારીએ; અને તેથી શુભ આલંબનોનાં સ્થાનો–તે અશુભ સ્થાનોની–સામે ખડાં ન કરી દઈએ તો પછી આપણે આપઘાતને જ નોતરશું.

સિનેમાઓ, જુગારખાનાંઓ, ટ્રીપો, ક્લબો, રોટરી, લાયન, જાયન્ટ વગેરે કલબોની સામે મંદિરો વિના શું આપણે ટક્કર ઝીલી શકશું ખરા ?

કચકડાની પટ્ટી ઉપર કંડારી લેવાયેલી એક સિને-નટીનું જડ દૃશ્ય જો માનવોના ચિત્તમાં વિકાર ભરી દેવાને સમર્થ ન બની ચૂકયું હોય તો તેવા–ધમધમતાં રિસી-વિંગ સ્ટેશન જેવા ચિત્તના સ્વામી – માનવોના ચિત્તમાં નિર્મોહી પરમાત્માની પ્રતિમા શું સંસ્કાર ભરી દેવાને

સમર્થ નથી ? શું મોટી કરનાં નિર્મોહી નિર્બળ છે ? બિન-અસરકારક છે ? અફસોસ !

એક સામાન્ય ચિંતકે પણ અધ્યાત્મ જગતના અસ્તિત્વનું સમીકરણ શોધ્યું છે તે ય અધ્યાત્મજગતના રખોપા તરીકેનો ઠેકો ધરાવતા આપણે જો નહિ સમજીએ કે નહિ અપનાવીએ તો તે ખૂબ જ આઘાતજનક બાબત ગણાશે એમ મને લાગે છે.

તેણે કહ્યું છે કે જો તમારે ભારતીય પ્રજાને ખતમ કરી દેવી હોય તો તમે ભારતીય સંસ્કૃતિને ખતમ કરી નાંખો કેમકે એ પ્રજાની જીવાદોરી એની સંસ્કૃતિ જ છે.

અને જો તમારે ભારતીય સંસ્કૃતિને ખતમ કરી નાંખવી હોય તો તમે મંદિરોને ભિમાં ને ભિમાં જ (કાયદાઓ વગેરેની ભીંસમાં લઈને) ખંડીએર બનાવી દો. કેમકે મંદિરો જ તેની સંસ્કૃતિના ઉદ્ગાતાઓ છે અને રખોપાઓ છે. અસ્તુ.

આ જ કારણસર આ દેશની પ્રજાએ આક્રમકોની સામે મંદિરો અને મૂર્તિઓની રક્ષા કરવામાં કદી પાછી પાની કરી નથી; રે ! જાનની બાજીઓ લગાવીને પણ તેના રક્ષક બનીને તેઓ જીવનના પરમસૌભાગ્યના પ્રાપક બન્યા છે. અહીં રામલાલ બારોટનો એવો જ એક પ્રસંગ ટાંકું છું.

રામલાલ બારોટ :

ગુર્જરેશ્વર કુમારપાળની રાજગાદી ઉપર ચડી બેઠેલો રાજા અજયપાળ; ગુર્જરેશ્વરની ધાર્મિકતાની જીવંત સાક્ષી

રૂપે ઊભેલાં જિનમંદિરોને ધારાશાયી કરવાના જાણે શપથ લઈ ચૂકયો હોય તે રીતે એક પછી એક જિનમંદિર ધૂળભેગું કરતો તારંગતીર્થને ધરતીનશીન કરવા માટે આગળ ધસી રહ્યો હતો.

એના રસ્તામાં એક ગામ આવ્યું. ત્યાંના જૈનો ભારે ધર્મપ્રેમી. તારંગાની રક્ષા માટે વિચાર કરવા આખો સંઘ એકઠો થયો. આખી રાત વિચારણા કરી પણ કોઈ ઉપાય ન જડયો. એ વખતે રામલાલ નામના એક બારોટે તીર્થરક્ષાનું બીડું ઝડપ્યું. સંઘે એનાં બાળ-બચ્ચાં વગેરે કુટુંબીજનોની કાયમી સંભાળ રાખવાની જવાબદારી માથે લીધી. રામલાલ બારોટને સહુએ તિલક કર્યું. યુવતીઓએ આશિષ આપી. રામલાલે નાટક મંડળી તૈયાર કરી. બીજા માણસો દ્વારા આ નાટક મંડળીની ભારે પ્રશંસા અજયપાળ પાસે કરાવી. અજયપાળે રામલાલનું નાટક જોવાની ઇચ્છા દર્શાવી. રામલાલ બારોટે અજયપાળ સમક્ષ ઉપસ્થિત થઈને કહ્યું, "રાજન્ ! નાટક તો આપને જરૂર બતાવીશ, પણ મારી બે શરત પાળવી પડશે. નાટકમાં જે કાંઈ આવે તે જોવું જ પડશે. અને નાટકના અંત સુધી ઉઠાશે નહિ."

રાજાએ શરતો કબૂલ કરી. રાત્રે દશ વાગે નાટક શરૂ થયું.

એના પહેલા અંકમાં આપ-બળે અઢળક સંપત્તિ

પ્રાપ્ત કરીને શ્રીમંત થયેલો એક યુવાન દેખાયો. ગુરુ-પદેશે એણે જિનમંદિર બનાવ્યું. ભારે ઠાઠથી અને આંતર–મસ્તીથી એ ધનાઢ્ય માણસને રોજ જિનપૂજા કરતો દેખાડ્યો. આ દૃશ્ય જોતાં અજયપાળ સમસમી ઊઠ્યો. પણ શરતને આધીન હોવાથી લાચાર બનીને બેસી રહ્યો.

બીજા અંકમાં એની વૃદ્ધાવસ્થા દેખાડી. બાપ મરણ-પથારીએ પડ્યો. ત્રણે પુત્રોને બોલાવ્યા. જિનમંદિરની રક્ષા કરવાનું કહ્યું અને પરમાત્માની સદૈવ ભક્તિ કરવાની પ્રેરણા કરી. પહેલા બે પુત્રોએ તો પિતાજીની આજ્ઞાને વધાવી લીધી પરન્તુ સૌથી નાના નાસ્તિક પુત્રએ તેમ કરવાની ઘસીને ના પાડી દીધી; એટલું જ નહિ પરન્તુ ગૂંડા જેવા પોતાના મિત્રોને તે લઈ આવ્યો અને પિતાએ નિર્માણ કરેલા ગગનચૂંબી જિનમંદિરને ખતમ કરવા માટે શિખર ઉપર ચઢીને પોતાના જ હાથે પહેલો ઘા કર્યો.

આ દૃશ્ય જોઈને કમકમી ઊઠેલા પિતાએ પથારી-માંથી બેઠા થઈ જઈને ભારે ઉશ્કેરાટથી રાડ નાંખતાં કહ્યું, "ઓ, કર્મચંડાલ! પેલો અજયપાળ પણ તારા કરતાં સારો કે જે કુમારપાળના મૃત્યુ બાદ તેનાં બનાવેલાં મંદિરો તોડે છે; અને તું મારા જીવતાં જ મારું જિન-મંદિર ખતમ કરવા તૈયાર થયો છે!"

નાટકનું આ દૃશ્ય જોતાં રાજા અજય કંપી ઊઠ્યો. સિંહાસનેથી એકદમ ઊભા થઈ જઈને એણે બૂમ પાડીને

કહ્યું, "એ રામલા બારોટ! બસ કર...બહુ થયું...આ દૃશ્ય મારાથી જોવાતું નથી.

"આજથી હું પ્રતિજ્ઞા કરું છું કે એક પણ મંદિરનો કદાપિ નાશ કરીશ નહિ."

અને... તારંગાતીર્થના શિખર ઉપર ફરફરતી ધજા અભયવચન પામી ગઈ.

શ્રીસંઘે રામલાલ બારોટનું વિશોચિત સન્માન કર્યું.

યક્ષદેવસૂરિજી :

પરમાત્મા દેવાધિદેવ પાર્શ્વનાથની પરંપરામાં ઉપકેશ ગચ્છના આચાર્ય ભગવંત યક્ષદેવસૂરિજી [ત્રીજા] થઈ ગયા. આચાર્ય વજ્રસેનસૂરિજી મહારાજાના એ સમકાલીન હતા. એટલું જ નહિ પણ ચન્દ્ર; નાગેન્દ્ર વગેરે તેમના શિષ્યોને તેમણે ખૂબ સારી રીતે શાસ્ત્રાધ્યયન કરાવ્યું હતું. જિનમૂર્તિઓની રક્ષાઓનો તેમના જીવનમાં ખૂબ જ રોમાંચક પ્રસંગ બની ગયો હતો, જે જૈન-ઇતિહાસમાં નોંધાઈ ગયો છે. એ પ્રસંગને આપણે અહીં યાદ કરી લઈએ.

એક વખત પોતાના પાંચસો શિષ્યો સાથે તેઓએ મુગ્ધપુર (હાલનું મહુવા)માં સ્થિરતા કરી હતી. એ અરસામાં એકાએક વંટોળીઆની જેમ મ્લેચ્છોનું સૈન્ય ધસમસતું આવી રહ્યું છે; ગામોનાં ગામો તારાજ કરી રહ્યું છે; 'મંદિરો ધારાશાયી કરવાં અને મૂર્તિઓ ભાંગી

નાંખવી'એ તો આ મ્લેચ્છસૈન્યનો મુદ્રાલેખ બન્યો છે... એવા સમાચાર યક્ષદેવસૂરિજીને મળ્યા.

મુગ્ધપુરમાં અનેક જિનાલયો હતાં. અનેક પ્રતિમાજી હતાં. એની રક્ષા એ આ આચાર્યશ્રી માટે ચિંતાનો વિષય બન્યો. એ જ રાત્રિએ તેઓ ધ્યાનસ્થ થયા અને એમના ધ્યાનબળે દેવીને હાજર થવાની ફરજ પડી.

આચાર્યશ્રીએ દેવીને કહ્યું, "મ્લેચ્છો ક્યાં સુધી આવી પહોંચ્યા છે ? તેની ભાળ મેળવીને મને તરત જ જણાવો."

'તથાસ્તુ' કહીને દેવી ચાલી ગયાં. પણ અફસોસ ! મ્લેચ્છોના દુષ્ટ દેવતત્ત્વે આ દેવીને બાંધી લીધાં. એમની કામગીરીને નાકામીઆબ બનાવી.

વધુ સમય સુધી રાહ જોયા બાદ આચાર્યશ્રીએ દેવીના આગમનની આશા મૂકી દીધી. પોતે જ હવે ધર્મરક્ષાના કાર્યમાં લાગી ગયા. એમણે તરત ગામના ધર્મીજનોને ભેગા કર્યા; પરન્તુ ઘણાખરા તો પોતાના જ માલસામાનને વગેસગે કરવાની ચિંતામાં પડ્યા હતા. પણ જે કેટલાક ધર્મીજનો ધર્મરક્ષા માટે તૈયાર થયા તેમને આચાર્યશ્રીએ કામે લગાડ્યા. 'આપત્કાલે મર્યાદા નાસ્તિ' એ ન્યાયે રાતોરાત જ પ્રતિમાઓનું ઉત્થાપન કરીને દરેક ધર્મીના માથે એકેકી પ્રતિમા મૂકવામાં આવી. પણ હજી તો ઘણા પ્રતિમાજી રહ્યા હતા. એટલે દરેક સાધુના માથે પણ એકેકી પ્રતિમા મૂકવામાં આવી. સહુ,

રાતોરાત આડમાર્ગે વિદાય થઈ ગયા અને સુરક્ષિત સ્થાને વહેલી સવારે પહોંચી ગયા.

થોડાક સાધુ સાથે આચાર્યશ્રી ઉપાશ્રયમાં જ રહ્યા. સવાર પડતાં જ મહુવા ઉપર મ્લેચ્છસૈન્ય ત્રાટક્યું. મંદિરોને ખાલી જોઈને મ્લેચ્છો ગુસ્સે ભરાયા. આચાર્યશ્રી પાસે જવાબ માગ્યો. પણ તેઓ મૌન રહ્યા. મ્લેચ્છોએ તેમના તમામ સાધુઓને ત્યાં ને ત્યાં કાપી નાંખ્યા.

આચાર્યશ્રીને સ્તંભ સાથે સુરકેટાટ બાંધીને ભૂખે મારી નાંખવા માટે એક મ્લેચ્છ સૈનિકને સોંપીને-સૈન્ય આગળ વધ્યું.

દયાલુ તે સૈનિકે આચાર્યશ્રીને નસાડી મૂકયા. નજીકના ગામમાં તે પહોંચ્યા. ત્યાં ઘણા જૈનો રહેતા હતા. એકાકી આચાર્યશ્રીને જોતાં સહુ સ્તબ્ધ થઈ ગયા. સઘળી માહિતી મળતાં આખા ગામમાં સોપો પડી ગયો; શોક ફરી વળ્યો.

હવે શું કરવું ? આચાર્યશ્રી પાસે એક પણ શિષ્ય નથી. તરત જ જૈનસંઘ ભેગો થયો. કેવી રીતે પ્રતિમાજીઓનો આચાર્યદેવે બચાવ કર્યો અને કેવી સ્થિતિમાં તેમના કેટલાક શિષ્યો કપાઈ ગયા ? વગેરે માહિતી સભામાં આપવામાં આવી. એ સાથે જણાવવામાં આવ્યું કે, "અત્યારે સૌ પ્રથમ કર્તવ્ય આચાર્યશ્રીને શિષ્યોથી યુક્ત કરવા, તે છે."

તરત જ કેટલાક તેજસ્વી કિશોરો અને યુવાનોની ટીપ થઈ. ધર્મશાસનની રક્ષા કાજે સંપત્તિ આપનારા તો ઘણુ નીકળે પણ તેજસ્વી સંતતિ તો કોક વીરલા જ આપે ને?

ચૌદ માતાઓએ પોતાના સુયોગ્ય લાડકવાયા આચાર્યશ્રીનાં ચરણોમાં મૂકી દીધા.

જૈનશાસનનો જય હો! ગગનભેદી હર્ષનાદ થયો. આચાર્યશ્રીની આંખોમાં હર્ષનાં આંસુ ધસી આવ્યાં.

આ તો પ્રસંગતઃ આપણે આલંબન તત્ત્વની આવશ્યકતા ઉપર વિચારણા કરી. હવે ઈશની શરણાગતિની મૂળ વિચારણા ઉપર આવીએ.

આપણે જોયું કે આ શરણાગતિ દ્વારા જે વિશુદ્ધ અને પ્રચંડ પુણ્યનો ઉદય થાય છે તે જો ઉગ્ર પણ બની જાય તો તત્કાળ દુઃખોનો પણ નાશ કરે છે. એટલું જ નહિ પણ પાપકર્મ (મોહનીય-કર્મ)ના ઉદયથી જાગી પડેલી વાસનાની આંતરિક બળવાખોરીને પણ શાન્ત કરી દે છે. આધ્યાત્મિક જીવનમાં વાસનાઓના બળવાઓ ખૂબ જ મોટા ખતરા ઊભા કરતા હોય છે. તેના કારણે આખું જીવન બિન-સલામત બની જાય છે; રે! ગમે તે પળે આધ્યાત્મની ગાડી એના પાટા ઉપરથી ઊતરીને ખાડે જઈ પડીને ટુકડે-ટુકડા પણ થઈ જાય છે.

દુઃખોને હજી પહોંચી શકાય; પણ વાસનાઓને પહોંચવાનું કામ ક્યારેક તો ખૂબ જ કાઠું પડી જતું હોય છે. એને ખતમ કરવાના સીધા ઉપાયો—ઘોર તપ..

સ્વાધ્યાય વગેરે—પણ ક્યારેક કામીઆબ નીવડતા નથી, ઊલટું, ક્યારેક તો તેવા વખતે વાસનાઓ વધુ વિકરાળ બની જતી પણ જણાય છે. આવા વાસનાઓના મોરચાને પણ એ જ શરણાગતિજન્ય પુણ્ય એકદમ શાન્ત કરી શકે છે.

અંધકારને હડસેલવા કરતાં પ્રકાશને જ લાવી મૂકવામાં મહેનત ઓછી અને ફળ ઝાઝું.

પૂર્વે કહ્યું તેમ; દુષ્ટને ખતમ કરવા માટે ભેદનીતિ પણ અપનાવવી પડે. ધર્મરાજનું રાજ્ય રાજકારણથી જરા પણ મુક્ત રહી શકતું નથી. એમ કરવા જાય તો રાજકારણનો—મેલામાં મેલા રાજકારણનો—મહાખેલાડી મોહરાજ ચોક્કસ ધર્મરાજને પરાજિત કરી દે.

જેવા સાથે તેવા થવું જ પડે. તેમાં ધર્મ પણ આડો આવતો નથી. એવી કેટલીક ભ્રમણાઓમાં રાચતા કહેવાતા ધર્માત્માઓ સાચા ધર્માત્માઓ નથી.

વાસનાઓ એ પાપકર્મો છે. એને પુણ્યકર્મ—સજાતીય તત્ત્વ—સાથે ફૂટ પડાવીને લડાવી જ મારવા જોઈએ. સીધા હુમલા કરતાં આ નીતિ જ વધુ કારગત અને તેમ પૂર્વે પણ જણાવ્યું છે.

શ્રીકૃષ્ણે પણ અર્જુન અને જયદ્રથના પ્રસંગમાં આવી કેટલીક રાજનીતિઓ અપનાવી હતી; તેમ કર્યા વિના તેમને છૂટકો ન હતો. આપણે બાહ્ય સંસારમાં કદાચ તેમ ન કરીએ પણ આંતર-સંગ્રામમાં તો તેવું

પણ બધું કરીને વિજય મેળવવો જ રહ્યો. અહીં જ શ્રીકૃષ્ણના તે પ્રસંગ જોઈ લઈએ.

જબ્બર રાજનીતિજ્ઞ શ્રીકૃષ્ણ :

મહાભારતના યુદ્ધમાં એક દિવસ અર્જુનના મહાબલિષ્ઠ પુત્ર અભિમન્યુનો જયદ્રથે સંહાર કરી નાખ્યો. પોતાના પુત્રના મૃત્યુના સમાચારે અર્જુન અત્યંત ઉદ્વિગ્ન તો થયા પરન્તુ તેથી વધુ પુત્રહત્યારા જયદ્રથના પ્રાણ લેવા માટે એ તલપાપડ થઈ ગયા. અર્જુને તે જ સ્થળે પ્રતિજ્ઞા કરી કે જો જયદ્રથ આવતી કાલની સાંજ જુએ તો મારે અગ્નિમાં પ્રવેશ કરીને બળી મરવું.

અર્જુનની પ્રતિજ્ઞાના સમાચાર શ્રીકૃષ્ણને મળતાં તે ભારે ચિંતામાં પડી ગયા.

'જો અર્જુન આવતી કાલના યુદ્ધમાં જયદ્રથને મારી ન શકે તો નિજવચન-દૃઢમતિ અર્જુન અવશ્યમેવ અગ્નિપ્રવેશ કરે ! આ વિચાર શ્રીકૃષ્ણને ખૂબ જ સતાવવા લાગ્યો

બીજા દિવસનો સૂર્ય ઊગ્યો અને યુદ્ધ શરૂ થયું. અર્જુન અને જયદ્રથ સામસામા આવી ગયા. બન્ને વચ્ચે યુદ્ધનીતિના ઉત્કૃષ્ટ દાવપેચ ચાલવા લાગ્યા. બન્ને પક્ષનો સૈનિકગણ લડવાને બદલે એ જંગ જોવામાં તલ્લીન બની ગયો.

જોતજોતામાં બપોરના ચારેક વાગ્યાનો સમય થઈ ગયો. હજી જયદ્રથ જરા ય મચક આપતો નથી એ

શ્રીકૃષ્ણે જોયું. આમ ને સામ જો સંધ્યા ઢળી જાય તો અર્જૂનનો અગ્નિપ્રવેશ નિશ્ચિત હતો. અર્જૂન જેવા મહારથીને ગમે તે રીતે બચાવવો જોઈએ એવું શ્રીકૃષ્ણ માનતા હતા. એમને હવે કોઈ દાવ રમવા સિવાય બીજો કોઈ રસ્તો દેખાતો ન હતો.

થોડેક દૂર જઈને શ્રીકૃષ્ણે ધરતી ઉપર પોતાનું સુદર્શન ચક્ર ઘુમાવવાનું શરૂ કર્યું. ચોમેર ધૂળની ડમરી ઊડવા લાગી. ધૂળના ગોટેગોટા બનવા લાગ્યા.

થોડી જ વારમાં આખું આકાશ ધૂળથી ઢંકાઈ ગયું, સૂર્ય પણ સાવ ઢંકાઈ ગયો. ચોમેર અંધારું ઘોર થઈ ગયું.

સૂર્ય અસ્ત થઈ ગયાની કલ્પનાથી યુદ્ધવિરામ જાહેર કરવામાં આવ્યો. જયદ્રથ મૂછે તાલ દેતો છાવણીમાં ગયો. અર્જૂને અગ્નિપ્રવેશની તૈયારીઓ કરી. પોતાના પ્રિયતમ. ગાંડીવ સાથે તે અગ્નિમાં પ્રવેશ કરવા સજ્જ બન્યો.

છાવણીમાં થોડો વિરામ લઈ જયદ્રથ વગેરે યોદ્ધાઓ, અર્જૂનનો અગ્નિપ્રવેશ જોવા માટે ચિતા પાસે આવ્યા. થોડેક દૂર ઊભા રહીને અર્જૂનની મશ્કરીઓ કરવા લાગ્યા. અર્જૂન બધું સાંભળતો રહ્યો. પણ હવે તેની સામે કોઈ ઉપાય ન હતો; સિવાય અગ્નિપ્રવેશ.

જ્યાં અર્જૂન અગ્નિપ્રવેશ કરવાની તૈયારી કરે છે, ત્યાં જ થોડાક સમય પૂર્વે સુદર્શન ચક્રની ગતિ સ્થગિત કરી હોવાથી આકાશમાં પથરાયેલી ધૂળ વિખરાવા લાગી. એકાએક સૂર્યનાં દર્શન થયાં.

અને...શ્રીકૃષ્ણે મોટેથી રાડ પાડી. "અર્જુન ! ઓ, અર્જુન ! હજી તો આકાશમાં સૂર્ય છે માટે યુદ્ધવિરામ થઈ શકે જ નહિ. ઉઠાવ, ઝટ ઉઠાવ તારું ગાંડીવ, પણછ ઉપર ચડાવ બાણ ! જો પેલો ઊભો જયદ્રથ !"

આ શબ્દ સાંભળતાં જ જયદ્રથ શ્રીકૃષ્ણનો ભેદ પામી ગયો. જીવ લઈને દોડવા લાગ્યો. પણ અફસોસ ! હવે તે મોડો પડી ગયો; શ્રીકૃષ્ણના યુદ્ધ–વ્યૂહના સાણસામાં તે આબાદ આવી ગયો હતો. અર્જુને પણછ ઉપર બાણ ચડાવીને જયદ્રથનું નિશાન તાક્યું. સનનન કરતું બાણ ધસ્યું અને...જયદ્રથનું ધડ ઉપરથી માથું ઊડી ગયું. પાંડવપક્ષના સૈન્યે અર્જુનનો વિજયનાદ લલકાર્યો.

"પુણ્યને પાપ સાથે લડાવી મારો." આ છે; આધુનિક કાળની 'લડાવી મારવાની' બ્રિટિશ પોલિસી.

બેશક; પાપ એ પણ મળ છે અને પુણ્ય એ પણ મળ છે. મળ તો બન્ને ય છે; પરંતુ પુણ્ય એ કાચો મળ છે; પાપ એ પાકી ગયેલો મળ છે. પાકી ગયેલા મળને દૂર કરવો જ રહ્યો પણ કાચો મળ એ માટે આવશ્યક છે. પાકા મળને દૂર કરવાનું એ કાચો મળ જ બળ જરૂર છે. એ કાચો મળ પણ નીકળી જાય તો માનવ પોતાનું અસ્તિત્વ જ ગુમાવી બેસે.

[illegible] કાઢવા માટે તો પુણ્યની શક્તિની જરૂર પડે જ. એ તો [illegible] જ કરી શકે. [illegible]
[illegible]

બાદ પુણ્ય તો આમમેળે ચાલી જશે; પેટના મળને કાઢી નાંખતું દિવેલ, આપોઆપ નીકળી જાય છે તેમ.

અથવા તો લાકડાને બાળી નાંખીને અગ્નિ આપોઆપ શાન્ત થઈ જાય છે તેમ.

એટલે પુણ્યને કાઢવાની ચિંતા કરવાની કોઈ જરૂર રહેતી નથી.

જેમ પુણ્યથી દુઃખ જાય; પાપવાસનાઓ જાય તેમ ધર્મસંસ્કૃતિ અને શાસન ઉપરનાં આક્રમણો પણ ગેબી રીતે હટી જાય.

જે કાંઈ આફત છે તે બધી જ પુણ્યહીન સંઘ કે સંસ્થા ઉપર જ હોય ને ?

નબળી ગાય ઉપર જ બગાઈઓ ઘણી બેસે ને ?

શાસનરક્ષા વગેરે પર સંબંધિત પ્રવૃત્તિઓમાં પુણ્ય-તત્ત્વ વિના તો ચાલી શકે જ નહિ, તે પુણ્ય પણ પ્રચંડ વિશુદ્ધ અને ઉગ્ર હોવું જોઈએ.

તેના પુણ્યના ઉદય વિનાની વ્યક્તિ કે સંઘ શાસનાદિની રક્ષા કરવા જાય તો પરાજયાદિનાં ભારે જોખમો જ ઊભાં થાય.

ઈશની શરણાગતિ-નિષ્કામ, અનન્ય અને ઉત્કૃષ્ટ શરણાગતિ જ આવા પુણ્યનું ઉત્પાદન કરી શકે.



[૮]

શરણાગતિની અનેક રીતો છે. સ્તુતિઓ, સ્તોત્રો, સ્તવનો અને પદો દ્વારા પરમાત્મામાં એકાકાર થવારૂપે; નામજપ રૂપ, લોગસ્સ (ચતુર્વિંશતિસ્તવ)ના કાયોત્સર્ગ રૂપે પણ તે શરણાગતિ પામી શકાય.

પણ તેથીય સુંદર શરણાગતિ તો પરમાત્માના અપાયાપગમાતિશય, પૂજાતિશય, જ્ઞાનાતિશય અને વચનાતિશય–સ્વરૂપ ચાર મૂળ અતિશયોની અવસ્થામાં વિરાજમાન તીર્થંકરદેવનું—આર્હન્ત્યનું—ધ્યાન ધરવા રૂપ છે.

તે પછી વિશ્વમાત્ર ઉપર કરુણા વરસાવવાના કારણે જ જેમને તીર્થંકરપદની પ્રાપ્તિ થઈ છે; અને તેથી જ જે ચ્યવન, જન્મ, દીક્ષા અને કૈવલ્યના પાંચ કલ્યાણકો ઉજવાયા છે તે પાંચેય કલ્યાણકોની ધન્યાતિધન્ય સ્થિતિઓનું ધ્યાન ધરવારૂપ શરણાગતિ આવે. તેમાંય ખાસ કરીને ઇન્દ્રનો નમુત્થુણં સ્તોત્રનો પાઠ, જન્માભિષેક ક્રિયા, ઇન્દ્રની ભક્તિ, લોકાન્તિક દેવોનું આગમન, વર્ષીદાનો-દ્ઘોષણા, દીક્ષાપ્રસંગ, ' કરેમિ સવ્વં સાવજ્જં ' સૂત્રોચ્ચાર,

અનેકો ઉપર કરુણા વરસાવતા, ચિત્તની પ્રસન્નતાથી ઓળઘોળ બનેલા સાધક ભગવાનનું દર્શન, કૈવલ્યની પ્રાપ્તિ, સમવસરણ, દેશના, દેવોની વિવિધ સેવા, અષ્ટ પ્રાતિહાર્યો, નવ સુવર્ણકમલો ઉપર પ્રભુના પડતા ચરણો, ચોત્રીશેય અતિશયો, ગણધર પદવીદાન, શાસન-સ્થાપના, ચતુર્વિધ સંઘ, યોગનિરોધ અને સિદ્ધશિલા રૂપ ભગવાન...વગેરે વિપુલ પુણ્યજનની અવસ્થાઓને ધ્યાનમાં ખાસ લાવવી. આ ધ્યાનરૂપ શરણાગતિ પ્રચંડ, વિશુદ્ધ અને ઉગ્ર પુણ્યની જનની અચૂક બને છે.

ભક્તિના બે મોટા લાભો :

મોક્ષલક્ષી સાધનાના પથ ઉપર સાધકને જેટલી અનુભવીઓની આર્ષવાણી વધુ મળે તેટલી તેની સાધના-યાત્રામાં સફળતા વહેલી મળે. આ પંથ જ એવો છે કે જેમાં ભોમીઆની તો અનિવાર્ય જરૂર.

વર્તમાનકાલીન જગતની સ્થિતિ ગમે તેવી વિષમ હશે પણ સાધકોની દુનિયાની તો આજે ય સ્થિતિ ઘણી બહેતર છે એમ કહી શકાય; કેમકે એમને વિકાસની ઘણી બધી સામગ્રીઓ ગ્રંથો વગેરેના રૂપમાં આજે પણ ઉપલબ્ધ છે.

શું પહેલું ? અને શું છેલ્લું ? અંતિમ લક્ષ શું ? અને લક્ષને આંબવા માટે આરંભ ક્યાંથી ? આ બે પ્રશ્નો તો ખૂબ જ મહત્ત્વના હોય છે. આપણે જવાનું છે ક્યાં ? અને ત્યાં જવા માટે આપણે શરૂઆત ક્યાંથી કરવાની ?

એ બે પ્રશ્નોના સાચા ઉકેલ જેને મળી જાય એ સાધકને જો ગુરુકૃપા પ્રાપ્ત થઈ હોય તો નાની-મોટી અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરતાં આઝી મુશ્કેલી પડતી નથી.

મહોપાધ્યાય ન્યાયવિશારદ સાધક-શિરોમણિ શ્રી યશોવિજયજી મહારાજાએ વિરાગ, ભક્તિ અને સમાધિની સમજણ અને તેનાં સ્થાનો ખૂબ જ સરસ રીતે [વૈરાગ્ય કલ્પલતામાં] જણાવ્યાં છે. જગતથી વૈરાગ્ય પામી ગએલા આત્માના જીવનમાં ક્યારેક એવી આધ્યાત્મિક મંદીના કડાકા બોલાઈ જવા હોય છે કે મોટા રૂસ્તમોના જીવનમાં પણ ઘણું મોટું દેવાળું નીકળી જતું હોય છે.

બેશક એના વિરાગમાં જ ખામી હશે એમ કહી શકાય. પણ ક્યારેક તો પરિપક્વ વિરાગવાળા આત્માનો સંન્યાસ પણ હાલમડોલમ થવા લાગે છે; અસ્તિત્વનો જીવલેણ જંગ ખેલવા લાગે છે. આવા સમયે એને જો ઉગરી જવાનો કે જીવનને પાછું સમતોલ બનાવી દેવાનો માર્ગ કોઈ ન દેખાડે તો એ આત્મા નિશ્ચિતપણે ઊથલી પડે.

મહોપાધ્યાયજીએ વિરક્તિને ટકાવી દેવા ભક્તિ —પરમાત્મરતિ—તરફ આગળી ચીંધી છે.

અનાદિકાળથી જીવ રતિને તો શોધતો જ રહ્યો છે. અને એ રતિ એટલે કામની જ રતિ એણે પકડી છે. જડ પદાર્થો પ્રત્યેની એ રતિએ જ એના સુખ અને શાન્તિનું રમણભમણ કરી નાંખ્યું છે.

નસીબવંતા આત્માઓને આ સત્ય જ્યારે સમજાય છે ત્યારે તેઓ તે જડ રતિનો ત્યાગ કરીને સંસારથી વિરક્ત બને છે.

પણ તેમના જ જીવનમાં જ્યારે એ વિરાગ નબળો પડવા લાગે છે ત્યારે તેમને ફરી રતિની ઓથ લેવી જ પડે છે. મહોપાધ્યાયજી કહે છે કે એ રતિ પેલી જડ રતિ તો ન જ હોવી જોઈએ. જેની ઉલટી કરી નાખી છે એને તો મરણાન્તે પણ ન જ ચટાય પરંતુ બીજી એક રતિ છે; જેનું નામ છે. ઈશરતિ... તેની ઓથ તો લેવી જ રહી. આ ઈશરતિનું જ બીજું નામ છે ઈશભક્તિ.

આ ઈશભક્તિથી જે આનંદ અથવા તો જે મસ્તીની ચિત્તમાં જમાવટ થાય છે તે જ પેલા નબળા પડેલા વિરાગને ફરી પાછો સરખો બનાવી દે છે.

આંતરશત્રુઓના સંગ્રામમાં પરાજય થતો લાગે, વિરાગ ધરતી પગ નીચેથી સરકતી લાગે ત્યારે ઈશભક્તિનું આલંબન તરત જ લઈ લેવું જોઈએ, વિરાગને ફરી મજબૂત બનાવી દેવા માટે ઈશભક્તિ સિવાય તપ, સ્વાધ્યાય, ત્યાગ વગેરે જે કોઈ ઉપાયો અજમાવાશે તે બધા સફળતા વરવા માટેની પાકી ખાત્રી આપવા માટે સમર્થ તો નહિ જ હોય. હા, ભક્તિમાં તો પાકી ખાતરી છે.

ઈશ્વરનો સાચો ભક્ત સંસારથી મહદંશે વિરક્ત હોય જ; બને જ, રહે જ.

ત્યારે જ્યારે વિરક્તિનું બળ તૂટતું લાગે ત્યારે ભક્તિનાં જોર લગાવી દઈને તેને તૂટતું અટકાવી દેવું જોઈએ.

સાધનાના ક્ષેત્રમાં એ પછી પણ એક સમસ્યા ઊભી થાય છે. સવાલ એ છે કે વિરક્તિ તો ભક્તિથી ટકી જાય પણ ભક્તિ પોતે શેનાથી સ્થિર બને? જો ભક્તિ જ નબળી પડી જાય તો?

આ સમસ્યાનો ખૂબ સુંદર ઉકેલ તે સાધક મહાત્માએ આપણને બનાવ્યો છે. તેમણે કહ્યું છે કે ભક્તિનું પુરુષવંતુ અસ્તિત્વ, જાજરમાન વ્યક્તિત્વ અને સર્વવ્યાપક પ્રભુત્વ ચિત્તસમાધિ હાંસલ કરવાથી થાય છે.

જેના ચિત્તમાં અપાર સમાધિ છે; જે કાળઝાળ દુઃખે ય અદીન છે; જે ચઢીના સુખે ય અલીન છે એવો આત્મા સમાધિસ્થ કહેવાય જેને દુઃખસુખનાં દંદોમાં ચિત્તનું આપમેળે સમાધાન કરી લેતાં આવડી જાય એ પ્રાથમિક દશાનો સમાધિસ્થ યોગી કહેવાય; પછી તે ગૃહસ્થ કાં ન હોય! આ સમાધિ પ્રગતિ કરતી કરતી ચિત્તની વીતરાગપ્રાયઃ દશાને અનુભવવા લાગે છે.

આવી સમાધિ જેને લાગી ગઈ તે આત્માની ઈશભક્તિ કદી નંદવાની નથી અને એવા એ ઈશના ભક્તની વિરક્તિ કદી નબળી પડવાની પણ નથી.

સાધકશિરોમણિની ત્રણ તત્ત્વોની આ યોજના સાચે જ પ્રાથમિક કક્ષાના ધર્મસાધકોને માટે તો મૂંઝવણોના સમયમાં 'માસ્ટર–કી'ની ગરજ સારે તેવી છે.

કેટલાક આત્માઓ સંન્યાસ લેતાં તો લઈ લે છે પણ સંન્યાસના સ્વીકારના પ્રથમ દિવસે જે ઝળહળતો વિરાગ તેમના રૂવાંડે રૂવાંડે દશ્યમાન થાય છે તે ધીમે ધીમે ક્યારેક કોઈકને ઓસરવા પણ લાગે છે; ક્યારેક તો વળતા જ દિવસથી વિરાગનાં વળતાં પાણી થઈ જતાં દેખાય છે. આવા આત્માઓમાં જે ભવભીરુ હોય છે; ખૂબ કુલીન હોય છે તેમને પોતાની સ્થિતિનું પ.રાવાર દુઃખ પણ થતું હોય છે પણ કમનસીબે તેમને કોઈ રાહબર મળતો નથી. એવા સમયે તેમના નિષ્ક્રિય, બેચેન, બેકાર બની ગએલા જીવન ઉપર ફીટકાર નહિ સરસાવવો જોઈએ. ડામ લાગે તેવા કડક શબ્દોથી તેના જીવનની આલોચના નહિ કરવી જોઈએ. બલ્કે વધુ જોરદાર વાત્સલ્ય આપીને તેને ઈશભક્તિનો અત્યુત્તમ રાહ દેખાડવો જોઈએ. જો એક વાર વાત્સલ્યના પ્રાગટ્ય દ્વારા એ આત્માનું જીવન ઓથ, સંગાથ કે સ્નેહથી ભર્યુંભર્યું બનાવી દેવાય અને તેની સાથે જ ઈશભક્તિના વિવિધ રસમય ઉપાયોમાં એને જોડી દેવાય તો વિરક્તિમાં સ્થિર થઈ જાય. અને જો એની ઈશભક્તિ વાસ્તવિક હશે તો તો તેના જ દ્વારા સમાધિ લાગી જતાં પણ વાર નહિ લાગે.

ભક્તિનાં મૂલ્ય ઘણાં ઊંચાં છે. વિરક્તિ અને સમાધિની વચમાં રહેલી ભક્તિ, પોતાના દ્વારા વિરક્તિને ટકાવી દે છે અને સમાધિને જન્માવી દે છે. માટે તો ભક્તિને પાણીની ઉપમા કોકે આપી છે ને? સ્વાધ્યાય, તપ, ત્યાગ તો સાબુ, અરીઠા કે ખાર જેવાં...પાણીનો સહકાર મેળવ્યા વિના મેલ તો ન કાઢે પણ ઉપરથી ચામડી છોલી નાંખે જ્યારે પાણી તો એકલું ય મેલ ધોઈ નાંખે.

● ● ●

પણ...મારું જ જીવન કેટલું બધું કાજળકાળું દેખાય છે!
આમાં હું મારી શુદ્ધિ કરું કે જગતની!
અશુદ્ધ શું બીજાને શુદ્ધ કરી શકશે?
અરક્ષિત બીજાની શું રક્ષા કરશે?
રસોડાના મસોતા કરતાં ય કાળું મારું જીવન!
મારા ભૂતકાળના કાજળકાળા કાર્ય તરફ જોતાં મારા મોંમાંથી ચીસ નીકળી જાય છે! હાય! જીવનની બરબાદી!
ના...શાસનરક્ષા કે સર્વરક્ષા કરતાં પહેલાં મારે સ્વરક્ષા જ કરી લેવી પડશે. એ વિના હવે પળ માટે ય જંપીને હું બેસી નહિ શકું.

શૌર્ય : શુદ્ધિ : શક્તિ

[૯]

કુશલાનુબંધી [પુણ્યાનુબંધી] પુણ્ય દ્વારા તે આત્માઓમાં વિશિષ્ટ કોટિનું શૌર્ય અને વિશિષ્ટ કોટિની શુદ્ધિનો પ્રાદુર્ભાવ થઈ જાય છે. આ શૌર્ય અને શુદ્ધિમાંથી જ સહજ શક્તિનો વિસ્ફોટ થાય છે. એ શક્તિ જ સહજ રીતે આસપાસ ચોપાસ એવું વ્યાપક વર્તુળ બનાવતી જતી જાય છે કે સર્વત્ર નિર્મલીકરણ થતું જાય છે; પુણ્ય-વૃદ્ધિ થતી જાય છે; એ વાયુમંડળના વ્યાપમાં આવતા આત્માઓના પ્રદેશે પ્રદેશે ઓજ અને તેજ પ્રસરતાં જાય છે.

એવી એકાદ વ્યક્તિનું અસ્તિત્વ જ શુદ્ધિ અને પુણ્યવૃદ્ધિનું કાર્ય કરતું રહે છે. આવા આત્માઓ જ સાચા સંતો કહેવાય છે.

એમના પ્રભાવે ધરતી ઉપર સુખ અને શાન્તિ ફેલાય છે; સહુના ચિત્તમાં નિર્મળતા અને પ્રસન્નતા ઉદ્દભવવા લાગે છે. દુષ્ટોની દુષ્ટતા નબળી પડે છે; સજ્જનોનું સત્ વૃદ્ધિ પામતું જાય છે.

જ્યારે જ્યારે આવા સંતો આ ધરતી ઉપર થયા છે ત્યારે કુદરતમાં, રાષ્ટ્રમાં, સંઘમાં કે સંઘની કામગીરી-ઓમાં એમના પુણ્યપ્રભાવથી અંધાધૂંધી, અરાજકતા, અવ્યવસ્થા કે કોઈ હલબલ ઊઠી નથી. પ્રજામાં પણ

આગાઢ અપવાદો સિવાય વાસના કે દુઃખોનો ઉદ્રેક થયો નથી. આવું બધું ત્યારે જ બન્યું છે; જ્યારે આવાં પુણ્યશક્તિનાં કેન્દ્રો નબળાં પડ્યાં છે.

ડિઝન નામના વૈજ્ઞાનિકે જેમ કહ્યું છે કે, "પૃથ્વીમાં રહેલો મૅગ્નેટિક ફોર્સ જ્યારે નબળો પડે છે ત્યારે જ સૂર્ય પોતે પોતાની માઝા મૂકીને ધરતી ઉપર આગ વરસાવે છે." આ જ વાત અહીં પણ લગાવી શકાય કે જ્યારે 'મૅગ્નેટિક ફોર્સ' જેવી સંતસંસ્થાનું સત્ નબળું પડે છે ત્યારે જ પ્રજામાં, કુદરતમાં, સંઘમાં અનેક પ્રકારની આગ પેદા થઈ જાય છે.

આવા સંતો અને એવા સંતોના ચરણે જ સદૈવ રહેતા સજ્જનો [સુશ્રાવકો અને સુશ્રાવિકાઓ]થી જ આ ધરતી ટકી રહી છે. ખરેખર તેમને આપણે ધરતીના આધારભૂત શેષનાગની ઉપમા આપીએ તો તે જરાય અનુચિત નથી.

એમના પુણ્યપ્રભાવે જ સહુનાં પુણ્ય જાગે છે એક વૈદ્યની જોરદાર જશરેખાના કારણે દર્દીને પણ શાતા-વેદનીયનો ઉદય થઈ જાય છે તેમ.

ગંગા નદીના સહેલાણીઓની હોડી જ્યારે વમળમાં ફસાઈ ગઈ ત્યારે, "કોના પાપે આમ બન્યું?" તે જાણવા માટે બીજી હોડીમાં એક પછી એક સહેલાણીનું સ્થળાન્તર કરવામાં આવ્યું. તેમાં જ્યારે અમુક સહેલાણીને મોકલવામાં આવ્યો કે તરત જ વમળમાં ફસાએલી હોડી ઊગરી ગઈ. બાકીના તમામ સહેલાણીઓ ડૂબી ગયા!

કેમકે એકના પુણ્યે જ સહુનું પુણ્ય જાગતું હતું અને જીવન ટકાવી રાખતું હતું. એ જતાં જ સહુ ડૂબી ગયા!

એક પુણ્યશાલીનો જન્મ થતાં જ બારવર્ષી દુકાળ પણ સ્થગિત થઈ ગયો હતો.

સૂક્ષ્મના બળનું મૂળ ઉદ્‌ગમસ્થાન ઈશની શરણાગતિ.

એ શરણાગતિનો 'બાઈ-પ્રોડક્ટ' [આડકતરો ઉત્પાદ] પુણ્ય-તત્ત્વ. એ પુણ્યતત્ત્વથી જંગના ત્રણે ય મોરચામાં સાંપડે; જ્વલંત વિજય.

સૂક્ષ્મબળના સ્વામી; પુણ્યના ઉત્પાદક-કેન્દ્ર સ્વરક્ષાની સાધનામાં મેદાન મારી જાય તેમાં શી નવાઈ ?

આ સ્વરક્ષકો સર્વરક્ષા કરે તેમાં ય શી નવાઈ?

હા...સ્વરક્ષકો જ સર્વરક્ષા કરી શકે. શાસનરક્ષા, ધર્મરક્ષા, સંસ્કૃતિરક્ષા, પ્રજારક્ષા...બધું ય...તે જ કરી શકે.

બીજાનું તો અહીં કામ જ નહિ. જેની પાસે જરૂરી પુણ્યબળ-તે ય વિશુદ્ધ પુણ્યબળ-ન હોય તેણે શાસન-રક્ષાદિના જંગમાં ઝંપલાવવું નહિ. બહેતર છે કે તે આત્માઓ જિનાજ્ઞાપ્રતિબદ્ધ સ્વરક્ષાનું જ જીવન જીવે.

અનુચિત અને અનધિકૃત રીતે શાસનરક્ષાદિ કરવાના ઉત્સાહમાં આવી જઈને આપણે ઘણું નુકસાન વેઠ્યું છે. હવે વધુ નુકસાન પાલવે તેવું જ નથી. એગિંદિયા બેઇંદિયા કરતો સુંદર શ્રાવક; પુંજણી ફેરવતી શ્રાવિકા પણ સ્વરક્ષક બનવા દ્વારા આપણા શાસન-સંરક્ષકો બને છે.

●

સાચા શાસનસંરક્ષકો:

[૧૦]

ભૂતકાળમાં જે મહાપુરુષોએ શાસનરક્ષા કરી છે તેમણે સ્વરક્ષાને સ્થિર બનાવીને જ આ કાર્ય કર્યું હતું.

પરમેષ્ઠિ–ભક્તિ, શાસ્ત્રયુક્તતા, શાસ્ત્રાજ્ઞાપાલન અને દેવ–ગુરુ પારતંત્ર્યના મૂળભૂત ચાર પાયાઓ ઉપર જ એમનું જીવન હતું. એમાંના એકાદ પણ પાયાને જેમણે નબળો પડવા દીધો નથી તે મહાપુરુષો જ સ્વરક્ષાને હાંસલ કરી શક્યા છે.

શાસ્ત્રો અને ઇતિહાસના પાને એવા મહાન શાસન-પ્રભાવકોની અમરગાથાઓ કંડારાઈ છે.

કેટલાક પ્રસંગો જ અહીં આપણે જોઈશું.

પ્રભાવક આચાર્ય વાદિદેવસૂરિજી :

આબુના પહાડની તળેટીમાં મંડાર નામનું ગામ આવેલું છે. આજથી લગભગ બારસો વર્ષ પૂર્વે બની ગએલી આ ઘટના છે. મંડારમાં વીરનાગ નામે પોરવાળ રહેતો; એને જિનદેવી નામે પત્ની હતી અને નાનકડો એક દીકરો; નામે પૂર્ણચન્દ્ર હતો. ત્રણ માણસોનું આ કુટુંબ ધર્મશ્રદ્ધાથી સંપન્ન હતું. મુનિચન્દ્રસૂરિજી નામના જૈનાચાર્યને વીરનાગે પોતાના ગુરુ તરીકે

એક વખત એ પ્રદેશને કારમા દુષ્કાળે પોતાના ભરડામાં લીધો. અનેક સામાન્ય સુખી લોકો આજીવિકાનું સાધન મેળવવા માટે ત્યાંથી હિજરત કરવા લાગ્યા. વીરનાગને પણ ઘરવખરી વેચી નાંખીને ઉચાળા ભરી જવાની સ્થિતિ આવી લાગી.

ભાગ્ય જ્યાં દોરી જાય ત્યાં જવાનું હતું. ગુજરાતનાં નાનાં મોટાં ગામો પાર કરતાં કરતાં વીરનાગ ભરૂચ આવ્યો અને ત્યાં જ ઠરી–ઠામ થવાની તેને ઇચ્છા જાગી. નગરની દયાળુ પ્રજાએ તેને મામૂલી ટેકો કર્યો અને વીરનાગે મસાલાની ફેરી શરૂ કરી. વીરનાગને વારંવાર આવતી માંદગીના કારણે ધંધો બરાબર ન ચાલ્યો એટલે નાનકડા દીકરા પૂર્ણચન્દ્રને પણ મસાલાની ફેરીમાં જોડવો પડયો. બાપ–દીકરો–બન્ને ય જુદા જુદા ગામે જવા લાગ્યા અને પેટિયું પૂરવા લાગ્યા.

એક દિવસની વાત છે. આજે પૂર્ણચન્દ્ર ભરૂચમાં જ મસાલાનાં પડીકાં વેચવા નીકળ્યો હતો. પડીકાની ખાસ ખપત ન થઈ. સાચે જ એનું ભાગ્ય બે ડગલાં આગળ જ દોડતું હતું. બાપુજીની વિશેષ માંદગીના કારણે તેને વધુ નફો કરવો હતો પણ તે ય શું કરે?

છેવટે પૂર્ણચન્દ્ર એક સુખી જૈન શ્રીમંતને ઘેર ગયો. "કાકા! આજે મારો માલ તમે જરૂર લો... અને મને કાંઈક કમાવી આપો. ઘેર બાપુજી બિમાર છે એટલે મારે ધનની ખૂબ જરૂર છે." પૂર્ણચન્દ્રે આજીજીભર્યા અવાજે શેઠને કહ્યું.

શેઠ ઘરમાં પત્નીને પૂછવા ગયા. એ વખતે શેઠની હવેલીના આંગણામાં બેઠેલો બાળ પૂર્ણચન્દ્ર રમતે ચડયો. એક બાજુ કોલસા જેવી દેખાતી વસ્તુનો ઢગલો પડયો હતો. તેમાંથી એકેકો કટકો લઈને સામી બાજુમાં નાંખવા લાગ્યો. આઠ દસ કટકા નાંખ્યા ત્યાં કાકા આવ્યા. તેમની નજરે પેલા કટકા ચઢી ગયા કેમકે સૂર્યનાં કિરણોમાં તે સોનાના કટકા ઝગમગ થતા હતા.

શેઠ તો પાકા વાણીઆ હતા. તે સમજી ગયા કે પૂર્વજોના સમયનું શુદ્ધ સોનું મારા દુર્ભાગ્યે મને કાળું કોયલા જેવું લાગ્યું. ઢગલા રૂપે આજ સુધી આંગણામાં પડી રહ્યું. પણ આ કોઈ જબ્બર પુણ્યશાળી છોકરાનો હાથ અડતાં જ દરેક કટકો સ્પષ્ટ રીતે સુવર્ણ રૂપે દેખાવા લાગ્યો છે.

માલ ખરીદવાની ઉતાવળ કરતાં પૂર્ણચન્દ્ર પાસે પહેલાં તો શેઠે એ ઢગના બધા કટકા નંખાવ્યા. પછી તેનો માલ લેવાપૂર્વક તેને એક સુવર્ણ ખંડ ભેટ આપ્યો.

આ વાતને તો વાયુએ પોતાની બગલમાં ઉપાડી. આખા ગામમાં પૂર્ણચન્દ્રના ચમત્કારિક પુણ્યની વાત પ્રસરી ગઈ. વીરનાગના ગુરુ મુનિચન્દ્રસૂરિજીને જાણ થતાં આવું ઉત્તમ રત્ન તેમણે ધર્મશાસનને સોંપવા વીરનાગને પ્રેરણા કરી. વીરનાગે એક લાખેણો સુપુત્ર ગુરુના ચરણે ધરી દીધો. જૈનસંઘે પણ વીરનાગનું દારિદ્ર ફેડી નાંખ્યું.

હવે બાળ પૂર્ણચન્દ્ર રામચન્દ્રમુનિ બન્યા. થોડા સમયમાં સર્વશાસ્ત્રોના પારગામી બન્યા. સઘળા ય વાદીઓના વિજેતા બન્યા. એમની પ્રચંડ વાદશક્તિને કારણે દિગંબર આચાર્ય કુમુદચન્દે ઈર્ષ્યાથી પ્રેરાઈને એમને વાદનું આહ્‌વાન આપ્યું. રાજા સિદ્ધરાજની અધ્યક્ષતામાં બેયનો વાદ ચાલ્યો. અંતે વાદિદેવસૂરિજી [જેમનું પૂર્વે રામચન્દ્રમુનિ નામ હતું]એ દિગંબરાચાર્યને પરાજય આપ્યો. ગુજરાતનું ગૌરવ ગગનને આંબવા લાગ્યું. ખૂબ ભવ્ય વિજયયાત્રા નીકળી. વાદિદેવસૂરિજીના વિજયને કારણે રાજા સિદ્ધરાજનો પણ આનંદ ઉરમાં સમાતો ન હતો. તે પણ વિજયયાત્રામાં જોડાયા અને વાદિદેવસૂરિજી મહારાજાને પોતાનો ટેકો આપીને ચાલવા દ્વારા એમનું જાહેરમાં ભારે બહુમાન પ્રગટ કર્યું.

ગુરુભક્તોએ ત્રણ લાખ સોનામહોરો એ દિવસે ગરીબોને દાનમાં આપી.

સમગ્ર પાટણમાં જયજયકાર મચી ગયો. દિગંબરાચાર્ય કુમુદચન્દ્રનું કોઈ પણ જાતનું અપમાન ન થઈ જાય તેની પણ પૂરતી કાળજી આ જૈનાચાર્યે રાખી.

વાદના આરંભપૂર્વે જ સામા પક્ષમાં ધન વગેરેની લાંચ અપાઈ હતી; સગાવાદ અને લાગવગો કામે લગાડાયાં હતાં. 'આવું કાંઈક અમે પણ કરીએ' એવી આજ્ઞા મેળવવા માટે જ્યારે આ સૂરિદેવ પાસે તેમના ધનાઢ્ય ભક્તો ગયા હતા ત્યારે ખૂબ જ અસંદિગ્ધ શબ્દોમાં

તેમને જણાવ્યું હતું કે, "ધન કે લાગવગના અન્યાયી રસ્તાઓથી મળતા વિજય કરતાં તો મને પરાજય વધુ વહાલો છે. પુણ્યવાનો ! તમે જરાય ચિંતા ન કરો. દેવ-ગુરુકૃપા જ મને વિજય અપાવશે. તમે પણ જોજો કે દેવ-ગુરુની કૃપાનું કામણ કેવું અજબ-ગજબનું હોય છે !"

આવા હતા સુવિશુદ્ધ સૂક્ષ્મબળના સ્વામી આચાર્ય ભગવંત; વાદિદેવસૂરિજી !

જૈનાચાર્ય અભયદેવસૂરિજી :

એ હતા; આચાર્ય ભગવંતશ્રી જિનેશ્વરસૂરિજીના સુવિનીત શિષ્ય.

ધારાનગરીના કોઈ ધનાઢ્ય જૈનના એ પુત્ર હતા. રૂપ, લાવણ્ય અને મેધા-ત્રણેયનો એનામાં સંગમ થયો હતો. તે પણ વિશિષ્ટ સ્વરૂપે.

ગુરુદેવની વૈરાગ્ય નીતરતી દેશના સાંભળીને એ નવયુવાને દીક્ષા લીધી. ગુરુભક્તિને પોતાના જીવનનો ગુરુમંત્ર બનાવીને તપ, જપ અને સ્વાધ્યાયની સાધનામાં પલાંઠી મારીને બેસી ગયા. પરિણામે; ખૂબ જ ટૂંકા સમયમાં બેજોડ વિદ્વાનોની હરોળમાં એ આવી ગયા. એમની વ્યાખ્યાન-શક્તિનાં તો દિગંતોમાં પણ વખાણ થવા લાગ્યાં.

અનેક મુનિઓને તેઓ પાઠ આપવા લાગ્યાં.

એક રાત્રિની વાત છે. પ્રતિક્રમણની ક્રિયા બાદ મુનિઓને તેઓ અજિત–શાન્તિસ્તવનો અર્થ સંભળાવતા હતા, તેમાં યોગનુયોગ શૃંગારરસનું વર્ણન કરવાનો પ્રસંગ આવ્યો. બાજુમાં જ અન્તઃપુર હતું. રાજરાણીઓ અને રાજકુમારી તેમાં હતાં. આ વાતનો વિશેષ ખ્યાલ ન રહ્યો અને મુનિવર અભયદેવે તો શૃંગારરસનું અદ્ભુત વર્ણન શરૂ કર્યું; તેની સાથે અદ્ભુત સુરોથી તે સ્તવ ગાયું. અન્તઃપુરમાં રહેલી રાજકુમારી એકદમ આકર્ષિત થઈને ઉપાશ્રયમાં જ આવીને બેસી ગઈ.

શૃંગારરસના અચ્છા જાણકાર એ મુનિવરને જ પોતાના ભાવી વર તરીકે તેણે મનથી માની લીધા. તેણીના આગમન આદિની ખબર પડતાં અભયદેવ મુનિ સફાળા સાવધ થઈ ગયા અને પછી તો કાયાના બિભત્સ-રસનું એવું વર્ણન કર્યું કે રાજકુમારી ત્યાંથી ઊઠીને ચાલી ગઈ! બલા ટળી ગયાનો સહુ મુનિઓને સંતોષ થયો. એક વાર વ્યાખ્યાનમાં વીરરસનું અભયદેવ મુનિએ એવું જોરદાર વર્ણન કર્યું કે ક્ષત્રિય શ્રોતાજનો તલવાર ખેંચી કાઢીને ત્યાં જ ઊભા થઈ ગયા!

આ બે ય પ્રસંગો બન્યાથી ગુરુદેવ ચિંતાતુર રહેતા હતા. તેમને આ મુનિના સંયમી જીવન ઉપર જોખમ તોળાતું દેખાતું હતું.

એક દી એમણે ઉરની આ વ્યથા શિષ્યને જણાવીને મેધા ઘટાડી નાંખવા માટે જુવાર અને દહીં સિવાય કશું જ ન લેવાની પ્રેરણા કરી.

અને બીજી જ પળે સુવિનીત શિષ્યે એ પ્રેરણાને આજીવન પ્રતિજ્ઞામાં પલટી નાંખી. ગુરુદેવને ખૂબ સંતોષ થયો. તેમને આચાર્યપદ ઉપર આરૂઢ કરવામાં આવ્યા.

થોડા સમય બાદ ગુરુદેવ દેવલોક થયા. આ બાજુ જુવાર અને દહીંના સેવનથી આચાર્યદેવ શ્રી અભયદેવસૂરિજીને આખા શરીરે કોઢ વ્યાપ્યો, એટલું જ નહિ પણ શારીરિક સ્થિતિ વિષમ અને બેચેનીભરી બનતી ચાલી.

એક દિવસ તેઓએ વિચાર્યું કે, જ્યારે કાયા કામ આપની જ નથી તો તેને ટકાવી રાખીને શું કરવું ? વૈદ્યો તો ઔષધ અને અન્ય વસ્તુઓનું સેવન કરવાનું કહે છે; જેથી આ રોગ શાન્ત થાય. પણ...મારી પ્રતિજ્ઞાનું શું ? ગુર્વાજ્ઞાનું શું ? આ બધા કરતાં તો અનશન કરીને દેહત્યાગ કરવો એ જ ઉચિત છે.

અંતે ખંભાતના અખાતને મળતી શેઢી નદીના કિનારે અનશન કરવા માટે જવા નીકળ્યા. ત્યાં પહોંચીને જ્યાં અનશનની પ્રતિજ્ઞા કરે છે ત્યાં જ દેવી પદ્માવતીજી પ્રગટ થયાં અને તેમને પ્રતિજ્ઞા કરતાં રોકીને કહ્યું, "સૂરિજી ! આ રીતે દેહત્યાગ ન કરો. તમારી તીક્ષ્ણ મેધાશક્તિ છે. પૂજ્ય શીલગુણસૂરિજી રચિત ૧૧ અંગોની ટીકામાં હાલ બે જ ઉપલબ્ધ છે; તમે રચો. જ્યાં ન સમજાય ત્યાં મારું સ્મરણ કરજો, હું તમારી મદદે આવીશ.

"પણ આ કાયિક તીવ્ર બેચેની મને ગ્રન્થરચના શે કરવા દેશે ?" આચાર્યદેવે પ્રશ્ન કર્યો.

દેવીએ કહ્યું, "એ ચિંતા તમે ન કરો. પરમાત્મા પાર્શ્વનાથના પ્રક્ષાલજલના છંટકાવથી તે બેચેની દૂર થઈ જશે. તમારે કોઈ ઔષધ કે અનુપાન લેવું ય નહિ પડે. ગુર્વાજ્ઞા અબાધિત રીતે સાચવવાની તમારી ભાવના જરા પણ ખંડિત નહિ થાય."

દેવી અન્તર્ધ્યાન થયાં. તેમના કહ્યા મુજબ જ બધું થયું. ગુર્વાજ્ઞાને અખંડિત રીતે પાળી શક્યાનો આનંદ અભયદેવસૂરિજીના ઉરમાં સમાતો ન હતો. પ્રચંડ મેધા-શક્તિનું વલોણું કરી દઈને તેમણે નવે ય અંગો ઉપર અદ્દભુત ટીકાઓ રચી.

જો તેમણે ગુર્વાજ્ઞાને અખંડિત રીતે પાળી ન હોત તો ? ટીકા-રચનાની તાકાત અને દેવ-સાન્નિધ્ય મળત જ ક્યાંથી ?

વજ્રસ્વામીજી અને જાવડશા :

જાવડશા એટલે; એમના સમયના ખૂબ જ શ્રીમંત અને ઉત્તમ કક્ષાના ધર્મીજન.

લક્ષ્મી અને ધર્મશ્રીએ જાણે કે એમના ઘરમાં સ્પર્ધા માંડી હતી.

એક વખત જાવડશાએ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનાં જિનાલયો વગેરેની જર્જરિત હાલત જોઈ પોતાના

જીવતાં જ પોતાનાં પરમાત્માનાં આલયો જર્જરિત બની રહ્યાં છે! પોતાની બેદરકારી ઉપર એમને ફીટકાર વછૂટી ગયો.

વિશેષ ઊંડા ઊતરતાં જાણવા મળ્યું કે–શત્રુંજય-તીર્થનો અધિષ્ઠાયક દેવ મિથ્યાદષ્ટિ બની જતાં તેણે જ તીર્થની દુર્દશા કરી હતી.

એ વખતના યુગપ્રધાન આચાર્ય શ્રી વજ્રસ્વામીજી આ વાતથી વાકેફ હતા; અને દુઃખી પણ હતા...પરન્તુ સંપત્તિના ભૌતિકબળની જોગ ન મળે ત્યાં સુધી એ મહાત્મા પોતે કાંઈ કરી શકતા ન હતા.

પણ એક દી અધ્યાત્મનું અને સંપત્તિનું–એ ય બળો ભેગાં થઈ ગયાં.

જાવડશા અને વજ્રસ્વામીજી શત્રુંજયના ઉદ્ધાર માટે કટિબદ્ધ બન્યા.

મંદિરો ઉપર ટાંકણાં લાગવા માંડ્યાં. પહાડ ઉપર જ નૂતન પ્રતિમાઓનું નિર્માણ થવા લાગ્યું. વર્ષોની જહેમતે પ્રતિમાઓ તૈયાર થઈ ગઈ. આવતી કાલે પ્રતિમાઓને મંદિરમાં પ્રવેશ કરવાની વિધિ છે.

અને...આ શું? સવારના પહોરમાં જ્યાં જાવડશા તળેટીથી પહાડ ઉપર ચડવા પગથીએ પગ મૂકે છે ત્યાં એ તમામ પ્રતિમાઓ પોતાના જ પગ આગળ ખંડિત થઈને પડેલી જોવા મળે છે.

જાવડને એક ક્ષણ તો વસમો આઘાત લાગ્યો. દુષ્ટ દેવનું આ તોફાન તેઓ સમજી ગયા.

જરા ય હિંમત હાર્યા વિના નવેસરથી પહાડ ઉપર પ્રતિમા-નિર્માણ શરૂ થયું.

પણ ફરી એ જ દશા...ફરી નવનિર્માણ...ફરી ખંડ-ખંડમાં ટુકડા...વીસ વીસ વાર આમ બન્યું. જાવડના માથે પળીઆં આવી ગયાં. મોં ઉપરની કરચલીઓની બારીમાંથી વાર્ધક્ય સ્પષ્ટપણે દેખાવા લાગ્યું.

એકવીસમી વખત એ બુઢાએ પુરૂષાર્થ આરંભ્યો. પ્રતિમાઓ તૈયાર થતાં જ એ દંપતીએ બધા પ્રતિમાજીને રથમાં બેસાડયા. રથનાં બે પૈડાં પાસે બેય પતિ-પત્ની સૂઈ ગયાં. દુષ્ટ દેવને આહ્વાન કરીને જણાવ્યું કે હવે અમારી ઉપર પૈડાં ચલાવીને જ આ પ્રતિમાઓ ભરેલા રથ આગળ હાંકજે."

અને...દેવે નમતું જોખ્યું, બત્રીસલક્ષણાનો ભોગ લેવા જેટલી ક્રૂરતા તે ન દાખવી શકયો.

શ્રી વજસ્વામીજીના શુભ હસ્તે જ રંગેચંગે સઘળું કાર્ય પાર ઊતરી ગયું. પ્રતિષ્ઠા પણ મંગળમય થઈ ગઈ. એ દિવસે જાવડશા અને તેમનાં પત્ની પ્રભુ-પ્રતિષ્ઠા કરીને ધજા ફરકાવવા શિખર ઉપર ચડયાં, કાર્યસિદ્ધિનો હર્ષાવેશ બેયના ઉરમાં સમાતો ન હતો. ધજા ફરકાવતાં જ હર્ષાવેશનો અતિરેક થયો અને ત્યાં જ શિખર ઉપર દંપતીનું હૃદય બંધ થતાં મૃત્યુ થઈ ગયું.

સર્વત્ર શોક છાઈ ગયો. સૌથી વધુ આઘાત

અને ઉત્કેરાટ વ્યાપ્યો હતો; જાવડના સૌથી મોટા પુત્રના અંતરમાં.

એણે કલ્પના કરી કે, "મુહૂર્ત અશુભ હોવાથી જ આ અમંગળ ઉદ્ભવ્યું છે. વજ્રસ્વામીજીની જ આ ભૂલ છે. ગુરુદેવની ઘણી સમજાતી છતાં પુત્રના મનને સમાધાન થયું નહિ. ત્યાં એકાએક આકાશમાંથી દેવ-દેવીનું યુગલ શત્રુંજયતીર્થે ઊતર્યું.

એ જ હતાં; જાવડશા અને તેમનાં પત્ની; મૃત્યુ પામીને બનેલા દેવાત્માઓ.

તેમણે સ્વ-પુત્રને કહ્યુ, "વત્સ! આવો ખેદ ન કર, અમે તો હર્ષાવેશમાં મૃત્યુ પામ્યાં છીએ અને ઉત્તમ એવી દેવગતિને વર્યાં છીએ. જિનશાસનનાં કાર્યો માનવની દશામાં મર્યાદિતપણે કરી શકતાં હતાં. હવે દેવ થઈને અનેક મહાન શાસનપ્રભાવક કાર્યોની મંગળમાળા સર્જીશું. તું જરા ય ચિંતા ન કર અને અનન્ય ઉપકારી આચાર્ય ભગવંતશ્રી વજ્રસ્વામીજીની ક્ષમા માંગીને એમનું શરણ સ્વીકાર—તારું શ્રેય સાધ."

પુત્રે આ વાતનો સ્વીકાર કર્યો. સર્વત્ર જયજયકાર મચી ગયો.

ઉદેપુરના મન્ત્રીશ્વર :

ઉદેપુરના એ મહારાજા હતા. એ ક્ષત્રિય હતા. માંસાહારી પણ હતા. એમણે એક સિંહને પાળ્યો હતો. એ સિંહ ઉપર એમની અપાર મમતા હતી. રોજ થોડો

સમય એની સાથે ગેલ કર્યા વિના એમને ચેન ન પડે. માંસ પણ જાતે જ ખવડાવતા.

આ સિંહનો વિયોગ અત્યંત આકારો થઈ પડવાને કારણે તો મહારાજા ખાસ કામ સિવાય બહારગામ જવાનું પસંદ જ કરતા નહિ.

પણ એક વખત એમને ન છૂટકે પંદર દિવસ સુધી બહારગામ જવાનું થયું. સિંહને મૂકીને જવાના વિચાર માત્રથી એમની આંખે આંસુ ઊભરાઈ જવા લાગ્યાં પણ બીજો કોઈ ઉપાય ન હતો.

પોતાના વિશ્વાસુ મન્ત્રીને બોલાવીને મહારાજાએ કહ્યું, "તમારા પુત્રની જેમ સિંહનું તમે લાલન–પાલન કરજો. એને લેશ પણ દુઃખ ન પડે તેની કાળજી કરજો. એનો પાલક એની બધી જરૂરિયાતોને જાણે છે. તમે તેની ઉપર સંપૂર્ણ દેખરેખ રાખજો."

મન્ત્રીએ મહારાજાની સત્તાને શિરસાવંદ્ય કરી. સિંહને ખૂબ જ વહાલ કરીને મહારાજા રથમાં ચડી ગયા.

મન્ત્રી ચુસ્ત જૈન હતા. પરમાત્માના એ અનન્ય ભક્ત હતા. ગરીબોના એ બેલી હતા. સાધર્મિકોના એ વત્સલપિતા જેવા હતા, પરનારીઓના સહોદર હતા. પ્રાણીમાત્રના એ મિત્ર હતા.

સંધ્યા નમતાં જ એમણે સિંહના પાલકને બોલાવ્યો. વાતચીતમાં એમને એ વાતનો ખ્યાલ આવ્યો કે સિંહનો

ખોરાક માત્ર માંસ છે. માંસ તેને આપવું જ પડે,-અન્યથા એ મરવાનું જ પસંદ કરે.

મન્ત્રીના હૈયે ફફડાટ પેદા થયો. શી રીતે આ ધર્મ-સંકટનું નિવારણ કરવું ? રે ! માંસ ખાવું ! એ જેમ પાપ જ છે, તેમ માંસ ખવડાવવું એ ય પાપ જ છે ! મન્ત્રીનું અંતર વારંવાર બોલતું હતું.

બીજા દિવસે સવારે માંસ ભરેલો થાળ મૂકવાને બદલે મન્ત્રીએ કઢાયા દૂધનું તપેલું અને બે મણ પુરીનો થાળ પિંજરામાં મુકાવ્યો.

ભોજન લેવા દોડી આવેલા સિંહે આમાં પોતાનું ઘોર અપમાન જોયું. એને વ્યક્ત કરવા જોરથી ચિચિયારીઓ પાડી.

મન્ત્રી ઠગી જવા માટે ધરાર લાચાર હતો. આખો દિવસ સિંહ ભૂખ્યો જ રહ્યો. ત્રણ દિવસનાં વહાણાં વાઈ ગયાં. ત્રણેય દિવસના સિંહે ઉપવાસ કર્યા.

મન્ત્રીના અંતરમાં વિચારોનું ભયંકર ઘમસાણ ચાલ્યું. સિંહ મરી જશે તો મહારાજાને કેટલો આઘાત લાગશે ? અને આઘાત મહારાજાનો ભોગ લેશે તો પ્રજાનું શું થશે ? તો... આપદ્ધર્મ તરીકે મોટા દોષના નિવારણ માટે માંસ ખવડાવવાનો નાનો દોષ ન સેવાય શું ? મન્ત્રીના મનમાં આ પ્રશ્ન ઘોળાતો રહ્યો પણ અંતે મંત્રીએ એક નિર્ણય ઝટઝટ કરી લીધો. સત્ત્વશીલ માણસ

માટે આપદ્ધર્મની વાતો શોભતી નથી. ચોથે દિવસે સવારે મન્ત્રીએ જાતે જ પિંજરનું બાર ખોલ્યું. અને પોતે જ સિંહની સામે ચાલી ગયા. જીવનનું આ એક અચરિજ હતું. સિંહ મૂઢ બનીને મન્ત્રીને જોતો રહ્યો. મન્ત્રીએ સિંહને કહ્યું, "માંસ વિના જો તારે ચાલે તેમ જ ન હોય તો અનશન ત્યાગ અને મને જ ખાઈ લે. આ સિવાય બીજો કોઈ વિકલ્પ મારી પાસે નથી." આટલું બોલીને મન્ત્રીએ અરિહંત પરમાત્માનું શરણ લીધું. અને...ડઘાઈ ગએલા સિંહે દૂધપાકમાં પોતાનું મોં નાંખી દીધું!

● ● ●

સ્વરક્ષાના ઉપાયો માત્ર બે છે.

યથાશક્યમાં–જિનાજ્ઞાનું વધુમાં વધુ શુદ્ધ પાલન.

અશક્ય અને દુઃશક્યમાં—પૂર્ણ સાપેક્ષભાવ.

અર્થાત્ અપાલનનું સતત દુઃખ.

જેણે સ્વરક્ષા હાંસલ કરવી હોય તેનાથી શાસ્ત્રનિરપેક્ષ રીતે. 'દેશ, કાળ, જમાનો' વિચારી પણ શકાશે નહિ.

ભક્તિભાવની ભારે ખુમારીથી જેણે શિરે ઉપાડી છે; જિનની સઘળી આજ્ઞાઓને; તે જ મહાત્મા સ્વરક્ષા કરી શકે. વંદન છે લાખ લાખ; તે વંદનીયને.

જરૂરી બે ગુણો!

[૧૧]

શાસનસંરક્ષક કેટલાક મહાપુરુષોના જીવન ઉપર આપણે નજર કરી. તેમના જીવનમાં શુદ્ધિ, સદ્બુદ્ધિ, ભક્તિ, મૈત્રી, ખુમારી વગેરે ગુણોનો કોઈ અનોખો ઝગમગાટ જોવા મળે છે. આવી જ કોઈ શાસનરક્ષા અને તે દ્વારા સર્વરક્ષા આપણે પણ સાધવી હોય એ રીતે આપણું પણ જીવન-સાફલ્ય મૃત્યુની સમાધિસ્થ પળોની પ્રાપ્તિ માટે—જો આપણે જોવા માંગતા હોઈએ તો ખાસ કરીને બે ગુણો તો આપણે આપણા જીવનનાં બધાં પાસાંઓમાંથી વ્યાપકરૂપે પ્રસરાવી દેવા પડશે.

(૧) આપણે લોકહેરીના ત્યાગી બનવું પડશે.

(૨) આપણે અભય બની રહેવું પડશે.

લોકહેરી અને જમાનાવાદ એક જ છે. જે રીતે વાયરો વાય તે રીતે વર્તવું એ સ્વરક્ષા, શાસનરક્ષા કે સર્વરક્ષા માટે અત્યંત જોખમી જીવન-પદ્ધતિ છે. આવા માણસો ખુશામતખોરી, ચમચાગીરી વગેરેમાંથી જ ઊંચા ન આવી શકે. આમ કરીને એમને પોતાનું સત્ત્વ અને વ્યક્તિત્વ બે ય ગુમાવવાં પડે.

સત્ત્વ અને વ્યક્તિત્વ વિનાના માણસોની કિંમત કેટલી! એ શું સ્વરક્ષા ય કરી શકવાના હતા!

રક્ષકોએ તો શાસ્ત્રચક્ષુ જ બનવું રહ્યું. હા; શાસ્ત્રોક્ત દેશ-કાળ પ્રમાણે તે વર્તે તેમાં કશું જ અનુચિત નથી પરંતુ સમય પ્રમાણે વર્તવાની વાતો તો સ્વપ્નમાં ય વિચારી શકાય નહિ.

સિદ્ધાન્તનિષ્ઠા એ તો રક્ષકોનો મહાપ્રાણ છે. એમના જીવનની કોક ક્ષન્તવ્ય શિથિલતાના દોષને પણ માફી આપી દેવાની તાકાત એમની ઝળહળતી સિદ્ધાન્તનિષ્ઠામાં છે.

જમાનાવાદના ધસી આવતા ભયાનક વંટોળને જોઈને જો રક્ષક ડગી જાય; એની સિદ્ધાન્તનિષ્ઠા હાલમડોલમ થઈ જાય તો એ વંટોળના વિનાશ કરતાં ય ઘણો મોટો વિનાશ ધર્મીઓના જગતમાં સર્જાય; રક્ષકના ગુણ-બાગમાં સર્જાઈ જાય.

સિદ્ધાન્તનિષ્ઠા તો મયણાસુંદરી જેવી હોવી જોઈએ; ગુર્જરેશ્વર કુમારપાળ જેવી હોવી જોઇએ.

ચાલતી ગાડીમાં બેસી જવાનું; ઊગતા દેખાતા સૂરજને પગે નાંખવાનું; કે ચાલુ પ્રવાહમાં ખેંચાતા રહેવાનું તો બધાયને ફાવે, પણ એમાં રક્ષા કોની થશે? સત્યને અવગણવાથી કે અંધકારમાં ધકેલી દેવાથી કદાચ લોકોની વાહવાહ મળી જશે પણ પરલોકાદિમાં તો તે દરેક વાહમાંથી ઊની ઊની વેદનાઓની આહ! ઉત્પન્ન થશે. આ ધંધો કોને પરવડે તેવો છે?

આપણને માન–સન્માન મળે છે કે નહિ તેની આપણે લગીરે પરવા ન કરો. રક્ષકો સ્વથી માંડીને સર્વની. રક્ષા જ કરવાને બંધાએલા છે. એણે તે માટે મોટા હાકોટાય પાડવા પડે; કોઈની નીંદરમાં ખલેલ પણ પાડવી પડે; અનેકોને કડવા ય થવું પડે. એને વળી માન–સન્માનની તો આશા જ શેની રાખવાની ?

જેમ વિદ્યાર્થીને અધ્યયનકાળમાં ભૌતિક સુખની આશા રાખવાની ન હોય; રણમેદાને જંગ લડતાં જવાનને કોઈ મોજ માણવાની આશા રાખવાની ન હોય તેમ રક્ષકોએ માન–સન્માનની ઈચ્છા પણ રાખવાની ન હોય.

કોઈના મોં સામે જ જોઈ ને બોલે તે રક્ષક નથી. રક્ષક તો શાસ્ત્ર સામે જ જોઈને બોલે; પછી પરિણામ ગમે તે આવે. લાખો જુઠાણાંઓ સામે સત્યવાદી તરીકે તે એકલો પડી જતો હોય તો પણ તેને કોઈ ચિંતા ન હોય, તે તો સદાનો 'અભય' જ બની રહ્યો હોય.

સત્યની જ્યોત તે જલતી જ રાખે. કદાચ તેમ કરવામાં મોતને ભેટાય તો ભેટી લે, પણ મૃત્યુની છેલ્લી પળોમાં ધરતી ઉપર પડી ગયેલા તેના હાથમાં સત્ય-સિદ્ધાન્તની મશાલ તો જલતી જ હોય.

પેલા રાજાની વાત મને યાદ આવે છે. જેને કોઈ દિલ્હીના ઠગે બરોબર છેતર્યો હતો. છ માસમાં દિવ્ય કાપડ બનાવી આપવાનું તેણે રાજાને વચન આપ્યું. તે કાપડ માટે તેણે છ માસના સમયમાં સાચાં મોતી, માણેક,

પન્ના વગેરે બહુમૂલ્ય ચીજો મેળવી અને ચોકીદારોને ફોડી નાંખીને ઘર ભેગી કરી. લાખો રૂપીઆનું આંધણ થઈ ગયા બાદ પણ તેણે કશું જ કર્યું નહિ.

એક દિવસ દિવ્ય વસ્ત્ર પહેરવા માટે રાજા અધીરો થયો ત્યારે તે વેપારીએ આઠ દિવસમાં દિવ્ય-વસ્ત્ર રાજ-સભામાં હાજર કરી દેવાની ખાત્રી આપી. પોતે જાતે જ તે વસ્ત્ર પહેરાવશે તેમ પણ કહ્યું. પણ છેલ્લે તેણે એક ગંભીર વાત કરી દીધીઃ કે તે વસ્ત્ર તેને જ દેખાશે, જેણે જીવનમાં કદી ચોરી નહિ કરી હોય.

છેવટે તે દિવસ આવી ગયો. રાજભવનમાં હજારો માણસોની ઠઠ જામી ગઈ હતી. વસ્ત્રપેટી લાવવામાં આવી. ખરેખર તેમાં કશું જ હતું નહિ. રાજાનાં મૂળ વસ્ત્રો તમામ ઉતારી નાંખવામાં આવ્યાં અને વેપારીએ દિવ્ય વસ્ત્ર પહેરાવવાનું શરૂ કર્યું. પહેરાવવાના માત્ર હાવભાવ સહુએ જોયા, પણ વસ્ત્ર તો કોઈને ન દેખાયું. રાજા પણ અકળાયો. કેમકે તે તદ્દન નગ્ન અવસ્થામાં હતો.

છેલ્લે વેપારીએ સહુને કહ્યું, "જેણે જીવનમાં કદી કોઈ ચોરી નહિ કરી હોય તેને જ આ દિવ્ય-વસ્ત્ર દેખાય છે; બોલો તમને બધાને તે દેખાય છે?"

ના કોણ કહે? ચોર કોણ સાબિત થાય? રાજા કે પ્રધાન પણ બિચારા આબાદ ફસાયા!

બધાએ હાજી હાજી કહ્યું. પછી તો વેપારીએ રાજા સાહેબને બાર ઘોડાની બગીમાં બેસાડ્યા અને નગરમાં

ફેરવવા લાગ્યો. લાખો લોકો નગ્ન રાજાને જોવા છતાં કોઈ 'ણક્' કરવા ય તૈયાર નથી. જે સાચું બોલે તે ચોર સાબિત થાય તેમ હતું.

પણ છેવટે એકાએક ભંડો ફૂટી ગયો. એ ટોળામાં કોઈ માણસ પોતાના દસ વર્ષના બાળકને લઈને ઊભો હતો. તે બાળક જોરથી બોલી ઊઠયો, "બાપા ! બાપા ! રાજા તો સાવ નગ્ન છે !"

રાજાએ આ શબ્દો સાંભળ્યા અને પોતાનો વહેમ પાકો થઈ ગયો. 'કાંઈક' બફાઈ ગયાની તેને ખાત્રી થઈ ગઈ. તરત જ બગી રાજભવન તરફ દોડાવી દીધી અને રાજા એકદમ મહેલમાં પેસી ગયો !

વેપારીને ફાંસીની સજા થઈ ! જે બાળક સહજ રીતે અભયને વર્યું હતું તે જ લોકોની 'હાજી હા'માં ન ફસાયું.

જે સ્વરક્ષક બનવાથી માંડીને સર્વરક્ષક બનવા માંગતા હશે તેમણે સત્યના—સિદ્ધાન્તના—પ્રતિપાદનમાં અભય બનવું જ જોઈશે. જો તે અભય રહેશે તો ઘણા—ભયભીતોને અભય બનાવી શકશે અને જો તે જ ક્યારેક લોકહેરીમાં તણાઈને યશ-કીર્તિ આદિ ગુમાવવાના ભયથી પરાજિત થઈ જશે તો ઘણાના જીવનને તે ભયમાં મૂકી દેશે.

જેણે સ્વરક્ષા કરવી હોય; એટલું જ નહિ પણ તે સ્વરક્ષાથી નીપજતા સૂક્ષ્મનાં અને પુણ્યનાં વિશુદ્ધ બળો પામીને જેણે શાસનરક્ષા, ધર્મરક્ષા સંસ્કૃતિરક્ષા–વગેરેના

મહાપુણ્યવંતા યજ્ઞોમાં પણ જોડાઈ જવું હોય તે સર્વહિતકામી, સર્વકરુણાના ધારક, વિશ્વમાત્રના ચાહક મહાત્માઓ તો લોકહેરીનો ત્યાગ કરવો જ પડશે અને અભયનું કવચ ચડાવવું જ પડશે.

અજૈન મહાભારતમાં કહેવાય છે કે ભીમ એક રાક્ષસને ખૂબ સતાવતો હતો. એક દી તે રાક્ષસ ભીમના ભયમાં અને ભયમાં જ મર્યો. કમનસીબે તે રાક્ષસના અસ્થિનાં જ પાસાં બન્યાં; અને તે પાસાંથી જ યુધિષ્ઠિર જુગારમાં રમવા બેઠા. જેવાં એ પાસાં ફેંકાય કે બાજુમાં બેઠેલો ભીમ સાથળ ઉપર જોરથી થપાટ મારીને બોલે, "એ પાસા પડયા પોબાર !"

ભીમના શબ્દો એટલી બધી પડકારની ભાષામાં નીકળતા કે રાક્ષસનાં હાડકાં ભૂતકાલીન ભયથી ધ્રૂજી ઊઠતાં અને પાસા સીધા પડવાને બદલે ભયના માર્યા ઊંધા જ પડી જતા. દરેક વખતે આમ જ બન્યું અને એથી યુધિષ્ઠિરનો ઘોર પરાજય થયો.

આ નાનકડા પ્રસંગની સૈદ્ધાન્તિક વિચારણા આપણે કરવી નથી. તેમાંથી માત્ર એક જ તાર ખેંચવો છે કે ભય પાસાને ઊંધા પાડે છે; ભયની સ્થિતિમાં પાસા કદી પોબાર પડતા નથી.

સ્વરક્ષકો આ વાતને ખૂબ ગંભીરતાથી વિચારે. જો તેઓ ભય ઉપર સ્વાર નહિ થઈ જાય અને ભય જ તેમની

સ્વરક્ષા, શાસનરક્ષા વગેરે બધું ય ખાડામાં જઈને પડશે, આવું કદી પણ થવા દેવાય નહિ.

રક્ષકો! જો તમારે અભય બની જવું હોય તો જમાનાવાદની હવાને ભૂલથી પણ સ્પર્શશો નહિ અને જમાનાવાદની હવાને સ્પર્શવું ન હોય તો અભય બનીને જ રહેજો.

જે અભય બની રહે છે તે જ બળવાન બને છે. ભયભીતમાં વળી બળ કેવું?

જો આપણે અભય બનીને પૂરા બળવાન બની જઈએ તો આપણી ઉપર કોઈનું આક્રમણ સંભવિત નથી; અને આક્રમણ આવી પડે તો તે સહજ રીતે કે ગેબી [illegible] હટી ગયા વિના રહેવાનું નથી.

પાપી તત્ત્વો કદી બળવાન હોઈ શકે નહિ [illegible] કદી વિજય સાંપડે નહિ. હા...જો ધર્મી [illegible] આધીન થઈને નબળાં પડી ગયાં હોય તો [illegible] ફાવી જાય.

દુષ્ટ તત્ત્વોનો વિજય તેમની બળ[illegible] પરન્તુ ધર્મીઓની નિર્બળતાથી જ થઈ [illegible]

સિંહ ઊંઘતો જ હોય તો ઉં[illegible] ઉપર કૂદાકૂદ કરી જાય. તેમાં નવાઈ [illegible] ઉંદરોને ભગાડી મૂકવા માટે તો સિં[illegible] પણ સળવળાટ બસ થઈ પડે છે!

નાદીરશાહ ! પરદેશી-સુલતાન ! ભારતના આર્યોની તાકાતથી એ ધ્રૂજતો હતો છતાં એણે ભારત ઉપર આક્રમણ કર્યું અને એના અપાર આશ્ચર્ય વચ્ચે વિજયનું જામફળ એના હાથમાં સહેલાઈથી આવીને પડી ગયું! દિલ્હીના બાદશાહે એનું શાહી સ્વાગત કર્યું.

નાદિરને પોતાના વિજયનું કારણ શોધવું હતું. ભોજન બાદ અતિથિગૃહમાં આરામ કરવાનો સમય થયો ત્યારે તેણે દિલ્હીના બાદશાહને જણાવ્યું કે, "હમણાં તો હું આરામ કરું છું, પણ કલાક બાદ તમારી બેગમોને મારી પાસે નૃત્ય કરવા મોકલજો." પરાજિત બાદશાહે એ વાત સ્વીકારી અને બેગમોને જણાવી દીધું.

આ બાજુ નાદિરશાહ પોતાનાં તમામ શસ્ત્રો છૂટાં કરી દઈને ખુલ્લાં મૂકીને સુવાનો ડોળ કરતો રહ્યો. થોડી જ વારમાં બેગમો આવવા લાગી અને ખૂણે ઊભી રહીને નાદિરને ખુશ કરી દેવાનાં સોણલાં સેવવા લાગી.

થોડાક સમય બાદ નાદિર ઊભો થઈ ગયો. તે બોલ્યો, "આટલાં બધાં શસ્ત્રો મારી ચોપાસ પડ્યાં હતાં છતાં એક પણ નારીને નિઃશસ્ત્ર એવા મારી કતલ કરી નાંખીને વેર વાળવાનો વિચાર પણ ન આવ્યો ! ! ! આશ્ચર્ય ! હવે મને સમજાઈ ગયું કે મારા વિજયનું મૂળ ભારતની પ્રજાની બેહદ નિર્માલ્યતામાં પડેલું છે; નહિ કે મારા બળમાં."

નાદિરના આ શબ્દો ખૂબ જ મહત્ત્વના છે. રક્ષકોએ જો સ્વથી માંડીને સર્વની રક્ષા માટે કટિબદ્ધ બનવું જ હશે તો બધી નબળાઈઓ, ભયાદિની સંજ્ઞાઓને ખંખેરી નાંખવી પડશે.

આ પ્રકરણનો ઉપસંહાર શ્રીકૃષ્ણે અર્જુનને સંભળાવેલા શબ્દોને ટાંકવારૂપે જ કરું છું.

"હે અર્જુન! મનમાં નબળા વિચાર લાવ નહિ. એ નબળાઈઓને ફગાવીને ઊઠ; ઊભો થા. અફસોસ ન કર. તર્કની જાળમાં ફસાઈશ નહિ. વીરો અને વિદ્વાનો વીતી ગયેલી બાબતોનો, અને સિદ્ધિ ન જ મળી શકે તેવી બાબતોનો કદી ખેદ કરતા નથી."

● ● ●

જે કાળમાં ચતુર્વિધ સંઘમાં પોતપોતાની કક્ષાની જિનાજ્ઞાઓનું વધુમાં વધુ અને સુંદરમાં સુંદર પાલન થતું હતું તે કાળ શ્રીસંઘ અને સમગ્ર પ્રજા માટેનો ઉત્તમ કાળ બની રહ્યો હતો.

જે કાળમાં આ વિષયમાં શિથિલતા આવી તે કાળનો શ્રીસંઘ અને સમગ્ર પ્રજા આપત્તિઓનાં અડાબીડ જંગલોમાં ફસાઈને ભયાનક મુશ્કેલીઓમાં આવી પડી.

આ છે ઇતિહાસનું સ્પષ્ટ-દર્શન.

અને...છેલ્લે...

[૧૨]

ઓ જીવત્વ અને શિવત્વથી સર્વ જીવો સાથે સાધર્મ્ય ધરાવતા ધર્મીજનો !

કતલખાનાંઓમાં ચાલતી પશુઓની અઘોર કત્લેઆમ સમયની કારમી ચિચિયારીઓ તમને કાને સંભળાતી નથી ? એમની તીક્ષ્ણ વેદનાઓ તમારી આંખે ચઢી નથી ? ઢગલો થઈને ઢળી પડતી એ કાયાઓ તમારા ચિત્તપ્રદેશમાં ક્યારેય ઊપસી નથી ? હાય ! આ બધાને બચાવશે કોણ ? એમનો બેલી બનશે કોણ ?

નિર્દોષ બિચારા અનંત જીવો ! બટાટા, લીલ, ફૂગ વગેરેમાં બેઠા છે ! એમને શેકી, ભૂંજી, સૂકવીને ખાઈ જવામાં આવે છે ! રે ! આ બધાને બચાવશે કોણ ?

ઢોર-ઢાંખરની કેવી લાચાર, પરવશ અને બેચેન દુનિયા ! અનંતશક્તિના એ સ્વામીઓ ખાવા-પીવાનેય અશક્ત ! પૂર્ણ રીતે સ્વતન્ત્ર ! સંપૂર્ણપણે ગુલામ દશામાં !

નારકની ધરમીના છોરૂઓની તો શી કથા કરવી ? અનંત સુખના એ માલિકો ઉપર મહાદુઃખની તરવારો ફરી રહી છે. એમને ભડકે જલતી અગનજ્વાળાઓમાં ફેંકીને-જીવતા સળગાવાઈ રહ્યા છે ! 'નહિ મારવાની'

કરુણ કાકલુદીઓ તો અધમ દેવાત્માઓ લાત [illegible]
ઠુકરાવી રહ્યા છે. અરે! આમને કોક તો [illegible]!
સાચો રાહ સુઝાડો! જરૂર કરી નાખ્યાં છે તેમણે [illegible]!
પણ કોક તો દયા ગુજારો! તેમની કેવી કરુણ [illegible]
ધરતીએ જાણે સંભળાઈ રહી છે!

દેવાત્માઓ તરફ નજર કરો. ઈર્ષ્યા, અતૃપ્તિ [illegible]
મિથ્યાત્વના દાવાનળમાં અસંખ્ય દેવાત્માઓ [illegible]
ગયા છે!

દેવ-દેવીના ચ્યવનકાળની વિરહવ્યથા; [illegible]
વિરહના વિલાપ! હાય! સાંભળ્યા [illegible]
જ રહેવાને સર્જાયેલો આત્મા અતૃપ્તિનાં [illegible]
છે! પર ગુણને જોઈને પ્રમોદ કરવાને [illegible]
પામેલો આત્મા ઈર્ષ્યાથી બળી-જળીને [illegible]
છે! અરે, ઓ! આ દેવ થયા તો [illegible]
નીચે ઊતરી ગયા છે! એમને કોક [illegible]
સમજાવો. ઉન્માર્ગેથી પાછા વાળો! [illegible]
નથી તેમનાં પાપી પુણ્યોનું વિકરાળ [illegible]
આત્માઓને ઝડપીને ભરખી લેતું!

મર્ત્યલોકના માનવોની પણ [illegible]!
જેને પરમાત્માએ 'મહાન' કહ્યો [illegible]
ભૂલ્યો થઈને કેટલી હદ સુધી [illegible]!
એવા ધનાઢ્યોની આલમ તરફ [illegible]

વાસનાઓનાં સુખ કદી આરોગ્યાં જ ન હોય એ રી છપ્પનીઆના દુકાળીઆની જેમ ત્રાટકયા છે; વાસનાઓન સાધનો ઉપર ! અરે ! અરે ! એમને એટલું તો કહો આ બધાં મડદાં છે મડદાં ! એમની ઉપર જ્યાંક ઉડાવે તે તો ગીધડાં કહેવાય છે; ગીધડાં ! આનંદન શાશ્વત ઝરણાંના સ્વામીઓ ! તમારું તો આ સ્વપ્ના વસ્થાનું ય જીવન નથી !

ઓ ધર્માત્માઓ ! તમને તેવી હજારો સ્ત્રીઓ નથી દેખાતી; જે દારૂડીઆ કે ક્રોધી પતિના હાથે મૂઢ માર ખાતી હોય અને 'બચાવો બચાવો'ની ચીસો પાડતી હોય !

તમને એવી હજારો કન્યાઓ નથી દેખાતી ? જેનાં સૌભાગ્ય-કંકણ ટૂંકા જ સિમયમાં નંદવાઈ ગયાં હોય ! અને જેથી જે ખૂણે બેસીને રોયા જ કરતી હોય !

નબાપા બની જતાં બાળકો; સ્વપ્નમાં 'બાપા !' કહીને બૂમ પાડતાં હોય !

માતાથી વિખૂટાં પડેલાં સંતાનો ! મા...મા... કરતાં જ્યાં ત્યાં દોડતાં હોય !

ગરીબો ! બેકારો ! ત્યક્તાઓ ! વિધવાઓ ! યુદ્ધ-ભૂમિ ઉપર કપાતાં કલેવરો ! ઊડતાં ધડ-માથાંઓ ! વછૂટતી લોહીની પીચકારીઓ ! મડદાં ચૂંથતાં ગીધડાંઓ !

હૉસ્પિટલોના રોગીઓ ! મરણપથારીએ પડીને છેલ્લાં

ડચકાંઓની તીક્ષ્ણ વેદના ભોગવતા માનવો ! [illegible] પાછળ પાગલ બનીને જીવન ફેંકી દેતા [illegible] ! વિકારોના ઉદ્રેકને કારણે આંતર-રૂપ ગુમાવી [illegible] બની જતી રૂપગર્વિતાઓ ! મુનિ-જીવનથી જ્ઞ [illegible] ભોરિંગ કરતાં ય ભૂંડા ભોગના રસાસ્વાદ લેવા માટે [illegible] પ્રતિ ડગ ભરતા આત્માઓ !

હાય ! અનંત ચતુષ્ટયના સ્વામીઓનાં [illegible] પુણ્ય, બુદ્ધિ અને સમયના કેવા [illegible] છે ! દુઃખે અને પાપે !

ઓ ધર્મજનો ! જીવત્વના નાતે [illegible] બંધુઓ છે ! એમના કર્મજનિત ત્રાસ [illegible] તુને કોઈ સંવેદન ન થાય ? રે ! [illegible] હજારો મણ દેડકાં; લાખો ગાડરો [illegible] વાંદરાં, સસલાં અને કીડાઓ, લાખો [illegible] કત્લેઆમથી; ધનવાનોની આલમોમાં [illegible] પાપોથી થતી આત્મગુણોની [illegible] જીવનનાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન [illegible] થઈ જતી આત્મ-તત્ત્વની [illegible] વ્યથિત નથી બની શકતા ?

આખું વાયુમંડળ [illegible] અને ચિચિયારીઓથી ગગનમાં [illegible]

શું આ બધાની વચ્ચે [illegible] સુખ મળી જતું હોય [illegible]

શું તેવા સુખમાં આપણને આનંદ છે? અંજપો નથી? મજા છે? બેચેની નથી?

મારું શું? એ પછી વાત કરશું. આ બધાનું શું? એ વાત પહેલી કરવી પડશે.

જો આ સંવેદન આપણને હાડોહાડ લાગી જશે તો એ સર્વરક્ષા માટે આપણે એકદમ સજ્જ બની જઈશું. બધી જ શિથિલતાઓને ખંખેરી નાંખવા માટે કટિબદ્ધ બની જઈશું.

અને...પછી પરમાત્માએ ફરમાવેલી સર્વવિરતિ-ધર્મની; છેવટે દેશવિરતિધર્મની ઉત્તમોત્તમ સાધનાનાં સોપાનો ઉપર ક્રમશઃ ડગ માંડતા જઈશું.

સોક્રેટિસના તત્ત્વજ્ઞાનથી પ્રભાવિત થઈ જઇને મહાન્ કવિ ગણાતા પ્લેટોએ પોતાનો કાવ્યસંગ્રહ બાળી મૂક્યો અને સોક્રેટિસનો શિષ્ય બનીને મોટો ફિલસૂફ બની ગયો.

પરમકૃપાલુ, પરમપિતા, ત્રિલોકગુરુ, તીર્થંકર પરમાત્માની સર્વરક્ષાની પરમ કરુણામાંથી પ્રગટી જતી સ્વરક્ષાની ફિલસૂફીથી આપણે પ્રભાવિત થયા નથી? જો પ્રભાવિત થયા હોઇએ તો એની ખાતર આપણી સઘળી એષણાઓ અને કામનાઓને સળગાવી દેવી જોઇએ.

જો હૈયે એ મહાકરુણાનું ગીત પ્રગટ થઈ જશે તો સર્વરક્ષાર્થ અનિવાર્ય અને આવશ્યક એવી સ્વરક્ષા માટે આપણે એકદમ તૈયાર થઈ શકશું. પછી સ્વરક્ષાનું એ જીવન ગમે તેટલું કઠોર કાં ન હોય?

સ્વરક્ષાનું વિશુદ્ધ જીવન જીવનાર એક પણ આત્મા આ ધરતી ઉપર હશે ત્યાં સુધી સૂર્ય પોતાની આગ ઓકી શકશે નહિ; સમુદ્રો માઝા મૂકી શકશે નહિ, પાપો પ્રજ્વળીને માનવપ્રજાનું આધ્યાત્મિક વ્યક્તિત્વ નષ્ટ કરી શકશે નહિ.

આ બધું ત્યારે જ બનશે; જ્યારે એક પણ આત્મા 'સ્વરક્ષા'ની સાધનાની વેદિકા ઉપર બેઠો નહિ હોય !

અહો ! અહો ! એક જ આત્માના સ્વરક્ષાજનિત-પુણ્યની પણ કેટલી તાકાત !

—કે ધરતીને ય ધીરજ રાખવી પડે !

—કે સૂરજને ય કાબૂમાં રહેવું પડે !

—કે સમંદરોને પણ મર્યાદી બનવું પડે !

—કે કાળાં પાપોને પણ ચૂપચાપ બેસી રહેવું પડે !

તો...આત્મવિશ્વાસ પ્રગટાવીએ સ્વરક્ષાના વિશુદ્ધ પુણ્યમાં એની સર્વરક્ષાસાધક શક્તિમાં.

કોઈ નબળા વિચાર કરે ના. જમાનાવાદનો અંધકાર બેશક વધુ ને વધુ ઘેરો બની રહ્યો છે અને જામો પાડી રહ્યો છે; પણ સબૂર ! સાથે સાથે ધર્મ અને પુણ્યના બળનો પ્રકાશ પણ વધી રહ્યો છે, તેજે અને ગાઢ બની જ રહ્યો છે.

અંધકારનું કામ અંધારું છે.

પ્રકાશે પણ એની કૂચ હવે આરંભી છે. ભસ્મગ્ર પણ ઊતર્યો છે, હતાશાને હાલ તો આવકાશ છે જ નહિ

પણ તે ધન્ય વાયુમંડળનું ગગનેથી અવતરણ કરાવવા માટે આપણે નિમિત્તભૂત તો બનવું જ પડશે કોઈ પણ વસ્તુ એકાએક આપમેળે તો ઊતરી પડતી નથી કે આવી જતી નથી.

એવું તો આપણું પુણ્ય જ ક્યાંથી કે ભસ્મગ્રહના વિદાયની વેળામાં આપણું જીવન હોય ! સંક્રાન્તિનાં એ વર્ષોમાં આપણી સાધના હોય ! ભાવીના પ્રકાશમય ભવ્ય ગગનમાં આપણો નિમિત્તભાવ હોય !

ચાલો, ચાલો, ત્યારે...ઊઠો...ઊભા થાઓ. ખૂબ પોરસ ચડે તેવી આ વિચારણા છે. હલદીઘાટીના યુદ્ધના વાતાવરણમાં રાણા પ્રતાપના અશ્વ ચેતકને ય પોરસ ચડી ગયું હતું અને પોતાના માલિકની ઇચ્છા મુજબ શત્રુ-સૈન્યમાં ધસી જઈને શત્રુ-રાજા માનસિંહના હાથીના પેટ ઉપર પોતાના પગ ટેકવી દઈને માલિકને શત્રુની અંબાડી સુધી પહોંચાડી દીધો હતો !

રે ! એ હાથીને ય ચેતક ઉપર ખુન્નસ ભરાઈ ગયું હતું, તેથી તેણે કોઈ સૈનિકની તલવાર સૂંઢથી આંચકી લઈને ચેતકના પગ ઉપર ઝીંકી લઈને તેને લંગડાતો કરી દીધો હતો !

ક્ષત્રિયોનાં પશુઓને ય રણમેદાનમાં પોરસ ચડે અને સર્વરક્ષાની સુંદર પ્રક્રિયા સાંભળ્યા બાદ આપણને સ્વરક્ષા સાધી લેવાનું પોરસ ન ચડે એ કેમ જ બને ?

રે! ભવાયા પણ ભવાઈમાં નાટકીઓ વેષ પહેરે છે તો ય તેવો જ ભાવ ભજવી જાય છે. સિંહ બનેલા ભવાયા મુખીએ; પોતાની પૂંછડી સાથે રમત કરતા છોકરાને ત્યાં ને ત્યાં જ ખતમ કરી નાંખ્યો હતો અને વળતે જ ટી સતીનો પાઠ લઈને ખરેખર ચિતામાં તે જીવતો બળી મૂવો હતો.

ઓહ! નકલી વેષ પણ અસલીનું કામ કરી જાય તો આપણે અસલી ધર્માત્માઓ સર્વજીવોની રક્ષા કાજે સ્વરક્ષાનો અસલી ધર્મ નહિ આરાધી શકીએ શું?

યાદ રાખો કે જિનશાસન સર્વના હિતનું સાધક શાસન છે. એને વરેલા આત્માને કોઈનું પણ અહિત જોયું જાય નહિ એટલે સર્વના હિતમાં પરિણામનું જે કોઈ પરિબળ હોય તેને પ્રાપ્ત કરી લેવા માટે મથ્યા વિના તે રહી શકે નહિ.

સર્વના હિતમાં; રાષ્ટ્રના હિતમાં; પ્રજા, સંસ્કૃતિ અને ધર્મના હિતમાં; જિનશાસનના હિતમાં જો સ્વરક્ષાની સાધના પરિણમનારી હોય તો તેને પ્રાપ્ત કરવા દિલ ઉછળે જ.

તે સ્વરક્ષાર્થ સૂક્ષ્મના બળનું સર્જન અને પુણ્યનું ઉત્પાદન જરૂરી હોય તો તેને પણ તે સાધે.

તે માટે પરમેષ્ઠિ–શરણાગતિ આવશ્યક હોય તો તેને અચૂક વરે.

સાધકો ! જુઓ, વિશ્વમાં સર્વત્ર ઘોર સંહારલીલા ચાલી રહી છે. નથી માત્ર; ભારતમાં.

કારણ કે સ્વરક્ષાના સાધકો અહીં જ છે. તેમના બળે જ સઘળી અંધાધૂંધીઓને 'રૂક-જાઓ'નો આદેશ આપેલો છે. જ્યાં સુધી એ બળ જીવંત અને વર્ધમાન રહેશે ત્યાં સુધી કશી આંચ નહિ આવે. એક મુનિનો કે એક સાધ્વીજીનો દશવિધ યતિધર્મનો સુવિશુદ્ધ આચાર પણ સઘળી આપત્તિઓને સ્થગિત કરી દેવાનું અપ્રતિહત સામર્થ્ય ધરાવે છે.

બસ ત્યારે; હવે તો સર્વરક્ષાની, સંસ્કૃતિરક્ષાની પરમેષ્ઠિ-શરણાગતિ દ્વારા સૂક્ષ્મનું બળ વધારીને સ્વરક્ષા કરો.

આ શરણાગતિનાં બે સ્વરૂપ છે. એક છે; વર્ણ-માતૃકાના ધ્યાનની ભૂમિકા સાથેની જપ, સ્તવ, વગેરે વિધિ-સ્વરૂપ અને બીજી છે; પરમેષ્ઠિની આજ્ઞાઓના યથાશક્ય પાલનસ્વરૂપ—આ આજ્ઞાપાલન એટલે શક્યનું પાલન; અને અશક્ય, દુઃશક્યનો જીવંત સાપેક્ષભાવ.

ઓ સુશ્રાવકો અને સુશ્રાવિકાઓ ! સ્વરક્ષાર્થે તમે સહુ સ્વદ્રવ્યથી; ઊછળતા ભાવોલ્લાસવાળી જિનપૂજામાં લાગી પડો.

ઓ; સાધકો ! શ્રમણો ! શ્રમણીઓ ! આપણે સહુ પરમાત્માની આજ્ઞાઓના સુવિશુદ્ધ પાલનમાં લાગી પડીએ.

વિશિષ્ટ કોટિની પરમાત્મા—ભક્તિ [illegible] નમાં બળ ઉત્પન્ન કરશે.

વિશિષ્ટ કોટિનું જિનાજ્ઞા-પાલન [illegible] જીવનની તાકાત બની જશે.

બે ય ભેગા મળીને શાસનરક્ષાથી [illegible] રક્ષા સુધીની તમામ રક્ષાઓનો યજ્ઞ [illegible]

જય હો; સર્વરક્ષેશ્વર જિનેશ્વર[illegible]!

જય હો; સ્વરક્ષાના આરાધક [illegible]!



હજુર ! કાર્યનો આરંભ તો પુણ્યનઃ [illegible] પણ કાર્યનો યશસ્વી અંત—કાર્યસિદ્ધિ—તે [illegible]

પુણ્યવાનો કાર્યારંભ કરી શકે, પણ [illegible] સફળ અંત લાવી શકે.

આપણે આરંભશૂરા ન બનવું હોય તે [illegible]
તે માટે : (૧) શાસ્ત્રશુદ્ધ આજ્ઞાઓનું [illegible]
(૨) અથવા છેવટે તે [illegible] શિર ઝુકાવીએ.



શ્રી [illegible]

[illegible]

.વરક્ષા કાજે છેવટે આટલું તો અવશ્ય કરો

પ્રતિજ્ઞા—પત્ર

૧. ઉદ્ભટ કપડાં પહેરવાં નહિ.
૨. બીડી, સિગારેટ, પાન, તમાકુ (માવો) લેવાં નહિ.
૩. સિનેમાનો સદંતર ત્યાગ કરવો.
૪. ઠંડા પીણાં, આઈસક્રીમ, બરફ તથા ફ્રીઝમાં મૂકેલી વસ્તુઓ લેવી નહિ.
૫. કામ કે ક્રોધ (વાસના) ઉત્પન્ન કરતી કોઈ પણ પ્રકારની કથાઓ ન વાંચવી.
૬. માતા–પિતાને હંમેશ પગે લાગવું તથા તેમનો અવિનય કરવો નહિ.
૭. દારૂ, માંસ, પરસ્ત્રીગમન, [પરપુરુષગમન] તથા પત્તાનો–કોઈ પણ જાતનો જુગાર–સેવવાં નહિ.
૮. નવકારશી કરવી.
૯. કંદમૂળનો ત્યાગ કરવો.
૧૦. રાત્રિભોજન–ત્યાગ.
૧૧. સ્વદ્રવ્યથી જિનપૂજા કરવી.
૧૨. રોજ અડધો કલાક સૂત્રો કંઠસ્થ કરવાં અથવા ધર્મ–વાંચન કે નવકાર મંત્રનો જાપ કરવો.
૧૩. મહિનામાં ઓછામાં ઓછાં ૨૦ સામાયિક કરવાં.
૧૪. દિવસના એક ટંકમાં એક લુખ્ખી રોટલી ખાવી અને તે વખતે આયંબિલના, તપસ્વીઓને ભાવભરી વંદના કરવી.
૧૫. [શાસન–સ્થાપના] દર સુદ અગિયારસના દિવસે ઘરમાં એક વ્યક્તિએ તો આયંબિલ કરવું.
૧૬. શાસન–રક્ષા નિમિત્તે દરરોજ ૧૨ લોગસ્સનો કાયોત્સર્ગ કરવો.
૧૭. મુખ્ય વ્યક્તિએ ઘરમાં ચારિત્ર્યનાં ઉપકરણો વસાવવાં.
૧૮. પાંચ કલ્યાણકની પાંચ માળા ગણવી.
૧૯. ચોખ્ખી આવકનો એક ટકો "શાસનરક્ષા"ના કાર્યમાં દર વરસે વાપરવો.
૨૦. સંઘના સાધારણ ખાતે દર વર્ષે આવકનો એક ટકો આપવો.

॥ જયતુ સદ્વિવપ્રસાદમ્ ॥

જિનશાસનરક્ષા કાજે જરૂરી સૂક્ષ્મના પ્રચંડ [illegible]



કાયોત્સર્ગની આરાધના

[નિત્ય કાયોત્સર્ગ કરવાની પ્રતિજ્ઞા કરીને [illegible]
જોડાવાથી પૂજ્યશ્રીની પ્રેરણા વગેરે લાભો [illegible]

એક સમય હતો; જ્યારે જિનશાસનનું અસ્તિત્વ [illegible] કોઈ સવાલ ન હતો. જરૂર; ક્યારેક વ્યક્તિત્વની [illegible] ખેલાતો પણ તે જંગમાં ભવ્ય બલિદાનોની [illegible] કંડારાતી અને તે જ્વલંત વિજયની [illegible]

આજે તો જિનશાસનના અસ્તિત્વને [illegible] પડકારાયું છે. તમામ મોક્ષલક્ષી ધર્મનું [illegible] પણ સંદિગ્ધતાના ત્રાજવે તોળાયું છે. [illegible] તે એ અસ્તિત્વ, વ્યક્તિત્વ અને [illegible] ત્રિપાંખીઓ જંગ છતાંય તે સંભવિત [illegible] હવે તો સૂક્ષ્મનાં વિરાટ અને વિશુદ્ધ [illegible] આપણું અનન્ય શરણ જણાય છે.

ખૂબ વિચારતાં એક જ ઉપાય જણાય [illegible] વિજયશ્રી વરવાનો...અને તે છે શ્રીજિન[illegible] સંકલ્પપૂર્વકનો લોગસ્સનો કાયોત્સર્ગ-[illegible] કાળમાં અનેક વખત આપત્તિઓના નિ[illegible] સંઘ કાયોત્સર્ગ કરીને જ્વલંત સફળતા [illegible] જો લાખો લોગસ્સના કાયોત્સર્ગનું [illegible] ઉત્પન્ન થશે તો ગમે તેવાં આક્રમણો [illegible] રહેશે. આથી પરમાત્મતત્ત્વ સાથે [illegible] તે ઉગ્ર ને વિશુદ્ધ પુણ્યનું પ્રચંડ ઉત્પાદ[illegible] રહેશે.

આજથી જ શરૂ કરો; ઓછામાં ઓછા ૧૨ લોગસ્સને કાયોત્સર્ગ. જોજો; ભાવી પેઢી આપણને અહંકારી, સ્વાર્થ શરા, સુખશીલ, ધર્મદ્રોહી અને નિર્માલ્ય જાહેર ન કરે-

⁂ પૂજનીય સાધુ, સાધ્વીજી ભગવંતો ! આપ પણ સહુ કાયોત્સર્ગ શરૂ કરો અને આપનું પણ 'કાયમ સરનામું 'અમને મોકલી આપો. ⁂ શ્રી સંઘમાં ઘેર ઘેર સૂક્ષ્મનું પ્રચંડ બળ ઉત્પન્ન કરતો 'કાયોત્સર્ગ' શરૂ કરાવો. અહીં લોગસ્સને બદલે નવકાર ગણી શકાશે નહીં. દરેક લોગસ્સ સાગરવર ગંભીરા સુધી ગણવો.

સંસ્કૃતિધામનાં કાર્યો :

- 'પ્રતિક્રાન્તિ' માસિક દ્વારા શિક્ષિત વર્ગને 'સત્ય' તરફ આંગળીચીંધણું.
- મંગલવર્ધની ગાડી દ્વારા શ્રી લલિતભાઈ ધામીની રાહબરી નીચે ભારતભરનાં ગામોમાં વર્ષમાં ૭ મહિનાનો પ્રવાસ કરીને ગ્રામજાગરણ, યુવાજાગરણ અને ધર્મજાગરણ.
- ભારતભરમાં વ્યાપક બનેલી હિંસા સામે વિરોધનું અહિંસક આંદોલન.
- ટપાલ દ્વારા તત્ત્વજ્ઞાન (પોસ્ટલ ટ્યુશન) યોજનાથી ઘેર બેઠાં તમામ જૈન ભાઈ-બેનોને તત્ત્વજ્ઞાનનું અધ્યયન અને તેની ૭ ૭ મહિને કસોટી.
- પૂજ્યશ્રી પાસે તાલીમ પામેલા યુવાનો દ્વારા કોડીબંધ નગરોમાં પર્યુષણ પર્વની આરાધના.
- કમલ પ્રકાશન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પૂજ્યશ્રીનાં પુસ્તકોનો પ્રચાર.
- માનવ-રાહત ટ્રસ્ટના અનુકંપા અને સાધર્મિક ભક્તિના ભારતવ્યાપી કાર્યને વિકસાવવા માટે બધી જાતનો સબળ સહકાર.
- જન્મદિન, લગ્નદિન, પ્રવાસદિન વગેરે પ્રસંગ માટે સુંદર સાહિત્યવાળા 'ગિફ્ટ-બોક્સ'ની વ્યવસ્થા.
- બૃહદ્ મુંબઈનાં તમામ ધાર્મિક આયોજનોમાં જરૂરી ધજાઓ, ઝંડાઓ, સુવાક્યોનાં બોર્ડ, તોરણો વગેરે અનેક વસ્તુઓની સકળ સંઘોને પ્રાપ્તિ.
- જાહેર સ્થળો ઉપર સેંકડો બ્લેક-બોર્ડ મુકાવીને તેના લેખન દ્વારા જનતામાં સંસ્કૃતિના આદર્શનું પ્રતિસ્થાપન.

તમામ જૈન ભાઈ, બેનો માટે ઘેર બેઠાં

ટપાલ દ્વારા તત્ત્વજ્ઞાન (માસિક)

સંકલનકર્તા : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી
સંપાદક : વિદ્યુત જ. ગાંધી

* ૧૫ ડિસેમ્બર '૭૯ થી આરંભ થઈ ગયો છે.

* ત્રણ વર્ષનો કોર્સ. * એકીસાથે લવાજમ રૂ. ૩૦ * દર ૭ મહિને પરીક્ષા. [મરજીઆત] ત્રણ વર્ષના અન્તે મહાપરીક્ષા [મરજીઆત] અને વિશિષ્ટ પ્રભાવનાઓ. * વિવિધ જ્ઞાન વિષયો [તત્ત્વજ્ઞાન, માર્ગાનુસારી જીવનના ૩૫ ગુણો, ઇતિહાસની ઝલકો, શ્રાવક-જીવન] સૂત્ર અને તેના અર્થ વગેરે.

જે "ટપાલ દ્વારા તત્ત્વજ્ઞાન" યોજનામાં અત્યાર સુધીમાં આશરે ત્રીસેક ઉપરાંત લવાજમો ભરાઈ ગયાં છે, તેનું ત્રીસ રૂપીઆ લવાજમ ક્યાં ભરશો?

મુંબઈ વર્ધમાન સંસ્કૃતિધામ ૬, ધન મેન્શન, ૧ લે માળે અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ મારવાડી વિદ્યાલયની બાજુની ગલીમાં, ઓપેરા હાઉસ, મુંબઈ-૪	અમદાવાદ જૈ. પ્ર. સંસ્કૃતિભવન ૨૭૭૭, નિશાપોળ રિલીફ રોડ, અમદાવાદ-૧
નવસારી ગમનભાઈ ચુનીલાલ ઝવેરી સોમાભાઈ ટેલરની ઉપર, મધુમતી, નવસારી.	સુરત સંસ્કૃતિભવન કૈલાસ-બજાર, પાંચમે માળે, ગોપીપુરા પોસ્ટ ઓફિસની બાજુમાં, સુરત.

આ અંગેનો તમામ પત્રવ્યવહાર માત્ર મુંબઈ કાર્યાલય સાથે કરવા વિનંતિ છે.

મુંબઈમાં ધાર્મિક કાર્યક્રમો દીપાવવા માટે મળો—



વર્ધમાન સંસ્કૃતિધામ

૬, ધન મેન્શન, ૧ લે માળે, મારવાડી વિદ્યાલયની બાજુની ગલીમાં, અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪

બૃહદ્ મુંબઈમાં કોઈ પણ ધાર્મિક પ્રસંગ માટે ધજાઓ, ઝંડાઓ, તોરણો, જાજમો, પ્લાસ્ટીકની ડીશો, સુવિચારનાં બેનરો વગેરે ઉપર્યુક્ત સ્થળેથી મળશે. આ શણગારથી આપનો ધાર્મિક પ્રસંગ અને બની જશે.



એક વાર સંસ્કૃતિધામની મુલાકાતે અવશ્ય પધારો.



તમારા કોઈ પણ પ્રસંગે 'બીજી ભેટો' આપવા કરતાં વર્ધમાન સંસ્કૃતિધામ તરફથી તૈયાર કરાએલા [મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીના સર્વોત્તમ પુસ્તકોના] 'ગિફ્ટ બોક્સ'ની જ ભેટ આપો. મૂલ્ય રૂ. : ૧૧, ૨૧, ૫૧, ૧૦૧, ૨૦૧, ૩૦૧.